મુંબાઈની શેઠાણી.

ભાગ પહેલો.

પ્રકાશક,
ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ,
પ્રોપ્રાઇટર ભારતવિધિ અને સરસ્વતી,
અમદાવાદ.

For Private circulation only.

મુંબાઈની શેઠાણી.

(ભાગ પ્હેલો.)

પ્રકાશક.

ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ,

પ્રયોજક, વાર્તાવારિધિ અને સરસ્વતી.

અમદાવાદ.

ઈ. સ. ૧૯૦૦. વિક્રમાર્ક ૧૯૫૬.

અમદાવાદ

શ્રી "મુદ્રણકલામંદિર" લિમિટેડમાં મુદ્રાંકિત.

સૂચન.

વાર્તાવારિધિ માસિકમાં એકવાર પ્રકાશ પામેલી સદહુ વાર્તાને કેટલાક મિત્રોના ખાસ આગ્રહથી પુનઃ પ્રકાશમાં મુકવા પ્રવૃત્તિ થઇ છે. આ આખ પુસ્તકનો પ્રથમજ ભાગ હોવાથી ખાસ મિત્રો માટેજ આ પ્રથમ ભાગની કેટલીક પ્રતિઓ પ્રસિદ્ધ કરેલી હોવાથી તેમ તેને માટે પ્રસ્તાવના કે ઉપોદ્‌ઘાત લખવાનું યોગ્ય ધાર્યું નથી. જ્યારે પુસ્તક પ્રજામાટે એક નિરાળા પુસ્તકરૂપે પ્રસિદ્ધિમાં મુકાશે ત્યારે તે સંબંધી યોગ્ય વ્યવસ્થા થશે.

પ્રકાશક.

૭૫૦૫

મુંબાઇની શેઠાણી.

પ્રકરણ ૧ લું.

યાત્રા—મેળો.

મુંબાઇ, ગુજરાતીઓનું વિલાસ નગર, હિંદનું નાક અને દુનિયાંના વેપારનું મથક, ખરેખર બ્રિટિશ કાળની, સુધારાની, ધનની, વિદ્યાની અને મોજશોખની એક અલૌકિક નગરી છે. મુંબાઇના વર્ણનઉપર આંગ્લભાષામાં બે ત્રણ પુસ્તકો રચાયાં છે એટલે અત્રે તેનું વિશેષ વર્ણન કરવાની અગત્ય નથી. વળી ઘણા જણે એ જાતે જોયેલું છે એટલે પણ વર્ણનની શી જરૂર છે?

આજ, આ વાર્તાનું બીજ નંખાય છે તે દિવસે શ્રાવણ વદ૦) છે. ગુજરાતમાં જેને મેળો કહીએ છીએ તેને મુંબાઇગરાઓ યાત્રા કહેછે. વાલકેશ્વરના સુરમ્ય પ્રદેશમાં આજે તે વાર્ષિકી યાત્રાનો દીવસ છે અને હજારો ગરીબ તથા તવંગર લોક એ ઉત્સવમાં ચાલ્યા જાય છે. એક તરફ નગર, એક તરફ સાગર અને એક તરફ તે બધાનું અવલોકન કરવા ઉભો હોય તેવો અને વનસ્પતીના ડુંગર જેવો વાલકેશ્વરનો અને બાબુલનાથનો ડુંગર જગતને હસાવે છે. યાત્રાની સહેલધા, ત્યાં વેચાતા વિવિધ જાતના માલ અને સાંજના વખતની રમણીયતા આ બધા વિચારોથી અનેક લોક વાલકેશ્વરને નગરની સાથે હારદોર કરી રહ્યા છે. ગરીબો પગે ચાલતા, શોખીન છત્રીને ફેરવતા અને મીત્રોની સાથે વાતો કરતા તથા ધનવાનો ગાડી ઘોડા ઉપર ચઢીને જાય છે. વસ્તુઓ લઇ પાછા ફરતા લોક અને પ્રસન્ન થયેલાં બાળક યાત્રાળુઓના આનંદનું કારણ થઈ રહેલાં છે, એવામાં તડકાનો રંગ બદલાયો, આથમતો સૂર્યનારાયણ પશ્ચિમ દિશાની પાણીથી ભરેલી વાદળીથી ઢંકાઇ ગયો અને પવનના સપાટાસાથે કલાકના હજારો માઇલની ઝડપે ચાલતી જળ ભરી વાદળીઓએ નભોમંડળને છાઇ દીધું. જતા આવતા લોક, આથી કંઇક ઉતાવળા ચાલ્યા અને જુવાનીઆ છેલ પુરૂષોએ કેપ્ટનની સોટી ફરતાં સૈનિકોની બંદુકો ઉંચી થાય તેમ છત્રીઓ ઉઘાડી દીધી. ચઢતી વાદળીએ જેટલું જોર બતાવ્યું તેટલું પાણી પડયું નહિ. પવનના જોરે વરસતી વાદળીઓ ખેંચાઇ ગઇ અને આછા વરસાદના

અને નવી ગ્રીવાયલી વનસ્પતિઉપર વનદેવીઓનાં ભૂષણ જેવી જળમુક્તાની આળો ગુંથી દીધી. થોડા પડેલા વરસાદે પણ પ્રારંભમાં દેખાડેલા જોરે યાત્રાજોનાર ગૃહસ્થોને ઘરતરફ પ્રેર્યા. સૂર્ય આથમી ગયો ને વાદળની સાથે સંધ્યાનું અંધારૂં થતાં વાલકેશ્વરના ઓળાવઉપરથી ગૃહસ્થોની ગાડીઓ એક એ તરફ ઉતરવા લાગી. દિશાના અંતમાં ઝીણી છતાં આંખનું તેજ હ-રી લે એવી વિજળીઓ થવા માંડી. પુનઃ વધારે વરસાદ થવાની ધાસ્તી લાગતાં પારસી, મુસલમાન તથા યુરોપિયન વગેરે લોકો—જેઓ પોતાની ગાડીઓને રસ્તાની કોરે ઉભી રખાવી છોકરાં તથા સ્ત્રીઓસાથે પગથીઉપર ફરતા હતા તેઓ પાછા ફરી ગાડીઓમાં જઇ બેઠા. યાત્રામાંથી આવતી મુંબાઇભરી શેઠાણીઓની ગાડીઓ અને ફરવા આવેલા શેઠસાહેબજાદાઓની ગાડીઓથી ચર્નીરોડના રેલવેક્રોસીંગસુધીનો માર્ગ ભરાઇ ગયો.

ગ્રાંટરોડઉપરથી છુટેલી લોકલ (આગગાડી) ચર્નીરોડ પહોચે ત્યાં સુધી દરવાજો બંધ કરવામાં આવ્યો અને મોટા વેગથી આવેલી ઘોડાગાડીઓ —'ઉતાવળા સો બાવરા' વાળી કહેતીની માફક ક્રોસીંગઆગળ ઉભી રહી. એક યુરોપિયન કોનસ્ટેબલ તેઓને ડાબી બાજુપર રાખવાની માથા ફોડ કરવા લાગ્યો, દરમિયાન ઘાટી પોલીસ અને સુરત તરફના તળાવીઆ નાતના ગાડીના વચ્ચે કંઇક સભ્ય—અસભ્ય બોલાચાલી થવા લાગી. સાહેબ લોકો ઉભા થઇ થઇને ટ્રેન ગઈ કે નહિ ? એમ જોવા લાગ્યા અને કેટલાક આકળા મનના, તથા ધનમદથી મસ્તથયેલા શેઠીઆઓના મનમાં તો એમ વિચાર થવા લાગ્યો કે—'બસ ! રેલવેવાળાઓએ આ ઠેકાણે ગાડીઓ ચાલી જાય એવો ઓવરબ્રિજ નાંખવો જોઈએ. ૪૦—૪૫ આવતી અને ૪૦—૪૫ જતી લોકલ ગાડીઓને લીધે સવારથી સાંજસુધીમાં લગભગ સો વખત દરવાજો બંધ થાય અને ઘેરથી ઉતાવળ કરી નિકળેલું, આ ઠેકાણે ખોટી થવામાં બરબાદ જાય. આ રાજ્યમાં વખતની કિમ્મત છે અને રેલવેવાળા તે કિમ્મત ન સમજે એ કેવું વિચિત્ર ! !'

'અરે ! નિરાશ થઇ અહીં થોભી રહેવું પડે છે, એટલુંજ નહિ પણ ઘણીવાર માણસો રેલવેતળે આવી જાય છે, કોઇ મરી જાય છે અને કોઇ જન્મારાસુધી અપંગ થઈ પડે છે એ શું ઓછું છે ? સરકારે તેઓને ફરજ પાડવી જોઈએ ?' એમ મિત્રો વા સાથે બેઠેલા સગા પેલાઓના કંટાળાનો લાભ લેઇ વાતને ખચિત કરવા લાગ્યા.

કોઈ ઘરડા વળી એમ પણ કહેવા લાગ્યા કે નહોય ? પાંચ મિનિટ ખોટી થવું પડે તેમાં શું ? આપણે ક્યારે કાગળ આપવાના છે ? વાલકેશ્વર રહેતા હાઇકોર્ટના જજોને બગાસાં મારતાં પાંચ દશ મિનિટ ગાડીના તકીયા ને દબાણવો પડે છે તો આપણે બહુ ?

ભણેલા નોકરીઆટ, વકીલો અને શેઠીઆઓની અકલામણ મનમાં અને વાતમાં હતી, ત્યારે કેટલાએક યુરોપિયન તો રાતાચોળ થઇ ગયા હતા. એક જુવાન સાહેબ જે કેટલીકવાર મુખ લાઇન સામુ જોઇ સીગારેટ પીતો અને કંટાળતો હતો તે તો ધાર્યા કરતાં વધારે વાર લાગતાં ગુસ્સાથી રાતો પિળો થઈ જઇ સીગારેટનું અરધુ બળેલું ખોખુ ગુસ્સામાંને ગુસ્સામાં કોચમેનના વાંસામાં મારી બોલ્યો કે—

‘ગદ્ધા ચલાવ’.

‘સાબ ! દરવાજો બંધ છે. કીધર ચલાના’

સાહેબ બેઠકઉપર ઉભો થયો અને ચાબુક લઇ ઘોડાને મારી. ગાડીને ઓળમાંથી બહાર કાઢી ચમકેલા ઘોડા તેને સપાટાબંધ દરવાજા પાસે લઇ આવ્યો. ગાડીના બારણામાંથી લોકો શું થાય છે તે જોવાને બહાર માથાં કાઢી રહ્યા. એટલામાં દરવાજો પકડીને ઉભેલા બિચારાએ ઉપર આવતા ઘોડાના મોંપર લાકડી મારી અને ઉંચુ જોઇ ઘોડો બે ડગલાં પાછો પડયો. ક્રોધના પલીતાથી [illegible] સાહેબ તુર્ત ચાબુક લઈ નીચે કુદી પડયો. દરવાજા વાળો બિચારો થથરી ગયો પણ યુરોપિયન કોન્સ્ટેબલ વચમાં પડયો અને ચાબુક ઝાલીલીધી. એક જાતના તેઓ ગરમાગરમી ઉપર આવી ગયા એટલામાં ટ્રેન આવીગઇ અને દરવાને દરવાજો ઉઘાડતાં ગાડીઓ એક પછી એક પુરપાટ ચાલી ગઇ, એટલે—‘ઓલરાઇટ, આઇ [illegible] સી.’ એમ કહી પેલા સાહેબ પોતાની ગાડી સઉની પાછળ હંકાવી નાઠો ગયો. ગાડીઓનો [illegible] ઓછો થઇ ગયો. અને માણસોનું પુર ચાલવા માંડયું.

મરીનલાઇનતરફથી અને વાલકેશ્વરતરફથી આવતાં માણસો નાના પ્રકારની વાતો કરતાં શાંત ખુશનુમાં દિલે ચાલ્યાં જતાં હતાં. ચારે તરફ ગ્યાસના સુશોભિત અને તેજસ્વી દીવાઓ પ્રકાશ પાડી રહ્યા હતા અને ફાનસોના કાચથી જણાય એવી ઝીણી ઝીણી ફરફર ચાલુ પડયે જતી હતી. જોનાર આ ઠેકાણે આખી દુનિયાંને જોઇ શકતા હતા. એશિયાના,

આફ્રિકાની અને યુરોપની સઘળી પ્રજાની પાઘડીઓ, ટોપીઓ, અને ફેંટા અહીં દેખાતા હતા. સહુ પોતપોતાના મનમાં મગ્ન થતાં જગતની લીલા જોતા ચાલ્યા જતા હતા, તેમાં ટાંકીઉપરથી ઉતરી આવેલા ત્રણ વિદ્યાર્થીઓનો વધારો થયો. એ ત્રણે જણે છત્રીઓ ઉઘાડેલી હતી અને ધીરે ધીરે અંગ્રેજી સંમિશ્ર ગુજરાતી ભાષામાં વાતો કરતા તેઓ ચર્નીરોડક્રૉસીંગતરફ જતા હતા.

તેઓ આગળ વધતા હતા અને સંધ્યાકાળ વીતી ગયો હતો. માર્ગઉપર કેટલેક અંતરે ક્વચિત્ ગાડીઓ આવતી જતી હતી અને માણસો આછાં આછાં કોઈ ઠેકાણે ફરતાં હતાં, રેતીના સુંદર મનોરમ્ય પુલિનની સામેની પથ્થરની બેઠકોઉપર કોઇ કોઇ ઠેકાણે જુવાન વિદ્યાર્થીઓ એક બીજાની છત્રીમાં ભરાઇ બેસી વાતો કરતા હતા, કોઈ બેઠકઉપર જુવાન પારસી છોકરીઓ વર મેળવવાની ગોઠવણો કરતી હતી અને કોઇ ઠેકાણે પવનને ફરુકે ઉડતા ભુરા સુનેરી વાળવાળી આંગ્લ કન્યાઓને કોર્ટ કરવાનું ચાલતું હતું, વાલકેશ્વરઉપરથી ઉતરી આવતા રેંકલાઓ વિમાનની ઉપમા પામતા હતા, તેમાં બેઠેલી મરૂ સ્ત્રીઓ રેંકલાના ખડખડાટ સાથે તીણા રાગથી કનૈયાનાં ગાન ગાતી હતી અને સાગરનો પવન તેમના રાગને વાયુ તરંગથી વધારે મધુર બનાવી, જતાં આવતાં અને બેઠેલાં માણસોને પ્રસન્ન કરતો હતો. પેલા વિદ્યાર્થીઓ અભ્યાસ સંબંધી વાત કરતા ક્વચિત સાગરની લીલા જોતા અને રહી રહીને આવતી મરૂ સ્ત્રીઓથી ભરેલી ગાડીઓના ગાનમાં મગ્ન થતા થતા લગભગ ક્રૉસીંગપાસે આવી પહોંચ્યા. વાંચક ? આ વખતે પણ દરવાજો બંધ હતો. કેટલાક પગે ચાલનારા ચાલી ગયા; પરંતુ પેલા વિદ્યાર્થીઓ ફેરપાસે ઉભા રહ્યા. જોખમમાં જવું ઠીક ન લાગ્યું. તેમના ઉભા રહ્યા પછી એક ફિરંગી જોડું આવ્યું અને તેમને અથડાઇ લાઇન ક્રૉસ કરી ચાલ્યું ગયું ત્યારે એક વિદ્યાર્થી બોલ્યો કે—‘ રસિકભાઇ ! તમે બહુ બીહોછો! જોયું, આ દંપતી કેવાં ચાલ્યાં ગયાં ! ગાડી હજુ દૂર છે. ’

‘ રસિકભાઈ–આશા ભર્યા છે, માનિતા લાડકા છે અને એકના એક છે એટલે જોખમમાં જતાં ડરે છે, તે યોગ્ય છે. ’

‘ તમારી બુદ્ધિ શું કહે છે તેનો વિચાર કરો. પછી મને આશાભર્યો લાડકો વગેરે આપ તેવાં વિશેષણ લગાડો. ’

'નહિ, ખરૂં છે. હું તો વિનોદ કરૂં છું.'

'ભલે તેમ કરવાનો તમને અધિકાર છે.'—

આ વિનોદને અંતે એક લેંડોગાડી દરવાજાનીનજીક પેલા વિદ્યાર્થીઓની ડાબીતરફ આવી ઉભી રહી. વિદ્યાર્થીઓતરફ ગાડીમાં બેઠેલાંની અને તેમની તરફ વિદ્યાર્થીઓની નજરો પડેલી એટલામાં વિસલ મારી ગાડી ચર્નીરોડઉપરથી ઉપડી અને ઘોડો ભડકી ઉભો થયો. વિદ્યાર્થીઓની તરફ ગાડી મરડાઇ અને ટ્રેન પસાર થતાં ઘોડાએ અવળા ફરી જઇ લેંડોને વિદ્યાર્થીઓતરફ હડસેલી દીધો. બે જણ ફેરમાં પેસી ગયા અને એક જણના પગનાં આગળાં કચરાઇ ગયાં. આગગાડી ચાલી ગઇ અને દરવાજો ઉઘડતાં ઘોડો ઠેકાણે આવ્યો. ગાડીમાંનાં બૈરાંએ પેલાનાં આંગળાં ચગદાતાં જોયાં પરંતુ જ્યાં સુધી તેમનો જીવ ઘોડાની મસ્તાઇને લીધે ઉંચો હતો ત્યાંસુધી પરદુઃખ જણાયું નહિ. રાવતે ઘોડાની લગામ ઝાલી દોર્યો એટલે એક—બાળકી—બોલી કે—'બા ! પેલા છોકરાને બિચારાને બહુ વાગ્યું છે.'

તેનાં વચન સાંભળી આધેડ ઉમ્મરની એક સ્ત્રી—પેલી કન્યાની માતા ગાડી ઉભી રખાવી પોતે નીચે ઉતરી પાસે ગઇ. મિત્રો તેને વિક્ટોરીઆ કરી ઘેર લઇ જવાની તજવીજ કરતા હતા એટલે તેણે કહ્યું કે–'શું કરવાને એમ કરો છો ! એમને હું મારી ગાડીમાં મારે ઘેર લઇ જાઉં છું. મારો દીકરો ડોકટર છે તે સારવાર કરશે. તમને હરકત ન હોય તો મારી ગાડીમાં બેસાડો'

મિત્રોને એ વાત વધારે યોગ્ય લાગી અને પેલાએ પણ તે સામે વાંધો લીધો નહિ. બે મિત્રોએ ઉપાડી તેને ગાડીમાં બેસાડયો અને–એક જુવાન સ્ત્રીએ તેમને કહ્યું કે—'હવે, જાવ, ચિંતા કરશો નહિ; મારા સસરાજીનું નામ રામચંદ્ર સદાશિવ છે અને ભૂલેશ્વરમાં અમારો પોતાનો માળો છે. તમારા મિત્રની ખબર કાઢવા આવવું હોય તો સુખેથી આવજો.'

'મેં એ માળો જોયો છે અને હું એમને નામે તથા દીઠે ઓળખું છું; માટે ખુશાથી જાવ' એમ પેલા વિદ્યાર્થીએ કહ્યું અને સપાટાબંધ ગાડી શહેરમાં ચાલી.

ગાડીની ઉત્તમ બેઠકતરફ રામચંદ્ર સદાશિવ શેઠનાં ધણીઆણી અને વિદ્યાર્થી બેઠાં અને સામી બેઠકઉપર ૧૭–૧૮ વર્ષની જુવાન

વહુ અને ૧૨-૧૩ વર્ષની છોકરી બેઠાં. ગાડી ચાલી અને શેઠાણીએ વાત છોડી.

‘અરરર ! લાયબળી. એવી અગન જેવી પીડા થાય છે કે મને બોલાતું પણ ગમતું નથી,

‘ઘેર જઈએ એટલી વાર છે. એક ક્ષણમાં મારો ચંદુલાલ તમને હસાવશે.’

‘તે દિવસે પેલા બિહારીલાલ ભૈયાને કેવું વાગ્યું હતું તોપણ ભાઈએ એને ટાઢક વળે એવા મલમથી પાટો બાંધી ઉધાડી દીધો હતો; નહિ બા?’

‘હા, તુરત આરામ થઈ જાય એવું ઔષધ લગાડશે.’

મા દિકરીએ વિદ્યાર્થીને દિલાસો મળે એવી વાતો કરી અને વિદ્યાર્થી તે સાંભળતાં કપડામાં મુખ રાખી વેદના સહી રહ્યો. ગાડી ભુલેશ્વરમાં એક મોટા માળાઆગળ આવી ઉભી રહી અને શેઠાણી બોલ્યાં કે—‘ગુલાબવહુ ! તમે ઉપર જઈ ભૈયાને મોકલો એટલે તે આમને સંભાળી ઉપર તેડી લાવે.’

ઘોડાવાળે બારણું ઉઘાડયું એટલે સઉ બહાર નિકળ્યાં અને ગુલાબવહુ સપાટાબંધ દાદર ઉપર ચઢી ગયાં. ભૈયાએ નીચે આવી વિદ્યાર્થીને જોયો અને અભ્યાસીના સુકલકડી શરીર ઉપર હસી શેઠાણીને કહ્યું કે—‘ઉઠા લઉં’ શેઠાણીએ ઉત્તર દીધો કે-‘જેમ એમને પીડા ન થાય એમ ઉપર લઈ આવ.’ હાથ ઝાલી ગાડીમાંથી ઉતારવાની અને દાદર ચઢાવવાની પંચાતીમાં પડવાનું ઠીક ન લાગવાથી ભૈયાએ વિદ્યાર્થીને ફુલની માફક ઉપાડી લીધો અને શેઠાણી તથા છોકરી ઉપર ગયાં. મોટા ભભકાદાર દીવાનખાનામાં એક સોફા ઉપર ભૈયાએ વિદ્યાર્થીને બેસાડયો એટલે શેઠાણીએ કહ્યું—‘ભાઈ તમારૂ નામ શું?’

‘મારૂ નામ કેશવચંદ્ર, અને હું આપની નાતનો છું. આપ મને નથી ઓળખતાં પરંતુ રામચંદ્ર શેઠને નામથી હું ઓળખું છું.’

ખરે મોટા માણસને સઉ ઓળખે છે પરંતુ તેઓ સઉને ઓળખતા નથી. નિશાળીઆ મહેતાજીને ઓળખે પણ મહેતાજી દરેક નિશાળીઆને ન ઓળખે એ સ્વાભાવિક છે.

‘ત્યારે તો તમે અમારા પરોણા. ભાઈ કેશવચંદ્ર ! અહીં જરા આડા

થાવ, હમણાં મારો ચંદુલાલ આવશે.'

'વારૂ તમે જાવ, હું અહીં સુતોછું. બહુ કાળજી કરવા જેવું નથી.'

કેશવચંદ્ર દિવાનખાનામાં સોફાઉપર સુતો અને શેઠાણી, નાની શેઠાણી તથા પેલી કન્યા વગેરે પોતપોતાના કામમાં પડયાં. 'આપણી નાતમાં આ એક દિવો છે, એના જેવો વૈભવ કોઇને ત્યાં નથી. જો કોઇપણ માણસની પાસે એ પૈસા હોય તો આમનીજ પાસે છે. અરે! કેળવણી અથવા સુધારો પણ આ ઘરમાંજ કે? નાતમાં એ કોની સાથે બેસે એમ છે? સઘળા ચિંથરે હાલ માણસો. કોઇ ખેડુત, કોઈ ભીખારી અને કોઇક જરા ઉચ્ચવૃત્તિવાળા પુરાણીઓ બાકી બીજા કોણ? જેવું ધન માન છે તેવીજ નાતમાં અલબત ખંભાતતરફ એમની પ્રતિષ્ઠા પણ સારી છે. ખેડા, અમદાવાદ તરફ એમને ઓળખનાર થોડા પણ સુરતમાં ઘણા. સુરતમાં કેટલાક સારા છે પણ ધન, કેળવણી અને સુધારારહિત. ગયે વરસે જ્યારે હું અહીં આવવા નીકળ્યો ત્યારે મી૦ પ્રાણશંકરે મને એમનું ઓળખાણ આપી અહીં ઉતરવાની ભલામણ કરી હતી પણ મને તે ઠીક લાગ્યું નહિ. એ પછી પેલી સભામાં મેં એમને ઓળખ્યા. આજ એમનો પ્રાહુણ થવાનો વખત આવ્યો. એમની રીતભાતનું અવલોકન કરવાનો ઠીક પ્રસંગ મળશે, પણ નહિ. એમની રીતભાતની હું શી પરીક્ષા કરનારછું. કયાં રાજા ભોજ ને કયાં ગાંગો તેલી. ધનમદ તો હશે, જો તે ન હોયતો દેવ જેવાં ગણવાં જોઇએ.' આ રીતે જેના મકાનમાં કેશવચંદ્ર હતો તેના સંબંધી વિચાર કરતાં કરતાં તેને સહજ નિદ્રા આવી. દુઃખની પીડાથી કંટાળેલી આંખમાં ઘેન ભરાયું અને ખિન્ન જણાતા વદને તે સહેજ નિદ્રામાં પડયો.

કેશવચંદ્ર દિવાનખાનામાં આરામ લેતો રહ્યો અને શેઠાણી, તેમનાં સાસુ રામચંદ્ર શેઠની ઘરડી મા પાસે ગયાં. ડોશીએ નવા આવેલા માણસવિષે ખબર પુછી અને શેઠાણીએ જે થોડું ઘણું જાણ્યું હતું તે કહ્યું. ડોશી લગભગ એંશી ઉપરની હતી અને આખી નાતને ઓળખતી હતી. કેશવચંદ્રને તેણે આશરે ઓળખ્યો અને કહ્યું કે—' મોટી વહુ, એ જો –નો હોયતો તારે કામનો. મારા સાંભળવામાં આવેલું છે કે તેણી તરફનો એક જણ અહીંયાં ભણે છે. અમદાવાદથી નાશીક જવા માટે પેલે વર્ષે જે આવ્યાં હતાં તેમણે મને એ વિષે કહ્યું હતું. ગજરીનું ભાગ્ય મોટું છે અ-

ને જો એમજ હશે તો તારે નિરાંત થશે. હશે, આ વાત મનમાં રાખજે. હજી ચંદ્ વગેરે આવ્યા નથી. કેમ વાર થઈ !, 'જી જી ચંદુભાઇ આવ્યા,' એમ ગજરાએ ઓરડામાં પેસતાં કહ્યું અને ડોશીએ વાત બંધ કરી. શેઠાણી ઉઠયાં અને ચંદુલાલ ઉપર આવતાં કેશવચંદ્રવાળા બનાવની સઘળી હકીકત કહી. 'એમાં શું છે, આરામ થતાં વાર નહિ લાગે,' એમ કહી ચંદુલાલ આગળ થયા અને શેઠાણી તેણી પાછળ ચાલ્યાં. તેઓ દિવાનખાનામા દાખલ થતાં તેની સાથેજ ચંદુલાલના બુટને અવાજે કેશવચંદ્રના આંખ ઉઘડી ગઇ. ચંદુલાલે તેના સામું જોયું અને ઉભયનાં મુખઉપર સહજ હાસ્યતરી આવ્યું તથા નમસ્કાર થયા. ચંદુલાલ આવી તેની જોડે બેઠા અને શેઠાણીએ નીચે ગાલીચાઉપર બેસી કહ્યું કે—'આ ત્રણ આંગળીઓ કચરાઇ ગઇ છે.' 'હવે હું તેજ જોઉં છું' કહી ચંદુલાલે પોતાના ધંધાનુ કામ કરવાનો આરંભ કર્યો. પાણી મંગાવી પગને ધોવરાવી નાંખ્યો અને યોગ્ય ઔષધ લગાડી પાટો બાંધ્યો. શેઠાણીએ દયાની લાગણીસાથે એ બધી ક્રિયા જોયા કરી. પાટો બંધાઇ રહ્યા અને કેશવચંદ્રના મુખઉપરથી પીડાની અસર ઓછી જણાઇ. ચંદુલાલ ખુરસી ખેંચી લાવી સામે બેઠા અને દરદી સોફાને તકીએ મસ્તક ટેકાવી પડયો એટલે શેઠાણી બહાર ગયાં.

ચંદુલાલ અને કેશવચંદ્ર વચ્ચે વાત શરૂ થઇ. પ્રથમ ગુજરાતીમાં અને પછી અંગરેજીમાં તેઓ ગપ્પો મારવા લાગ્યા. જેમ જેમ વાત થતી ગઇ તેમ તેમ ચંદુલાલના મનમાં કેશવચંદ્રની સેલ પડતી ગઇ. તેની વિદ્યાને માટે તે ચકિત થવા લાગ્યો. આગળ ચાલતાં તેણે કહ્યું કે—' ત્રણ વર્ષ ગયાં હું છેલ્લી પરીક્ષામાં બેસું છું. બે વરસ ફેઇલ થયા પછી આ વરસથી તો પ્રેક્ટીકલ અનુભવને માટે ઘરઆગળ કેટલાંક ઔષધ રાખી ઓળખીતાં પાળખીતાંની દવા કરવા માંડી છે, અને મને આ વખતના પેપરો જોઈ આશા બંધાઇ છે.' 'ઇશ્વર કરશે તો તમે પાસજ થશો. આવતી કાલે હું ભુલતો ન હોઉં તો તમારો રિઝલ્ટ આવવાનું સાંભળ્યું છે. આપણી નાતમાં તમે રત્ન છો અને ઇશ્વર તમનેજ પહેલા ગ્રેજ્યુએટનું માન આપશે,'

' વૈદ્યવિદ્યામાં પાસ થએલાઓને ગ્રેજ્યુએટ કહો તો ભલે પરંતુ હું તેથી વિદ્વાનનેયોગ્ય માન મળવાની મગરૂરી રાખવા ઇચ્છતો નથી. આર્ટ્સ લાઇનમાં બી. એ. થનારાઓજ વિદ્વાન ગ્રેજ્યુએટ, માન્યવર કહેવાય અને તે માન તમને મળશે.'

' હું મોટા માન્યને યોગ્ય થઇશ એમ કંઇ નથી. હું તો ઘણો મંદ વિદ્યાર્થી છું. મારા કરતાં બહુ શાર્પ સ્ટુડન્ટો છે. બીજી કંઇ અડચણ ન આવે તો ગ્રેજ્યુએટ થવાનો તો મારો નિશ્ચય છે અને હવે એક વર્ષ વચ્ચે આડું છે. સાંસારિક પ્રત્યવાય એટલામાં ન આવે તો બસ છે. '

' તમને સાંસારિક ખટપટ લાગી છે ? '

' નાં, ના. એવી તો નહિ; પણ મારા પિતાજી વૃદ્ધ છે અને એ પાકું પાન ક્યારે ખરી પડશે તે કંઈ નક્કી છે? એમ થાય તો અભ્યાસ મુકીને મારે ઘરની સંભાળ લેવી પડે. મી. ચંદુલાલ, જાણો છોની? આપણી નાતના લોક કેવી સ્થિતિમાં છે ?'

' તે મારા જાણવામાં છે. પરંતુ મારો એવો અભિપ્રાય છે કે ગરીબ છતાં ઘણાં કુટુંબો પોતાનાં બાળકને સારી કેળવણી આપવા ધારે તો આપી શકે ! '

' પરંતુ, તેઓ આ વિદ્યાથી અભડાય છે, એમની માગણ વિદ્યામાં હજી એમનાં પેટ ભરાય છે અને તેમાં તેઓ એવા પચી ગયેલા છે કે વિદ્યા ભણવી એજ તેમને રૂચતું નથી- '

તેમની આ વાતમાં ગજરીએ ભંગ પાડ્યો. તેણે આવી કહ્યું કે– ' ચંદુભાઇ ! રસોઇ થઇ છે. ' 'ચાલો. આવીએ બેન.' એમ કહી ચંદુ ખુરશી ઉપરથી ઉઠ્યો અને ગજરી ચાલી ગઇ.

'તમારાથી રસોડામાં અવાશે ?'

'હા, હવે મને ઠીક છે' કેશવચંદ્ર બેઠો થયો અને ચંદુનો હાથ પકડી રસોડામાં ગયો.

રસોડું નાનું નહોતું. ચાકરે બે પાટલા ગોઠવી જોડે જળપાત્ર મુક્યાં અને રસોઇઆએ રસોઇ તૈયાર કરેલી હોવા છતાં ગુલાબવહુ સોળુ પહેરી પીરસવા આવી. હાવકાઇથી તેણે ચટણી વગરે પીરસી અને ચાકરે અબોટિયાં આપ્યાં તે પહેરી બેઉ જુવાન જમવા બેઠા.

પુરૂષો અને રસોઇઆના વચ્ચે જરા દૂર એક પાટલા ઉપર ગુલાબવહુ સંકોરાઇને બેઠી અને વાત કરતાં પેલા જમવા લાગ્યા. થોડીવાર થઇ એટલે ચંદુલાલ બોલ્યો કે–' બાપાજી હજી નથી આવ્યા ?' શરમાતાં શરમાતાં ગુલાબે જવાબ આપ્યો કે–' અગીયાર વાગે ગયા ત્યારે દાદીમાને કહેતા ગયા છે કે આજે ડાયરેકટરોની સભા છે તેથી મને મોડું થશે. '

'હા, એતો હું ભુલીજ ગયો. કેશવચંદ્રનાં આજ તમે ગુન્હેગાર થયાં છો, તેમાં માન છો ?'

'ગુન્હેગાર તો ખરાંસ્તો. પોલીસમાં પકડાઇએ એવાં ગુન્હેગાર. એમની આંખમાંથી તો આંસુ નીકળી ગયાં.

કેશ૦ 'અકસ્માતમાં કોઇ ગુન્હેગાર ગણાય નહીં એમ કહોની.'

'એમ કેમ કહેવાય ? અમારી ગાડીથી વાગ્યું ને.'

ચંદુ૦–એમને ઓળખ્યા એતો વાણિયા છે.

ગુલા૦–જેવા તમે વાણિયા તેવા એ વાણિયા.

કેશવચંદ હસ્યો અને વરવહુનો વિનોદ પુરો થયો. બેઉજણ દિવાનખાનામાં આવ્યા. થોડીવાર વાત કરી અને ચંદુલાલ કેશવચંદ્રને સુવાબેસવાની રૂમનો ચાકર પાસે બંદોબસ્ત કરાવરાવી મેડીએ ગયો.

રસોડામાંથી ઉઠી ગુલાબવહુ સાસુ વડસાસુની મંડળીમાં ગઇ અને ત્યાં કેશવચંદ્ર સંબંધી વાતોના તડાકા ચાલ્યા. રામચંદ્રશેઠ આવ્યા નહોતા એટલે સઉ તેમની વાટ જોતાં બેઠાં હતાં. જમતી વખતે ગુલાબવહુએ કેશવચંદ્રની રીતભાતનું અવલોકન કરયું હતું. સાસુ વડસાસુ આગળ તેનાં વખાણ કરતાં તેણે કહ્યું કે–'શરીર તો પાતળું છે પણ સ્વભાવ ઘણો ચંચળ છે, બહુ ચતુર છે, વિવેક અને રીતભાતથી તો સુધરેલાંને પણ છક્કડ મારે તેવા છે, વાત કરવાની ખુબી, શીળો સ્વભાવ વગરે જોઈ મને તો એમજ ખાત્રી થઈ છે કે એમના જેવો હોશિયાર, સુધરેલો અને ભણેલો બીજો કોઈ આપણી નાતમાં ભાગ્યેજ હશે. આણી તરફના ઘણાય આવે છે પણ જમતાંય આવડતું નથી. કોઇ બહુબોલા થઈ ચીબવલી જેવી કૃત્રિમ ભાષા બોલે છે અને આપણને હસાવે છે, લુગડાં લત્તાં, બેસવું સુવું વગેરે રીતભાતમાં તો કંઇ સમજતાજ નથી, આમનું કામ તો ઓર છે, મેં તો હમણાંજ જાણ્યું કે એ આપણી નાતના છેઃ બા, ખીજશો નહીં પણ મને તો એમ લાગે છે કે ગજરાબાનાં ભાગ્ય ભળશે.

'છાની રહે, એવું બોલીએ નહિ.'

ગુલાબ શરમાઈ ગઇ અને ગજરી આડું જોઇ ઓરડાની બહાર જતી રહી.

રામચંદ્રશેઠ દાદર ચઢ્યા અને ગુલાબવહુ ઘુંઘટો તાણી દૂર ખસી ગઇ. શેઠાણીએ ચાલ્યું ઓઢ્યું.

જીજી ! તમે જમ્યાં નથી ?--રામચંદ્રશેઠ બોલ્યા.

'તમારા વગર સહુ બેસી રહ્યાં છે. ચંદુ અને એક આપણી નાતના કેશવચંદ્ર કરીને આવ્યા છે તે બેજ જમ્યા છે. ગજરી જમી નથી' ડોશીએ ઉત્તર આપ્યો.

'ચાલો ત્યારે આપણે સઉ સાથે જમી લઇએ.' એમ બોલતા બોલતા રામચંદ્રશેઠ લુગડાં ઉતારવા લાગ્યા અને ગજરીને લઇ ઠેકાણે મુકી આવી.

સઉ સાથે જમવા બેઠાં. અહીં ડોશીએ કેશવચંદ્રની અથેતિ હકીકત કહી તે સાંભળી શેઠ દિલગર થયા અને ચાકરને મોકલી તજવીજ કરાવી પણ તેની રૂમ બંધ છે અને તે ઉંઘી ગયા હશે એવું જણાવ્યાથી સવારે મળવાનું રાખ્યું. જમતાં જમતાં રામચંદ્ર બોલ્યા કે-'જીજી! ચંદુ પાસ થાય એમ લાગે છે. એનો સાહેબ આજ મળ્યો હતો તેણે કહ્યું કે-'આશા છે.'

'ઇશ્વર એટલું કરી આપે તો ગંગા નાહ્યાં. ત્રણ ત્રણ વર્ષ થયાં પાસ જ થવાતું નથી. એ તે પરીક્ષાઓ કેવી ? ગોખી ગોખીને તો છોકરો અડધો થઇ ગયો. તે દિવસે જેકોરવહુએ મને કહ્યું કે-ચંદુ વાંચે છે, ત્યારે બે વાગ્યા હતા. છોકરાં ઉંઘે શું અને વાંચે શું ? !'

જેકોર શેઠાણી-'જીજી' તમે લડો તેમાં હું તો કહેતી નહિ, પણ કોઇ કોઇવાર તો રહ્યું આખી રાત વાંચવાનું ચાલે અને સવારે બિચારાની આંખો ફુલી જાય.

શેઠ---મહેનત વગર ફળ ક્યાં છે? એનો તો શો અભ્યાસ છે. બી: એ. થનારાઓને એક કબાટ ભરાય એટલી ચોપડીઓ વાંચવી પડે છે અને કઠણમાં કઠણ જુદા જુદા ચાર પાંચ વિષયો હોય છે. ચંદુને તો મેં એટલા સારૂ વૈદકમાં નાંખ્યો છે.

ડોશી---અમારા વખતમાં એ કશુંએ નહોતું.

ગજરી---દાદીમા; ત્યારે તમારા વખતમાં આવી સાહ્યબીએ ક્યારે હતી. ડોશી---સાહ્યબીનાં શરીર જોને ? તારા બાપના અને બાપના શરીરમાં કઇ ફેર છે? મહેનત કરવી, રળવું અને ભણવું, પણ આ ભણતરથી તો તોબા ? ?

ગજરી એક કોરે ગુલાબના ઘુમટામાં માથુ ઘાલી ધીરેથી બોલી કે-ડૉક્તર સાહેબનાં ધણીઆણી ! પાસ થશે ત્યારે મને શું આપશો ?

ગુલા૦---હજી પાસ તો થવા દો.

'કાલે સાંજે પાસ થશે અને તરત વધામણી લઇશ. એની એ ઘડી-એ અજાર નહિ કરૂ.'

જેકોરશેઠાણી ગજરીનાં વચન સાંભળી બોલ્યાં કે-'જીજી ! જોયું, ગજરી પ્હલણું એના ભાભીપાસે વધામણી લેવાની કબુલત કરાવા મંડી છે. ગામમાં પેઠા ના સાંસાને, પટેલને ઘેર ઉનાં પાણી.

ગજરી—સાંસા બાંસા બોલીશ માં. કાલે સાંજે ભાઇ પાસ થયાના ખબર આવ્યા જાણને.

'ખબર આવે ત્યારે ઇનામ લેજે—' શેઠ જમીને બહાર જતાં બોલ્યા. સ્ત્રી મંડળ રહ્યું તેમાં નણંદે ભાભીને કબુલ કરાવા માંડયું.

જેકોર—વહુ એને વધામણીની વસ્તુનુ નામ પાડો. લાડકી નણંદ હોય તે માગે તો ખરીસ્તો. ગજરીને શૂર ચઢયું.

ગુ૦—મારો હાર આપીશ, જાવ ખુશી થાવ,

જે૦—તારી ભાભીએ ખરેખરી ઉદારતા દેખાડી. હવે ઇશ્વરની સ્તુતિ કરજે, કે ચંદુ પાસ થાય,

'એટલા લાભ માટે સ્તુતિ કરવાની છે? હુંતો હમેશાં મારા ચંદુભાઇના સારા માટે સ્તુતિ કરૂંછું. ચંદુભાઇ અને ભાભીપાસેથી તો ઇશ્વર કરશે, તો એક વર્ષ દહાડામાં આથીએ ઘણું મોટું અને હકનું ઇનામ લઇશ.'

જેકોર શેઠાણી અને ગુલાબની આંખ એક થઈ, બેઉના મુખઉપર અવર્ણનીય હાસ્ય જણાયું. ગુલાબે નીચું જોયું. અને શેઠાણી જરાક મોટેથી હસી હાથ ધોઇ ઉભાં થયાં. રસોડામાંથી સ્ત્રીમંડળ વેરાયું. ડોશીને પૂરાણ સંભળાવવા માટે પુરાણી આવ્યા. જેકોર શેઠાણી, શેઠ અને શેઠનાં માતા તે સાંભળવા બેઠાં. દશ અગિયારે કથા પુરી થઈ, સઉ સુઇ ગયાં. ગજરી પથારીમાં સુતી એટલે તેને કંઇક નવું નવું મનમાં ઉંડો હર્ષ કરતું હોય એવું લાગવા માંડયું. ઘરનાં તમામ માણસો નવા આવેલા પ્રાહુણ સંબંધી મનમાંને મનમાં વિચાર કરતાં નિદ્રાવશ થયાં. બીજે દિવસે સવારે રામચંદ્રશેઠે કેશવચંદ્રને મટતાં સુધી પોતાને ત્યાં રહેવાનું કહ્યું અને કૉલેજમાં જવામાટે ગાડી વગેરેનો બંદોબસ્ત કર્યો. શેઠના મનમાં પણ તેને માટે સારો વિચાર ઉત્પન્ન થયો. પછી તેઓ દિવાનખાનામાં ગયા. ચંદુલાલે દરદીની ખબર લીધી. તેનો પાટો છોડી નવો બાંધ્યો, અને કેટલીક વાર વાતો કરી. કેશવચંદ્રથી હવે પગ નીચે મુકાવવા લાગ્યો. સતવાળા

ઓસડથી તે લાકડીવડે પગ ટેકાવી ઉભો થવા જેટલો હોંશિયાર થયો કૉલેજમાં ગયા વગર ચાલે એમ નહોતું કારણ કે ટર્મ માટેના દિવસોમાં ખોટ પડવાનો ભય હતો.

રામચંદ્ર શેઠના ઘરમાં કોઇ નિશાળે કે ઓફીસે જનાર નહોતું એટલે સવારમાં મોડું જમણ થતું. આજ તે વહેલું તૈયાર કરવાનો રસોઇઆને હુકમ મળ્યો, નવ સાડા નવને અમલે રસોઇ થઇ. પણ શેઠ કે ચંદુલાલ ઘેર આવ્યા નહિ. જેકોર શેઠાણીએ કેશવચંદ્રને આગ્રહ કરી જમવા બેસાડયો. પોતે તેની ચિકિત્સા જોવા તથા સ્વાર્થનેયોગ્ય કેટલીક વિગત પુછી લેવા પિરસવા રહ્યાં. શેઠાણીએ આગ્રહ કરી તેને જમાડયો અને વિવાહને માટે જોઇતી સઘળી વિગત ધીરે ધીરે પુછી લીધી. ગજરી માટે ખરેખરો વર છે, એમ ખાત્રી કરાય તેટલી કરી. શેઠાણીની પુછવાની ઢબ અને કેશવચંદ્રની વિગતે જવાબ આપવાની રીતથી જાણવાનું સર્વ શેઠાણી જાણી ગયાં. તે જમી રહ્યો અને કપડાં પહેરી તૈયાર થયો ત્યારસોરી ગાડી તૈયાર થઈ આવી. શેઠાણીએ મનથી તેને જમાઇજ માની લીધો. મન આનંદ પામ્યું. શરીરનું આરોગ્ય, ઉમ્મર, કુલ, ખાનદાની અને વિદ્યા એ સઘળુ પોતાની બરોબરીનું જણાયું હતું એટલે કંઇ વાંધો રહ્યો નહિ. ચંદુની પ્રીતિમાં કેશવચંદ્રે જાણે ભાગ પાડયો, અને પહેલે દિવસે જ શેઠાણીના મનમાં પક્ષપાત થયો. કેશવચંદ્ર નીચે ઉતર્યો: શેઠાણી પાછળ નીચે ગયાં અને ગાડીવાળાને કહ્યું—કે એમને સંભાળી કોલેજમાં મુકી આવજે અને એ જેટલે વાગે કહે તેટલે વાગે ત્યાં ગાડી લઇ જઇ પાછા લઇ આવજે. વળી તેણે કેશવચંદ્રને કહ્યું કે—કેશવચંદ્ર! ભૈયાને મોકલું. કોલેજની સીડી તમારાથી ચઢાશે? ના હોય તો, બે દિવસની રજા લેતા આવજો. પગ ખેંચીને ચાલતાં હેરાન થવાશે.' કેશવચંદ્રે કહ્યું કે—' ભૈયાની જરૂર નથી અને આવતી કાલ તથા પરમ દિવસની રજાઓ છે. પેલા દહાડાની વાત પેલે દહાડે.' જાવ ત્યારે.' શેઠાણી ઉપર ચઢયાં અને ગાડીવાળાએ કોટ તરફ ગાડી ચલાવી.

અગિયાર બાર વાગે ઘર કામ સમાપ્ત થયું અને શેઠ તથા ચંદુલાલ બહાર નીકળી ગયા. જેકોર શેઠાણી સાસુ પાસે ગયાં. ડોશીએ તથા વહુએ કેશવચંદ્ર સંબંધી ઘણીવાર સુધી વાતો કરી. જેકોરે કહેલો વૃતાંત સાંભળી તે બોલી કે—'નક્કી'. હવે કોઇને કંઇ પુછવા જેવું નથી. હું સર્વ-

ને ઓળખું છું. એનું કુટુંબ આપણી નાતના ગજપ્રમાણે ખાનદાન છે. એના વૈલા વડવાને કડી પરગણામાં અધિકાર હતો અને જુના વખતમાં એ પૈસા એકઠા કર્યા હતા. તે ચઢાઉ હતો. તેણે નાતો જાતો અને લાહાણામાં બધું ઉરાડી દીધું હતું. મેં એના વડવાના લાહાણાનાં વાસણ વાપરેલાં છે. નાતો અને લાહાણામાં પૈસો વેરયો અને છોકરો નહીં એટલે ગામડામાં બાપા કહેવાયા. અશીણ ગજે પડ્યું તેમાં સઘળું જતું રહ્યું અને છેક ૬૫ વર્ષની વયે છોકરાની આશાએ પરણ્યા. ઇશ્વરે વેલો રાખ્યો. કેશવચંદ્રનો બાપ થયો અને ડોસો ૭૦–૭૨ વર્ષે મરી ગયો. દેવાદારોએ ઘરબાર લઇ લીધાં અને નવીવહુ તથા છોકરાં હલેતાં હોવાથી નાનમ આવી ગઈ. પડી એટલે પડીસ્તો, વાગેલામાં વાગે તેમ દેવાદારોએ ગામમાંથી પણ કાઢ્યાં, સર્વસ્વ લઇ લીધું. નવીએ પીયરમાં છોકરાને મોટો કરયો અને મામાએ બેનનું મન રાખવા બસેંરૂપિયા ખરચી ભાણેજને પરણાવ્યો. વહુ? તેં કહ્યું એટલે મેં એતો સઘળું જાણ્યું. ઘરબારનાં તો દુઃખી એમાં ફેર નહીં, પણ કુળવાન ને ખાનદાન જેવાં તેવાં નહીં. એમનો દહાડો પાધરો હોય અને આપણે પુછવા ગયાં હોઇએ તો ના પાડે? કેશવચંદ્રને બીજાં નાનાં મોટાં ભાઇ બેન છે? 'હા' નાનો ભાઈ અને તેથી નાની બેન છે. અરડો બાપ અને ઓરમાન મા છે. નાનો ભાઇ ભણે છે અને પોતે અહીં શેઠીઆ લોકને આશ્રયે અભ્યાસ કરે છે.' 'ત્યારે ઠાક છે, રામચંદ્રને હું કહીશ અને નક્કી કરી નાંખજો. કકરૂ છોકરૂં આજના વખતમાં કુંવારૂં રહેતું નથી. ઉંઘમાં ઉંઘશો તો જીતી બાજી હારશો. તમે ઘણીઘણીઆણી હવે નાનાં છો? કાલે છોકરાંને ત્યાં છોકરાં થશે અને હું ક્યાં સુધી બેશી રહેવાની છું. વિચાર કરજો અને વહુને મોઢે વાત કરાવજો. રામચંદ્રને ઠીક લાગે તો એના બાપઉપર એકાદ પત્ર લખજો. જોજે ભુલતી, તારી ગજરી! બીજે ઠેકાણે સમાશે નહીં. મુંબાઇમાં ઉછરેલાં છોકરાં ગામડામાં સમાતાં નથી અને ન સમાય તેમાંએ નવાઇ નહિતો? મુંબાઈમાં ઉછરતાં છોકરાંએ માત્ર સુખજ જોયેલું હોય છે. તેઓ ગામડાની દુખ જોઇ શકતાં નથી. ત્યાંની રીતભાત અને ટુંકામાં કહીએ તો સઘળી જાતનો વ્યવસાય તેમને પસંદ પડતો નથી. કામકાજ સુઝતું નથી અને ઘણાંને તો ત્યાંનું અનાજ મોંમાંજ પેસતું નથી. વહુ! તારી ગજરી તો તેમાં ઓરજ છે. તમે એને લડાવવામાં બાકી રાખી નથી એટલે બીજે જઇ શુંએ,

કરવાની હતી? સેકયો પાપડ પણ એનાથી ભાગે એમ નથી. મારા મત પ્રમાણે ચાલો તો આ બાબત નક્કી કરી નાંખો, નહિ તો પશ્ચાતાપ થશે. હવે ગજરી તમને નાની લાગે છે? તમારા સુધારા તે કેવા? મોટું બૈરૂં કરીને પરણાવવું? અમારાથી તો એ જુની આંખે નવા તમાસા જોવાતા નથી? રામચંદ્ર બહાર ફરે અને દક્ષિણીઓની સુધારાવાળી સોબતમાં રહે તે એમ ધારે, પણ જેકોરવહુ! તુંય સમજતી નથી? દેશ છોડીએ પણ દેશાચાલ છોડીએ? ગજરીને લઇને ખંભાત ગયાં હોઇએ તો લોક ચુંટી ખાય! ખરૂં કહું તો મને ઉંઘે નથી આવતી અને તમારા ઉપર ઘણીવાર મારા મનમાં ગુસ્સે થઇ જાઉં છું. નાવા માંડશે તો નાતમાં જાતમાં ઉંચું એ નહીં જોવાય? તમે મોટા વર પસંદ કરો છો તો આ મોટો છે ત્યારે વિચાર શો?'

ઘરડાં સાસુનું આ લાંબું ભાષણ સાંભળી જેકોરશેઠાણીને એમ થઇ ગયું કે—જો લગન હોય તો તુરત વિવાહમંગળ કરાવે, પણ શું કરે! હજી તો ચોમાસુ હતું. તે નમ્ર થઇ બોલી કે—'બા! તમે જીવો છો ત્યાં સુધી અમારે શા માટે ચિંતા રાખવી પડે? તમે છો ત્યાં સુધી અમે તમારા આગળ છોકરાંસ્તો? તમે વિચાર કરો અને જેને કહેવું હોય તેને કહો. હું તો પહોર સુરત ગઇ અને ત્યાં કેટલાંકે ગજરીના વિવાહ માટે ઠપકો દીધો ત્યારની રોજ કહું છું પણ મને કોણ સાંભળે છે? તમે આજ બોલ્યાં. બાકી ક્યારે એ સંબંધો—એમને—કહો છો. તમે નહિ કહો તો કોણ કહેશે? હું કહું છું ત્યારે કહે છે કે 'જીજી એની મેળે ગોઠવણ કરતી હશે. તું શું કામ ચિંતા કરે છે? આપણા એને ચિંતા રહે છે તો ગજરીને માટે એને કંઇ નહીં વિચાર આવતો હોય?' એ કંઇ પણ લાડ લડાવે કે હું તો કહું કે જમાઇને મીલમાં બે ચાર આનીનો ભાગ ઘાલી આપવાના છો તે છોકરીને રઝાડો છો? મને હશી કાઢે કે 'એનું ભાગ્ય એની પાસે છે' ગુલાબવહુ, ચંદુ વગેરેને જોઇએ તે મળે, ત્યારે નાનામાં નાની ગજરીને કેમ ના કહેવાય? ચંદુની વહુએ હારમોનિઅમ શીખવા માંડયું ત્યારે મેં કહ્યું કે 'ગજરી! તું એવું કંઇ શીખતી નહિ. તને હારમોનિઅમવાળુ સાસરૂં નહિ મળે?' બે ત્રણ દિવસ ચંદુની મેડીએ ગઇ નહિ પણ એનાની ગુલાબવહુ ગાય તે સંભળાય? એક દહાડો મેડીએ ગઇ અને વહુએ કહ્યું કે 'ગજરાબા! જુવો હું તમને સુરમિલાવટ શીખવું' એટલે રોઇ પડી અને મારાં પેલાં વચન સંભારી ડુસકે ચઢી.

ગુલાબે એનો સસરો બેઠા હતા તે એ વાત કહી ત્યારે એવડા મોટાની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં. મને કહે કે, 'આ વૈભવમાં ઉછરેલી છોકરીને કુવામાં નાંખવી પડશે એમ જ્યારે મને સાંભરે છે ત્યારે મારૂ શેર લોહી બળી જાય છે. જીજીને કહેજે કે—અકુળવાન તો અકુળવાન પણ કોઇ જરા જીવતાભો શોધી કાઢે ?' જીજી અમે તમારા છત્રમાં નાતજાતનું શું જાણું છે. અને ગજરી પરણાવતા સુધી ઇશ્વર તમને જીવાડે તો પછી અમારે તેવી બાબતો જાણવાનીએ શી જરૂર છે ? તમે તમારી મેળે સાંજે એ આવે એટલે બોલાવી મને કહ્યું તેમ કહેજે '

જેકોર શેઠાણીએ સાસુને સારૂ લગાડી આધેડ વયે ઘરડાં સાસુની આગળ પોતાની છોકરવાદ દેખાડી, નાની વહુના જેવો લાવો લીધો. ડોશીને સારૂ લાગ્યું અને બારણે ચાર વાગ્યા. શેઠાણી ઉઠી દર્શન કરવા ગયાં, અને ગુલાબ મેડીએથી ઉતરી સાંજની રસોઇ કરાવવાની ખટપટમાં પડી.

આજ ચંદુલાલનો રિઝલ્ટ જણાવાનો છે તે આપણે ભુલી ગયા નથી. 'રસોઇમાં કંઇ નવા જુની કરવી પડશે,' એમ છીંક આવતાં ગુલાબવહુ મનમાં બોલી, ખુશ થઇ અને રસોઇઆને બાધેભારે કહેવા લાગી કે—'ભટ ! રોટલીનો લોટ બાંધશો નહિ; શેઠ આવશે ત્યારે હું તમને કહી જઇશ. રોટલી કરવાની નહિ ઠરે ? 'હું તે જાણુંછું શેઠાણી. ચંદુભાઇ આજ પાસ થવાના છે, તેમાં નહિ વારૂ' 'હા, એમસ્તો.' 'શેઠાણી મને પણ કંઇ ઇનામ અપાવજો. મેં ભાઇની ઓછી સેવા બજાવી નથી ?' 'ઠાક છે' ખુશ મીજાજથી એક ખુરશી મંગાવી રસોડાની બારીએ બેઠી. તેણે માર્ગ તરફ જોવા માંડયું, ક્ષણ પર ક્ષણ તેને વધારે વધારે આતુર બનાવતી ગઇ. મોટાં શેઠાણી દર્શન કરી આવ્યાં અને ગુલાબને બોલાવી. સઉ દિવાનખાનામાં પેઠાં. મોટી ઘડીઆળમાં છ વાગ્યા, 'હજી કંઇ જણાયું નહિ હોય ગજરી ?' જેકોર બોલ્યાં. 'મેટ્રીક વગેરેનાં પરિણામ મોડાં જણાય છે અને આતો હમેશાં ૪—૫ વાગે જણાય છે. હમણાં ખબર આવશે. મારા પિતાજી સાંજ ગયા હશે અને હુંતો ધારૂંછું કે પહેલા વહેલા એજ આવશે. હમણાં જણાશે' તારી ભાભીએ ઇનામ કાઢી રાખ્યું છે કે નહિ ?'

'એતો એમણે પહેરેલુંજ છે.'

આ વાત હજીતો ગજરીના મુખમાં હતી એટલામાં ગાડીનો ધડધડાટ સંભળાયો. એકદમ ધબડ ધબડ કરતી તે નીચે ગઇ. જેકોર શેઠાણી દાદર ઉપર જઇ ઉભાં અને ગુલાબ ત્રીજા માળના દાદર આગળ સંકોચાઇને ઉભી રહી.

ગજરીને નીચે ઉતરતી જોઇ રામચંદ્રશેઠ બોલ્યા કે-' બેન ! ફ-તે. ' તુરત તે પાછી વળી. શેઠ, કેશવચંદ્ર તથા ચંદુલાલ તેની પાછળ દાદર ચઢયા. ગજરીએ એની બાને અને દાદીને આ શુભ સમાચારની વધામણિ ખાધી; એટલામાં ચંદુલાલે, શેઠ અને કેશવચંદ્ર દિવાનખાનામાં પેઠા તેને લાભ લઇ પોતાના હાથમાંની છડી—ગુલાબ વહુને આપતાં કહ્યું કે—' ફતે થઈ, તમારૂ ધાર્યું થયું, ખુશ થાવ. '

' તમારી ખુશીએ હું ખુશીંજ છું' એમ કહી છડી લઇ ગુલાબની બે ત્રણ પાંદડીઓ ચુંટી વરને વધાવતી હોય તેમ તેની ઉપર ફેંકી. રા-મચંદ્રશેઠ પાઘડી મુકી ડોશી પાસે જવા દિવાનખાનામાંથી પાછા નીકળતા જણાયા. દંપતી અલ્પ પણ અત્યંત આનંદની વાતમાંથી છુટાં પડયાં.

જેકોર શેઠાણી ડોશીના ઓરડામાં બેઠાં હતાં--શેઠ આવ્યા તે એક ખુરસી ઉપર બેસતાં બોલ્યા કે—'જીજી ! ચંદુ પાસ થયો, નિરાંત થઇ. હવે એ એને ધંધે વળગશે.'

'હા જેકોરવહુએ મને કહ્યું. ચાલો મનેય નિરાંત થઇ. ચંદુ ક્યાં ગ-યો ? હજી આવ્યો નથી ? '

'આવ્યો છે.'

જેકોરે બુમ પાડી કે-'ચંદુ, અરે ગુલાબવહુ, અહીં આવો. ગ-જરી જા ભટને કહે કે કંસાર કરે. '

ગજરી હર્ષભેર રસોડાતરફ ગઇ અને પેલાં ધણીધણીઆણી ઓરડા-માં આવ્યાં.

'જીજીને પગે પડો.'

શરમાતાં શરમાતાં આરામચેરમાં બેઠેલી ડોશીના પગ આગળ મસ્ત-ક નમાવ્યાં અને તેણે માથે હાથ મુકી આશીર્વાદ દીધો. દાદીની પાસે જમીન ઉપર ચંદુલાલ બેઠો અને ગુલાબવહુ અંદરના બારણાઆગળ જે-કોર શેઠાણી બેઠાં હતાં ત્યાં જઇ ઘુઘટો કાઢી ઉભી.

રસોઇઆને વરધી આપી ગજરી પાછી આવી, અને આવતાં વાંત બોલી કે-' જીજી ! મારાં ભાભી કયાં ગયાં?' ઓરડામાં નજર ફેરવી અને ગુલાબને દેખતાં દોડતી ત્યાં જઇ બોલીકે:-

" ભાભી ! પાસ થયા ચંદુભાઇરે;
મને આપો વધાઇ.
મેળવ્યું ' પ્રાઇઝ ' પેલા નંબરનું,
સખત કરી સરસાઇરે
ભાભી આપો વધાઇ. "

ગુલાબે પેલી છડી આગળ ધરી, ધીરેથી કહ્યું કે–' પાસ થયાની વધામણિમાં મને આ છડી મળી છે. હું તમને તે આપું. ? લ્યો.'

છડીને નીચે પછાડતાં ગજરી બોલી કે–

" બોલેલો બોલ પળો મારાં ભાભી,
આ હાર આપો હરખાઇરે,
ઝટ આપો વધાઇ.
વડીલમાં વરની ને ઘરમાં ગોરીની,
વાધી વિશેષ વડાઇરે
ભાભી આપો વધાઇ."

' આપનારે મને છડી આપી, પણ મારાથી તેમ થશે? લ્યો, આ હાર અને પહેલા માસની ફીએ તમને અપાવીશ. તમારાશ્રી અને તમારી વધામણિથી શું મારે વધારે છે? '

' થેંક્સ, ભાભીસાહેબ, થેંક્સ.' ગજરી સઉની પાસે આવી ઉભી રહી અને સઘળાં હસી પડયાં.

' જીજી ! વહુ મારા જેવી નથી. આ ત્રણ છોકરાં ખાનદાન છે. આપણાથી આટ આટલું છે પણ આવી ઉદારતા દેખાડાશ્રી નથી અને એને એ વાતની વાર લાગતી નથી. '

ગજરી—ઘરમાં ઉદારતા શી ? ભાઇ ભોજાઇ મને કંઇ આપે એને તું ઉદારતા કહે છે?

'ના, બેન, ના.'

રામ—તું એ હારને ઠેકાણે રાખજે. ઘરના ઘરેણામાં ભળ્યો તો પછી ભળ્યોજ.

ગજરી—એમ કેમ બને? મારી બાને સોંપવાનો નથી. મારાં ભાભીની પેટીમાં રખાવીશ.

'તારી બા કરતાં તારી ભાભી વધી? ડોશી ખુરશીમાંથી ઉંચી થઇ બોલી.'

'જીજી ! મારી બાતો પાકી ઘંટ છે, ભાભીને તો જેમ કહીએ તેમ થાય. બાના ઉપર કંઇ હુકમ કરાય ? અને ના આપે તો એની સામે ફરીયાદ કોને કરીએ ? ભાભીને હાલને હાલ હુકમબંધ આપણે લઇ શકીએ અને એમના શા ભાર છે કે ના પાડે? કદી અરજ કરવી પડે તોપણ તેમની સામે તો, ભાઇ આગળ, બા આગળ, બાપા આગળ અને તમારી આગળ ફરીઆદ કરાય. ભાભી સામે કેટલી બધી કોરટો ઉઘાડી?'

ડોશીએ કહ્યું કે–'ઠીક ઠીક. નણદ ભોજાઇ વચ્ચે નિરંતર એવે પ્રેમ રાખીએ. જ્યાં સંપ ત્યાં જંપ. લોકના ઘરમાં નણંદ ભોજાઇ અને ઊંદર બિલાડી. કેવો કંકાસ! આપણા ઘરમાં તને ને તારી ભાભીને સુખરૂપ મોજ કરતાં જોઈ મારો જીવાત્મા પરમ આનંદ પામે છે અને મારા રામચંદ્રના કુટુંબમાં એવો સંપીલો આનંદોત્સવ સર્વદા રહેજો એમ ઇચ્છું છું. તારી માની સહનશીલતાનેય ધન્ય છે. એને એની નણદે કેટલીકવાર વિતાડેલું પણ એણે કોઇ દહાડો મને કહ્યું નથી. મેંય એને એવે વખતે તો કંઇ કહ્યું હશે. પણ એણે સઘળુ અમૃતના ઘુંટની પેઠે પેટમાં ઉતારી દીધેલું—'

પોતાનાં વખાણ સાંભળી જેકોરના મનમાં ઘરડી સાસુઉપર ઉમળકો આવ્યો અને વચમાંજ બોલી ઉઠી કે—'બા, છોકરાંનીઆગળ શું કહેતાં હશો ? તમારા હાથ તળે મને જે સુખ મળ્યું છે તેનો મારાથી ઉપકાર મનાય તેમ નથી. તમે મારાં વખાણ કરો તે મને શરમ ન આવે ?' રામચંદ્રતરફ આંગળી કરીને 'આવાં માણસ અને ગંગાજી જેવાં સાસુનીતો કેટલીએ સેવા કરૂં તોપણ ઓછી છે.'

રામ—(પરોક્ષે) હવે જમવાની કેટલી વાર છે? કોઇ આવવાનું છે?

જેકોર—જીજી! અત્યારે કોને જમવાનું કહ્યું હોય? દોસ્તદારોને તો ચંદુ મીજબાની આપશે, અને અહીં સગુ કોણ છે કે તેને કહીએ. દેશની વાતતો જુદીસ્તો? અસકેને દસકે જમાઇને જમવા તેડીનેય લાવા લેવાય? અહીં શું ?

'ઇશ્વરે અહીંએ આજ તને એ પ્રસંગ આણી આપ્યો છે.'

'ચંદુ! જા કેશવચંદ્રને કહે એટલે નહાય.'

રામચંદ્ર શેઠ બેઠા હતા તેથી નક્કી કરી લેવરાવવાનો પ્રસંગ જેકોરે

સાધ્યો. ચંદુલાલ ફિકાને દીવાનખાનામાં ગયો તેની પાછળ ગુલાબ ગઇ. ગજરી અધીરા અંતઃકરણે છોકરવાદ દેખાડતી ઉભી રહી. પણ—

'ગજરી, તુંએ જા, તારી ભાભીને ફાવશે નહિ.'

ગજરી હવે બહાર નીકળી, પણ રસોડામાં ગઇ નહિ. ચંદુલાલ, કેશવચંદ્ર અને ગુલાબ રસોડા તરફ ગયાં ત્યારે દિવાનખાનાની બારી આગળ એકોમની પેઠે પણ પેલા ઓરડામાં થતી વાત સાંભળવા તરફ કાન રાખી તે ત્યાંજ ઉભી રહી.

ઓરડામાં જેકોર શેઠાણીએ એકાંતજોગ વાત ઉપાડી—' બા! મને કહેતાં હતાં તે હવે કહો આ એ એકાંતમાં છે.'

' એને મારે કંઇ કહેવાનું નથી. જા, તું તારી મેળે જમાઇને જમવા તેડયો હોય, એવા ઉમળકાથી એને જમાડ. રામચંદ્ર, આ વર આપણે કામનો છે.'

' ત્યારે ઠીક. કરી નાંખીએ.'

' તું કંઈ તજવીજ કરજે.'

' મને કંઇ નહિ સમજ પડે જીજી?'

' વારૂ હું કહું તેમ કાગળ તો લખીશની '

' હા '—

જે—જીજી! હામાંને હામાં, આ લાગ જતો રહેશે અને બીજે કયાંઈ નજર પહોચતી નથી. તમે જાણો.

' જેકોર વહુ હવે ચીંતા કરીશ નહિ.'

રામ—' મને સવારથી એ વિચાર આવ્યો છે. તમને પસંદ પડયો એટલે થયું. જીજી! તું કહીશ ત્યારે એના બાપ ઉપર કાગળ લખીશું.'

'કાલે સવારે. તમારૂં બહુ ટાઢું કામ છે? જેકોર શેઠાણી જરા તેજ થઈ બોલ્યાં.'

રામ—ઠીક, એમ. જીજી કહેતો અત્યારે.

'ઠીક છે; કરીશું. જાવ જમી લ્યો. ત્રણે જણ સાથે બેશીને જમો. કાલે એ ને ચંદુ જમ્યા હતા. સવારે એ એકલો અને અત્યારે પણ ચંદુ અને એ જમે તે ઠીક નહિ. તું એમની સાથે બેસ;' જેકોરને—'જા તું એ જમાઇ જમાડયાનો લાવો લે વહુ.'

પ્રસન્ન મનથી જેકોર શેઠાણી ઉઠયાં અને રામચંદ્રશેઠ નાવા ગયા. ગુલાબને બોલાવી અથાણું ચટણી વગેરે પિરસાવ્યાં; પછી કહ્યું કે 'હું પીરસવા રહુ

છુ. તારા સસરાજીએ જમવા બેસે છે. તમે જાવ પાનબીડાં તૈયાર કરો.'

શેઠાણી સોળુ પહેરી રસોડા તરફ ગયાં અને ગુલાબ દિવાનખાનાઆગળ આવી ત્યારે—અંદર મોટા મોટા હિંચકા ખાતી ગજરી, ઝીણે અને મધુરા ધીરા રાગે ગાતી હતી. ગુલાબ ક્ષણભર બારણામાં ઉભી રહી. પુંઠ હતી એટલે તેણે બાબીને દીઠી નહિ. ભાઈના પાસ થવાથી અને ઓરડામાં થયેલા પેલા ઠરાવથી ગજરીનો મનોદધિ આનંદના ઉભરામાં ચઢયો હતો. હિંચકો તેને અત્યંત આનંદના મોજામાં ઝુલાવતો અને ધીરા ઝીણા રાગને આં દોલનથી ઘુંટતો વધતો જતો હતો. કન્યાને યોગ્ય કવિતા યાદ આવી હતી અને એની એજ ટુંકો હિંચકાના ઝોળથી વધારે રમણીય થતી જતી હતી—ગુલાબ નણંદના મનનો આનંદ અપરોક્ષ અનુભવતી ઉભી રહી અને નણંદ રાધકાજીના સ્વપ્નનો પેલો રમણીય પ્રસંગ પોતાપર લાગુ પાડી ગાતી હતી કે:—

"માતાજીરે આજે આનંદ મારે અંગેરે.
માતાજીરે આજે આનંદ મારે અંગેરે.
માતાજીરે રૂપવંતો ગુણવંતો હું નિરખુંરે.
આજે આનંદ મારે અંગેરે.
માતાજીરે, તેં જાણે જમાઇ તેડયો જમવાને,
માતાજીરે, હું લજવાણી ગઇ રમવાને.
આજે આનંદ મારે અંગેરે.
માતાજીરે આજે આનંદ મારે અંગેરે.
તેં જાણે જમાઇ તેડયો જમવારે.
આજે આનંદ મારે અંગેરે.
માતાજીરે આજે આનંદ મારે અંગેરે."

ગજરી ગાનમાં મસ્ત બની રહી અને એની એ કડીઓ બાલાતપની માફક એના હૃદયપદ્મને વધારે વધારે પ્રફુલ્લ કરતી ગઇ—આખરે ગુલાબ અંદર ગઇ અને બોલી કે—'બેન ! કેવો મઝેનો પ્રસંગ ? તમે મારી પાસેથી ઇનામ લીધું અને હવે હું તમારી પાસેથી ઇનામ લઉં ? મનેય ઇનામ માગવાનો પ્રસંગ છે નહિ વારૂ ? કન્યા શરમાઇ ગઇ. પગ ઘસડી હિંચકાના વેગને નરમ પાડી ત્યાંથી ઉઠી ભાબી પાસે જઈ બોલી-' ભાબી ! હું ગાતીતી તે બહાર સંભળાતું હતું ?'

આખો હૉલ ગાજી રહ્યો હતો તમે લીન થઇ ગયાં હતાં એટલે ખબર નહીં રહી હોય ? પણ વાત ઉડાવી દેવાની નથી, બોલો, ઇનામનું શું કહો છો ?

'તમારાથી ઇનામ મગાય ? ઇનામ માગનારો હોત ને માગ્યું હતતો આવ આવડું આપત,' એમ કહી ગજરીએ તેને ખભા ઉપર ટપલી મારી.

"બહુ આનંદમાં જો જો ઘેલાં ના થઈ જાવ ?"

"ભાભી તમેય મશ્કરી કરો છો ? શું છે તે ?"

"કંઈ નહિ ચાલો, આવો પાન બીડાં કરીએ."

બેઉ ગલીચા ઉપર બેઠાં અને પાન કરવા લાગ્યાં. કેટલીક વાર સુધી મૌન રહ્યું પછી ગુલાબ બોલી કે—' બા. એતો પ્રેમનો ઉમળકો બધાંયને સરખો હોય ? મશ્કરી ના કરીએ ? તે દહાડે તમારા ભાઇ માથેરાન આવ્યા ત્યારે તમે મને કેવી બનાવી હતી ? હવે એ બધાય તમને અનુભવ થશે ? કહ્યું છે ને—

"રામબાણ વાગ્યાં હોય તે જાણે
અજાણ્યાં તો અંદેશા આણે
રામબાણ વાગ્યાં હોય તે જાણે."

તે પોતાના મનમાં છોભી પડી અને કંઇક વિમાસણ થઇ નીચું જોઇ ગઇ એટલે ગુલાબ બોલી કે—'શરમાવ છો શુ કરવા ? હોય, એવું એ થાય ? કોઇએ કંઈ સાંભળ્યું નથી, પણ બોલીએ નહીં એ તો હજી આપણા અંતરની વાત છે.'

' ત્યારે નય થાય ને ? '

' મારાથી કેમ કહેવાય ? '

ગરીબ મુખે નમી પડતી હોય તેમ કરી ગજરી બોલીકે 'ભાભી એ બાબત તમે બંધ બેસાડો. મારા સમ, તમે તમારાથી થાય તેટલો યત્ન કરો. બાને અને જીજીને કહો. નક્કી કરો. ભાભી ! મને પેલી મંગળાની પેઠે દુઃખમાં પડતી તમે ઉગારો. હું તમારી જનમારાની ગુણ ઓસિંગણ થઇશ. એ મંગળાનું દુઃખ તમે જાણો છોની ? બિચારી કેળના ગર્ભ જેવી સુકુમાર, બોલવે ચાલાવે વિનયવાળી, દેવ પુતળી જેવી છે પણ સાસરૂ ગામડે, એટલે એની નાજુકતા વિવેક, વાણી અને લટકો બધુંય છુટી પડ્યું. એનો ભાયડો બ્રહ્મઅક્ષર જાણતો નથી. આંખે આંસુની ધા-

રા ને એણે મને એના ધણીની રીતભાતનું વર્ણન આપ્યું ત્યારે મારાથી રોઇ જવાયું. બીચારી મુંબાઇમાં ઉછરી, સુખ ભોગ જોયાં એ બધાંય ઉપર પાણી ફરી ગયું. ગામડાનાં કામ એને કરતાં ફાવે ? ભાભી તમે મને અહીં લાડ લડાવી વાસીદાં વાળતી કરવા માગો છો? તમે એવાં નિર્દય છો ?'

નણંદની આંખમાં આંસુ જોઈ ગુણીઅલ ભાભીનું મન ભરાઇ આવ્યું. તેણે આશ્વાસન આપતાં કહ્યું કે–'ગજરાબા ! આંસુ ના પાડશો. તમને હું સુખી કરીશ. મારી સાથે રાખીશ અને મારાથી બનશે તેટલી મહેનત કરી આ બાબતને નક્કી કરાવીશ. બા, બાપાજી અને જીજી તો એક મતનાં છે એટલુંજ નહીં પણ તમારા ભાઇએ એ મતના છે. કાલે રાતે મને કંઇક કહ્યું હતું. હું બાને એજ બાબતની ભલામણ કરૂં છું અને નક્કી કરાવીશ. જીજીના બોલતો તમે કાનોકાન સાંભળ્યાને ?'

આટલી વાત થઇ એટલામાં બે નવા પુરૂષો ઉપર આવ્યા, અને વાતમાં ભંગાણ પડયું. આણી તરફથી રામચંદ્રશેઠ વગેરે જમી ઉઠયા અને ચંદુલાલના મિત્રો તેને ધન્યવાદ દેવા આવવા લાગ્યા તેની ગડબડમાં અને આનંદમાં નણંદ ભોજાઈ ઉઠી અંદર જતાં રહ્યાં. ચંદુલાલની વાહ વાહ અને શાબાશી બોલાઇ. તેમાં બે ત્રણ દિવસ આનંદ રંગ ચાલ્યા કર્યો. ચંદુ અને રામચંદ્ર આગળઉપર કેવી રીતે ધંધો ચલાવવો તેના વિચારમાં ગુંથાયા અને સ્ત્રી વર્ગમાં પેલી વાત હમેશના વિચારવિનોદની થઇ પડી.

પ્રકરણ ૨ જું.

ચંદુલાલની પત્ની જેકોર શેઠાણીની માનિતી વહુ ગુલાબ તેનો સ્વામી પાસ થયો ત્યારથી આનંદમાં રહેતી હતી. એકવાર જમીને તે પોતાની મેડીએ ચઢી. બપોરનો વખત હતો, પુરૂષ વર્ગ બહાર ગયેલો હતો. સાસુ વડસાસુ અને નણંદ નીચે વામકુક્ષી કરતાં હતાં એટલે વહુ મેડીનાં બારણાં બંધ કરી શાલ ઓઢી પલંગમાં આડી થઇ. તેનું મન અત્યારે પ્રસન્ન હતું. ભવિષ્યમાં 'આમ કરીશું તેમ કરીશું' એવાજ વિચાર તેના મસ્તિકમાં રમી રહ્યા હતા. વિચારો, જેમ જેમ વધતા ગયા તેમ તે વધારે વધારે આળસમાં આવતી ગઇ. પોતાનો અપૂર્વ અભ્યુદય તેની

ઘેરાતી આંખ આગળ આવીને ખડો થયો. ધન વૈભવના ઢગલા તેની નજરે પડવા માંડયા. પતિનું માન ભોગવવા લાગી અને આખા સંસારની તંત્રની રાણી બની રહી. વૈભવસંપન્ન દેખાવો એક પછી એક તેની સુસુપ્તિમય દૃષ્ટિઆગળ આવવા લાગ્યા. એ દેખાવોમાં એક અલૌકીક દેખાવ ધરતો ફરતો આવ્યો. એક ગરીબ સુશીલ પુરૂષ તેની સ્વપ્નસૃષ્ટિમાં દેખાઇ આવ્યો. ગુલાબ તેને જોઈ કંઇક શરમાણી; એટલામાં તે તેની પાસે આવીને બોલ્યો કે—'ગુલાબ! તું મને કયાં ઓળખે? તારા એ દિવસ જતા રહ્યા. હાલ તું મોટી સમૃદ્ધિની ભોક્તા બની છું અને દુઃખ તને સ્વપ્નમાં પણ દેખા દેતું નથી, આ દુઃખીઓ માણસ, તારી દૃષ્ટિ આગળ પણ કેટલી મહેનતે આવી શક્યો છે? પણ ગુલાબ! એક ક્ષણવાર તું તેને સાંભળ, તારી શેઠાઇને દુર કર, પેલી અવસ્થાને યાદ કર, હેલતું બાલ્ય સંભાર અને પછી મારા સામું જો, એટલે હું કોણ છું તે તને ઓળખાઇશ. દુખાવસ્થા, તેનો અત્યંત દુર્લભ પ્રેમ, વિવેક, પરહિતની ઈચ્છા અને સુશીલતા વગેરે માયાના પ્રબળપટમાં ભૂસાઇ જાય છે. તારો દોષ નથી. મનુષ્ય માત્ર ઘેલાં થયેલાં છે. પોતાની પૂર્વાવસ્થા ઉપર લક્ષ રાખી વર્તનારા તો દુર્લભજ છે. સુખીથી દુઃખીનુ દુઃખ સમજાતું નથી. તેને દુઃખનો વિચાર આવતો નથી. અને દુઃખ જેવું જગતમાં કંઇ હશે એમ પણ તને લાગતું નથી; પરંતુ જગતકર્તાએ એવી ખુબી રાખી છે કે દિવસ અને રાતની માફક એ બેઉ વસ્તુ ફરતી રહે છે. દુઃખવાળાને સુખ અને સુખવાળાને દુઃખ આવી પડે છે. ઈશ્વિર તને દુખ ન દેખાડો પણ પેલી દીન અવસ્થાને સંભાર, જ્યારે તેને પણ ત્રણ દિવસના કડાકા થયા હતા અને તું જાતિનો, કુળનો તથા ધર્મનો ત્યાગ કરવા તૈયાર થઇ હતી, ત્યારે આ પુરૂષે તને કેવો ઉપકાર કરી આપેલો છે. એનું દુઃખ જો અને તે ઉપર વિચાર કરી, જો કંઇ દયા આવે તો તેને સંભાર; તારા સંભારવાથીજ તે સુખ માની લેશે. એને તારૂ ધન અને સુખ જોઇતાં નથી. એ જ્ઞાનિ છે, કવિ છે અને તને સારો માર્ગ દેખાડયો છે. તારા ઉપર અપાર આભાર ચઢાવ્યો છે અને તેના બદલામાં તે કંઇ માગતો નથી. તે પ્રેમનો ભુખ્યો છે. તેને તું તારાં મનોહર વચનથી બોલાવ. તેના સામુ જો અને અમી દૃષ્ટિ નાંખ.' આમ બોલી એ પુરૂષાકૃતિ પાછી બીજા દેખાવોની માફક ચાલી ગઇ અને ગુલાબ તેનાં વચન સાંભળી પોતાની દુઃખી અવસ્થાના દેખાવને જોવા લાગી.

સુરત, પોતાના પિતાનું નાનું ઘર, પોતાની બાળકન્યા અવસ્થા તાપીની નાશકારક રેલ—પાણીનું ચઢવું, લોકની દુઃખી અવસ્થા, પોતાના પિતાના ઘરમાં પાણી આવવું, તેનો સર સામાન પાયમાલ થવો, માબાપ અને પાડોશી સાથે એક ઝાડ ઉપર ચડી જવું વિગરે દેખાવ તેની નજરે પડયા. એક પછી એક દેખાવ તેના મુંબાઇ, માળો, મહેલ સઘળું ભુલી જઇ દુઃખમાં સુતી હોય તેમ દુઃખના અનુભવમાં દબાઇ ગઈ તેને એ વિચારની પરંપરાએ દુઃખી કરી અને કષ્ટના ભાર તળે તેનાથી રોવાઇ જવાયું. રોવાની સાથે ગળે ડુમો ભરાઈ ગયો અને શ્વાસ રૂંધાતાં એકદમ ઝબકીને જાગી ઉઠી. ઉંચો શ્વાસ લેતાં શિવ! શિવ! શિવ,! કહી આંખ ચોળી તેણે ઉંચું જોયું. પલંગ ઉપરથી ઉતરી મુખ ધોઇ આરામચેર ઉપર બેઠી—બેસતાં બેસતાં તે બોલી કે અહો! માણસનો જીવ સ્વપ્નમાં ક્યાં જતો રહે છે? રંગનાથ ખરેખરો પવિત્ર છોકરો મેં એના ઉપર કુદૃષ્ટિ કરેલી પણ એણે મને સન્માર્ગ દેખાડેલો. એનાજ પુણ્યનાં ફળ કે આજે હું આ અનુપમ સુખ ભોગવુંછું. રંગનાથ, હું નિર્ગુણ છું. ખરેખર હું તને વિસરી ગઇછું. તારી છબી મેં મારા કબાટમાં ઘાલી મુકી છે તે ક્યાં પડી હશે તેનીપણ મને ફીકર નથી? હું સુખમાં દુઃખના દીવસ ભુલી ગઇછું. ખરેખર તું નિર્દોષ છે, હું અમસ્થી બીહુંછું અને તેને ફ્રેમમાં નંખાવી ખુલ્લી રાખતી નથી. મારૂં દુષ્ટ મન તારાથી શરમાય છે. તારે શરમાવાનું નથી. તેં મારા યત્નને તિરસ્કારી મને અપવિત્ર થતાં બચાવી છે. તું મારા ભાઇ જેવો છે એમાં શંકા નહિ. શા માટે મારે તારી છબી બહાર મુકતાં ડરવું જોઇએ? લાવ આજે એ છબી શોધી કાઢું અને આજેજ એના ભલાનો યત્ન કરૂં. એ દુખીઓ છે તે હું જાણુંછું, મારે તે ભુલી જવું જોઇતું નથી. આમ વિચાર કરી તે ખુરશીમાંથી ઉઠી. પલંગની ગાદી તળેથી કુંચીઓનો જુડો કાઢી કબાટ ઉઘાડયું અને જુનાં લુગડાંના ઉંડા ખાનામાંથી રંગનાથની છબી શોધી કાઢી. છબી જોતાં રંગનાથ આબેહુબ તેને યાદ આવ્યો. આભારના ભાર નીચે દબાઇ જતી ગુલાબે કેટલાક ધન્યવાદ દઈ તેની છબીને ડ્રેસિંગ ટેબલ ઉપર મુકી એટલામાં–'ગુલાબ ભાભીજી! ઉઘાડો.'

ગુલાબે બારણું ઉઘાડયું એટલે, બે છોકરાં સાથે એક સ્ત્રી અંદર આવી અને બોલીકે–'કાકા પાસ થયાની છોકરાંએ મીઠાઈ ખાધી, એટલાથીજ

બધો આનંદ પુરો કરવો છે કે શું? ડૉક્ટર થયા પછી તો મેં એમને જોયા પણ નથી. અત્યારથીજ આમ કરશો, તો અમ જેવાં ગરીબ તમને ગૃહસ્થાઇમાં સાંભરશે પણ શાનાં?'

'એમ શું બોલો છો ભાભીજી! તમારો પ્રેમ વિસરાય? મોહનભાઇની મૈત્રી તો એમને ન્હાગા ફરતા ત્યારથી છે. એમને ને મારે ભેદ હશે પણ મોહનભાઇને અને એમને ભેદ નહીં હોય. મારા તમારા કરતાં તો હજી એમની રાતો શિલકમાં છે?'

બેસતાં બેસતાં મોહનલાલની વહુ તારાએ કહ્યું કે, શિલકે હવે ખુટી જશે?'

'નાના, હજી ચાર પાંચ વર્ષ સુધી તો ખુટશે નહિ એક દીવસ મોહનભાઇએજ મશ્કરીમાં કહ્યું હતું કે—'ભાભી! તમારા કરતાં અમે બહુ સાથે રહ્યા છીએ.'

'હા, એ તો મનેય કહે છે કે તારા અને ગુલાબભાભીના કરતાં અમો અન્યોન્ય ઘણાં વર્ષ સાથે સુતેલા છીએ. કીકુ! જો આ કાકી? કેમ બોલાવતો નથી?'

ગુલાબ નાના છોકરાને ઉપાડી લઇ ચુંબન કરતાં બોલી કે—રડયો મોહનભાઇના જેવો મગરૂર છે? 'બાપ તેવા બેટા' હુલાવીને 'કેમ દિકરા એમ ને? છોકરો હસી પડયો અને ગુલાબે જોડેની ઓરડીમાંથી એક નારંગી લાવી તેના હાથમાં આપી. છોકરાં છુટાં રમવા લાગ્યાં એટલે તારા બોલી કે—'ચંદુભાઈ! ક્યાં ગયા છે? આજે સવારે મારે ઘેર આવવાનો વાયદો હતો અને અમે વરસાદની માફક વાટ જોઈ પણ જણાયાજ નહિ, એવા કેવાક કામમાં પડયા છે?'

એ ને એમના પિતાજી દૂકાનને માટે તજવીજ કરે છે મકાનો જોતા ફરે છે બપોરે જમીનેય ઉપર આવતા નથી. સવારે નીચે ઉતર્યા તે ઉતર્યા. આ મેડી તો એમને સુવાની વખત થાય ત્યારે સાંભરે, અને કહી એ ત્યારે ચીડાય; મારે તો પાસ થયા નહોતા ત્યારે ચાર ઘડી વિનોદ થતો, આતો ચાર પાંચ દીવસ થયાં એમને એમ કરે છે અને મોહનભાઇ વગેરે આવે તેય નીચે એમની અને સાસુજીની સાથે વાતો કરી ચાલ્યા જાય છે. ધંધો ચલાવશે ત્યારે તો કોણ જાણે શુંએ થશે, જરા તમે શીખામણ દેજો,'

'મારી પાસે આવે ત્યારે હું કંઇ કહુંને ? મેં તો દીઠાજ નથી, અને સ-તે આવે તો તમે ચીડાઓ. ભલે, મળશે ત્યારે વાત કરીશ. હવે ઉજાણી-નું શું કરો છો ?

ગુલાબ—કાલે કહેતા હતા કે શનિવારે જવું છે. હવે જે કરે તે ખ-રૂં. મોહનભાઈ વગર કંઇ થવાનું છે? મારા પહેલાં તમે જાણશો.

નીચેથી સાદ થયો એટલે ' બેસો આવુંછું ' કહી ગુલાબ નીચે ગઇ. તારા એકલી મેડીમાં રહી તે નાના છોકરાને લઇ આમ તેમ ફરવા લાગી, ફરતાં ફરતાં, રંગનાથની છબી ઉપર નજર પડી. તેણે તે હાથમાં લીધી અને તેમ કરતાની સાથે તેના મગજમાં અનેક વિચાર થઈ આવ્યા. તે મનમાં બોલી કે—આ કોની છબી હશે ? કેમ અહીં મુકી હશે ? એ છ-બી કંઇ ન્યાળી ન્યાળીને જોવાતી હોય એમ લાગે છે. મોટા ઘરનાં બૈરાં એકલાં કામકાજ વગર તેમનો દહાડો જાય નહિતો ? સુરતનાં છે એમ વિસરવું જોઇતું નથી. સુરતની સ્ત્રીઓ રસીક, ઉત્સાહી, અને હોંશિલી ખ-રી તો ! ગુલાબભાભીજીએ સુરતી ને હોંશિલાં છે. આ પણ તેમના મનનું રમકડું હોય ? ચંદુભાઇની શંકા છે તે ખરી હશે ? હરિ, જાણે શું હશે. કોઇ કોઇના મનમાં કોઇ પેશી નીકળ્યું છે ?' રંગનાથની છબીને પાછી જે-મ હતી તેમ મૂકી દીધી અને પોતે બારીએ જઇ ઉભી રહી.

તારાનો ધણી એક સામાન્ય નોકરીઆટ ભણ્યો ગણ્યો સંસારીની વ્યથામાં પડેલો અને ગજા પ્રમાણે રળી ખાનાર મોહનલાલ તેને ચાહનાર છે, પણ, સાયબીના શોખવાળી તારા જ્યારે ધન સંબંધી તેજમાં સહેજ ઝંખવાઇ જાય ત્યારે મનમાં દુભાય એવી છે. મોહનલાલ સરલ સ્વભાવ-નો, સાદો મીલનસાર અને એકમાર્ગી છે, તારા ગરીબની છોકરી ભણી ગણી સંસ્કારમાં, સુખમાં, સાહેબીમાં અને શોખમાં સમજનારી રૂપનો ઢગલો છે. બે છોકરાં થયાં તેમણે એના મનને મંદ પાડી નાંખ્યું છે તોપણ શો-ખ તો એવોજ છે. હજી તે કવચિત રંગીલી છે, પરંતુ આસપાસની સ્થિતિ તેને નીતિ શીખવે છે. જેને દુષ્ટ કહીએ એવી અનીતિ એનામાં નથી. છો-કરાં થતાં પહેલાં ચંદુલાલ સાથે જરા સ્નેહ બંધાયલો છે. એ સ્નેહ વખતે તરી આવે છે ત્યારે તેના જીવમાં અગ્નિ ઉઠે છે પણ એ પોતે સમજુ, અને ઠરેલ થઇ છે. આણી તરફ ગુલાબ, તેના ધણીને મનગમતી થઈ છે, અને સ્નેહ જામવા આવ્યો છે. ચંદુ પોતે ભણ્યો છે, મોટો થયો છે, વ-

ઢવાળો થયો છે, એટલે પેલો તેને પ્રેમ સ્મરણ માત્ર રમણીય રહ્યો છે. ઉભય એક બીજાને જોઇ સુખ પામે છે, શરમનો અંતરપટ ઘણા કાળના અપરિચયથી દૃઢ થઈ ગયો છે. નેત્રમાં રંગઉત્પન્ન થાય પણ આગળ વધે નહિ. બેઉનાં મન એ વાત જાણે છે, હસે છે, વખતે આનંદ પામે છે પણ લજ્જામાં રહે છે એ પ્રેમ પુનઃ તારાને યાદ આવ્યો. ગુલાબના ભાગ્ય ઉપર પડેલો રૂપેરી પ્રકાશ તેના મનને જરાક ખટક્યો. પોતાના સ્વામિની મંદાવસ્થાથી ઉત્પન્ન થયેલો અપ્રાતિનો આછો પડછાયો તેના હૃદય ઉપર લિશોટાની માફક આવીને ચાલ્યો ગયો; પરંતુ ચંદુલાલની સાહેબીએ, પેલા પ્રેમને સજાગ્રત કરવાને બેલે બેલે પ્રેર્યા હોય, વ્યભિચાર રૂપી મહાપિશાચે તેના મનને મલિન કર્યું હોય તેમ, તેને રંગનાથની છબીએ ઝેરી બનાવી. તેના મનમાં ભંભેરણીની યોજનાઓ થઇ અને જેના છાપરા તળે તે ઉભી હતી, તેના ઉપર તેને દ્વેશ આવ્યો. 'ઠીક છે પ્રસંગ આવવા દો.' એમ મનમાં સંકલ્પ થયો. વળી 'આવી સરસ પ્રીતિ, જે સતત પ્રવાહે વહેતી હતી. તેને દ્વેશી અને ઝેરીલી બનાવવાનું પાપ તને કેટલું નડશે?' એમ અંતરાત્માએ તેને સવાલ કર્યો. તે ચોંકી અને અંતરાત્મા પ્રીતિની વકીલાત કરતો હોય તેમ તેના ચોંકવાનો લાભ લઈ દ્વેશનું ખંડન અને મનનું સમાધાન કરતાં જાણે તેને કહેવા લાગ્યો કે—'તારા? તને શું દુઃખ છે? બીજાના સુખ ઉપર દ્વેશ આણનારનું કદી સારૂં થતું નથી? કોઇનું ઘર ભગાવનાર સુખી થાય છે? તારે પણ તારા કર્માનુસાર સુખ છે. તમે તમારા સુખ જેટલું રળો છો, લોકમાં આબરૂ ભેર રહોછો, નાની વયે કેલૈયા કુંવર જેવા બે છોકરા હુલાવોછો અને મોટા માણસમાં માન પામોછો! એ ઓછું છે? તું કોની બરોબરી કરવા જાય છે? એક રાણીની સાથે તું તને સરખાવતીજ નહીં? મોટાની સાથે પોતાની સરખામણી કરવી અને મનમાં દુઃખ માનવું એના જેવું વહેરી વહેરીને રીબાવનારૂં દુઃખ જગતમાં બીજું છેજ નહિ. અગ્નિના કરતાં પણ ઇર્ષા વધારે બાળી મુકે છે માટે તે ન કર. એમનાં સુખ જોઈ આનંદ પામ. તું દ્વેશથી એનું ભાગ્ય મેળવી શકનારી નથી. એનાં કર્મ જુદાં છે, તારાં જુદાં છે, અને વિચાર કરી જો કે, એક માને પેટ જન્મેલા, એક નિશાળે ભણેલા અને સરખા જ્ઞાનવાળા બે પુરૂષના સુખમાં કેટલો અંતર પડે છે? કર્મને અનુસરી માણસને સુખ દુઃખ પ્રાપ્ત થાય છે, એમાં તારો ઉપાય નથી, તું દુષ્ટ થઈશ માં, એમની પ્રીતિમાં આઘાત

કરીશ માં, તારાથી ચંદ્રની ધણીઆણીછું, એમ નહિ કહેવાય ? એતો અળખામણી થશે, પતિથી દુર થશે, નઠારી કહેવાશે પણ 'એની ધણીઆણી છે' એમ કહેવાશે. તારાથી તેમ નહિ થાય ! તું જે સુખ લઇ શકીશ તે ક્ષણવારનું તારાથી એની મેડી, એનું સુખ વૈભવ નહિ ભોગવાય ? તું મનુષ્ય પ્રયત્નથી માત્ર અશાશ્વત એવા એના મદનજન્ય સુખને ક્ષણવાર ભોગવી મોટી અનીતિની કરનાર, દુષ્ટ વ્યભિચારિણી અને લક્ષ્મી જેવી ચંચળ ચીજના વિજળીના ઝળકારા જેવા સુખને માટે ઇશ્વરના દરબારમાં ગુન્હેગાર થઈ ઉભી રહીશ, માટે ભુંડી ! તારા વિચારને કોરે નાંખી દે. તારો ક્ષુદ્ર જીવ ધનના પડછાયા જોતો હોય તો તેને તું તારા જ્ઞાનથી વાર. જ્ઞાનથી પરમ સુખ થાય છે, અજ્ઞાન દુઃખનો હેતુ છે. વિદ્વાનો કહે છે તે ખોટું નથી કે—

આપથી દુઃખીઆરાંના, દૃષ્ટાંતે મન વાળવું;
શ્રેષ્ટ છે એજ સર્વેથી, જ્ઞાને દુઃખ દબાવવું.

તારા ! આ ટુંકો તું નિરંતર તારા હૃદયપટ ઉપર કોરી રાખ, એ તને નિરંતર આશ્વાસન આપશે, પરોક્ષ સુખ જોવામાંજ સુખ છે. સુખ, કોઈનું સુખ જોઇનેજ સુખી થવામાં રહેલું છે. પોતે સુખી થઇ ફરવું અને સ્પર્દ્ધામાં પડી પોતાની ઉન્નતિમાં સુખ માનવું એ વાસ્તવિક સુખ નથી. આ છોકરાઓના સામું જો. એ તારૂં સુખ વાંઝીયાંને ઇર્ષા નહિ કરાવતું હોય ? તે જો તારી પેઠે કરે તો તને સારૂં લાગે ? આપણે પારકા સુખે બળીએ તો આપણા સુખે બીજુ પણ બળે. હમેશાં જેવો શબ્દ તેવો પ્રતિઘોષ અને જેવી આપણી વૃત્તિ તેવી પ્રતિ વૃત્તિ એમ ખાત્રીથી માનજે નઠારા શબ્દનો નઠારો ~~પ્રતિઘોસ થાય~~ એમાં શી નવાઇ ? છેડે બંધાયલું પાપ ખંખેરી નાંખ. અભેદ વૃત્તિ તમને સુખ કરશે. જો એક બીજાનાં સુખ ઉપર બળશો તો બેઉનું બગડશે. તારાથી અનુભવાશે નહિ અને સામાને અનુભવવા દેવાશે નહિ. 'પીવું નહિ અને પીવાય દેવું નહિ, એમ કરવું તને સારૂ લાગે છે ? બોલ, તારા કેમ ગુમ થઇ ગઇછું બોલ, પ્રસન્ન થા, અને કર્માનુસાર જે તને મળ્યું છે તેમાં આનંદ પામ. સંતોષથી તને મોટી સમૃદ્ધિ કરતાં પણ અધિક સુખ થશે'. તેનાં નિશ્ચલ લોચન જાણે કંઇ દેખાતાંજ ન હોય તેમ થઈ રહ્યાં અને જાગતી અવસ્થામાં ધોળે દિવસે જાણે સ્વપ્ન અનુભવતી હોય તેમ તારા બારીમાં જોઇ રહી, અંતરાત્માએ તેને શીખ દીધી

તે જાણું તેને ખરી લાગી અને આત્માના વાદથી પરાજીત થયેલું મન કંઇ સીદતું હોય તેમ મંદ પડયું, એટલામાં બારીના બારણા ઉપર કંઇક અસ્પષ્ટ અક્ષરાવલી ઉપર તેની આંખ પડી. આંખે તે વાંચવાની ઇચ્છા કરી અને જરાક મસ્તક નમાવી જોતાં રંગીત દ્વારફલક ઉપર પેન્સીલથી લખેલી ચંદુલાલના અક્ષરની કવિતા જણાઇ. તારાએ તે બેસાડી. તેણે તે પ્રસન્ન થતાં થતાં નીચે પ્રમાણે વાંચી:—

'કદી ઉભાં રેતાં રાતે અત્ર,
એકાંત વાતાયને,
લેતાં શીળી પવનતણી લ્હેર,
ચંદની જોતાં આપણે,
તારો કમખો, વેણી અને કેશ,
ફરીને સમારતાં,
કરતાં કલ્લોલ વાત વિનોદ,
સુરત શ્રમ ટાળતાં,
સાંભરે છે સલુણી ! એ દિન—
પ્રસંગ, વિજોગમાં;
ત્યારે ચર ચર દાઝે છે ચિત્ત,
પડું છું હું શોકમાં.

બે વાર બરાબર વાંચી—સીતાજીના મહિનાનો રાગ બેઠો, અને તારા સમજી. સમજતાં તે બોલી ઉઠી કે—'વાહ ! ચંદુભાઇ વાહ ? આ તો એ સુરત ગયાં હતાં ત્યારે તમે લખ્યું હશે ? કેવો મજેનો પ્રસંગ, આ પ્રમાણે મારાં વાલાં કેવી મોજ કરતાં હશે ? સ્ત્રી પુરૂષનું એકાંત ! અહો કેવું ભાગ્યશાળી અને સ્મરણ કરતાં પણ સુખનું આપનારૂં છે. ગુલાબને ઉપર આવવા દ્યો; હજી તે તારાના મુખમાં આ બોલ હતા, એટલામાં અંદર આવતાં ગુલાબ બોલી કે—' તારાભાભી ! માફ કરજો, સાસુજીએ બેસાડી તેથી જરા વાર થઇ ?'

'તમને બધું માફજ છે. જેને હાથેળીમાં ભાયડો નાચે તેને માફ કરનાર બીજું કોણ હોય ?,

'કેમ એવડું બધું ભાભીજી ?'

'આ જુવો. અહીં, આ વાંચો. તમે વાંચ્યું તો હશે પણ ફરીને કહુંછું.'

'ના, શું છે? ત્યાં શું વાંચવાનું હોય?'

ગુલાબ બારીએ ગઈ, વાંચ્યું અને હસી ગઇ 'મારા સમ, મેં વાંચ્યું હોય તો. જુઓને આવું આવું શું લખતા હશે? નાનું મોટું ઉપર આવે ને વાંચે તો કેવું લાગે?'

'સારૂં મજેનું લાગે? શું ખોટું લખ્યું છે? જેવું થતું હશે તેવું આબેહુબ લખ્યું છે.'

'મને તો કંઇ સમજાતું નથી. તમે શું હસો છો?'

'તમે એમને એમ નહિ સમજો. અભણ, અજ્ઞાન અને ભોળાં ખરાંની.'

'આમાં એવું શું છે તે?'

'કંઈ નહિ. બીજું શું હોય' રતિ નિવૃતિ કાળનું વર્ણનછે અને એમનાં ગાંડાં.

'વેણીને કેશ—એતો એકનાં એક ભાભીજી?'

ના, વેણી—તમારા અંબોડાની અને કેશ—કુંતલ—વેણીનું, કુંતલનું અને × × સમારવું તે સમજ્યાં કે? આગળ ટીકા કરૂં?

'અમારી તો તમે હમેશાં ટીકાજ કરોછોની! હજી અમે ગાંડાં કાઢવા જોગ છીએ અને કાઢીએ છીએ.'

'કાઢો નિરાંતે, પછી વચમાં ફાંસ પડશે.'

'ભલેને, એવી ફાંસને માટેજ સઉ થાય છે ને?'

'હુંતો હમેશાં કહુંછું કે ચંદુભાઈના પગમાં બેડી પડશે ત્યારે તોર નહિ રહે.'

'મારો તોર નહિ ઉતરે! એમ કહેતા ચંદુ અને મોહન મેડીમાં દાખલ થયા. બેઉ જણ ઉભાં થયાં. ચંદુલાલ મોટા કીકાને લઇ ખુરશીપર બેઠા, મોહનલાલ સોફાપર પડયો અને બોલ્યો કે, 'ટાઢું પાણી છે કે?'

'રહો નીચેથી મંગાવું'

'કેમ મેડીએ પાણીએ ન મળે?'

તારા—ચંદુભાઇ હમણાં મેડીએ ઓછું બેસે છે એટલે ટાઢું પાણી ક્યાંથી હોય?

ગુલાબના સામું જોઇ ચંદુ બોલ્યો કે—'એટલામાં એમ ફરીયાદ થઇ ગઇ કે?'

'એમાં ફરીયાદ શાની? જુવો મોહનભાઇ! પોતે નવ નવ દશ દશ

લાગ્યા વગર આવે નહિ, અને મને દમ ભરાવા જાય છે ?'

મોહન—'એમનો દમ ભરાવવાનો વખત છે ?

'અને તે કોના ઉપર, મારા ઉપર કે ?'

ચંદુ—'નાજી! માફ કરજો. હવે તો અમારે તમારો દમ સાંખવાનો છે?'

ગુલાબ શરમાઇ બહાર ગઇ અને ચાકરને હાંક મારી પાણી મંગાવ્યું. ચારે જણ બેઠાં અને ગપ્પાં ચાલ્યાં, એટલે ગંજરી ઉપર આવી બોલી કે—'ગાડીવાળો કહે છે કે 'ભાઇને બહાર જવું છે કે ગાડી છોડી નાંખું ?'

ચંદુ—કેમ મોહનલાલ આપણે વાડી જોઈ આવીશું?

મોહન—મને હમણાં અવકાશ નથી તમે જોઇ આવો તો ઠીક.

'હું એકલોજ જાઉં ? પસંદગીને માટે કોઇ હોયતો સારૂં. બે મત હોય તો વિચાર થાય.'

તારા—આમને લઇ જાવ, એટલે વિચાર થશે.

'ત્યારે તમેય ચાલોની ?'

ગંજરી—ચાલો આપણે બધાંય, મહાલક્ષ્મીજીનાં દર્શન કરતાં આવીશું.

ગુલાબ—હા, હા, ચાલો. તારા ભાભીજી તમે હશોતો ગમ્મત થશે.

મોહન—ઠીક છે જાવ બધાંય, ફેશનેબલ ફેશનેબલ !

ચંદુ—હા, ચાલો.

મોહનલાલ સામું જોઇ તારા બોલી કે—રસોઇની બુમ પાડતા નહિ. બહાર જઇએ તે મોડુ વેલું થાય. તમે કહેતાહો તો જાઉં?

ગુ—સાત વાગે આવીને રસોઇ કરવાની ખટપટ કરવાનું શું કરવા રાખો. અહીં જમજો.

ગંજરી—હા, હા, તારાભાભી. એમજ રાખો.

મોહન—એમ કરજો. ચાલો હું જાઉંછું.

ગંજરી—સાત વાગે અહીંજ આવજો.

ઠીક છે. જાવ, મોહનલાલ ઉઠયો અને ચંદુલાલ, ગુલાબ, ગંજરી, તારા અને બે છોકરાં ભીજબાનીવાળી વાડી જોવા જવા તૈયાર થયાં, તારા તૈયાર હતી. ગંજરી નીચે ગઇ અને ગુલાબ સાડી પહેરી સેજવારમાં તૈયાર થઇ, સાસુની રજા લેવા ગઇ. ચંદુ, તારા ને છોકરા નીચે ઉતરવાની તૈયારીમાં હતાં, એટલામાં રંગનાથની છબી જોઇ ચંદુ બોલ્યો કે-'આ અનુપમ છબી કોની છે ? તમે લાવ્યાં છો તારાભાભી ?,

તારાના મનમાં આ સવાલ સાંભળતાં અનેક વિચાર થઇ આવ્યા, શું કહેવું ? ગુલાબનું પાપ ફાડી દેવું કે નહિ, એમ તેને મુંઝવણ થઇ. હા ના ની વચ્ચે ટુંકો પણ તેને ગુંચવી નાંખનારો ઝગડો, વીજળીના વેગે તેના મગજમાં સંક્ષોભ કરી રહ્યો અને કંઇ સુઝતું ન હોય તેમ એક પગ મેડીમાં અને બીજો પગ બહાર એમ ઉભી રહી. પાસુવાળી તેણે ચંદુના સામું જોયું, એઉની આંખો મળી, નવ ગણા જોરે કામદેવે તારાને ઉશ્કેરી, પુર્વનો પ્રેમ તાજો થઈ ગયો. તારાની આંખ હરી.

'જુઓ, તમારી છે ? ' એમ કહી ચંદુ પાસે આવ્યો,એટલે તારા બોલી કે-' મારી નહિ પણ તમારાં પ્રિયાની છે ? કોની છે એમ પુછવાનું શું કારણ છે, મુકી દો. હોય, માણસ છે, હમણાં મારી અને તમારી આંખોમાં શું શું થઈ રહ્યું હતું ? '

કોણ જાણે કહી ચંદુ પાસે ગયો એટલે તારા બોલી કે—ચાલો, ચાલો વખત થઇ જશે. એવાને એવા કાલા રહ્યા ?

તુરત બીજો પગ ઉપાડી બહાર નીકળી અને નીચે ઉતરી ચંદુલાલ પેલી છબીને પલંગ તરફ ફેંકી બારણું બંધ કરી નીચે ગયો. સઉ ગાડીમાં બેઠાં—ચંદુ અને ગુલાબ એક પાસા બેઠાં અને ગજરી તથા તારા છોકરાં લઇ તેમની સાથે બેઠાં. ગુલાબ નિખાલશ હતી અને પેલાં બે જણ ઉંડા વિચારમાં ઉતરી પડેલાં હતાં. ગાડી ચાલી અને ગજરી બોલી કે—'જુવો તારાભાભી ! મારાં ભાઇ ભોજાઈ કેવાં લાગે છે ?

"જાણે ઇંદ્ર ઇંદ્રાણીનું જોડું."

સઉ હસ્યાં પણ ચંદુનું મુખ ગંભીર રહ્યું. ગુલાબે માર્ગમાં બે ત્રણ વાર જુદી જુદી રીતે કંઇકિ પ્રસંગ મળતાં તેને ઉદ્દેશી સવાલ કર્યા પણ તેણે બરોબર ઉત્તર આપ્યા નહિ, બધાં સાથે હતાં એટલે ગુલાબે ધાર્યું કે પોતે સભ્યતાને ખાતર બોલતા નહિ હોય. તેને કંઇ લાગ્યું નહિ પણ ચંદુલાલનું મન પેલી બાબત ઉપર વિચાર કરવા મંડયું. તારાનાં વચનો તેને ખરાં અને પોતાને મેણારૂપ લાગ્યાં. ગુલાબ તેને અપવિત્ર લાગી અને ખરેખર તે એવી હશે એમ એક પછી એક જુદે જુદે કાળે બનેલા જુના બનાવોને યાદ કરી તેનાં વર્તનની પરીક્ષા કરવા લાગ્યો. ગાડીના વેગની સાથે તેનું મન વિચારના વેગમાં પડયું અને સઉ મૌન રહી બહાર જોતાં રહ્યાં.

એટલામાં સાગરના કિનારા ઉપરના પેલા વિશાળ બંગલાના પોર્ટીકોમાં આવી ગાડી ઉભી રહી અને ગાડીતે નીચે ઉતરી આવી બારણું ઉઘાડયું. એકદમ ચંદુના મનમાંના વિચાર સમેટાઇ ગયા અને સઘળાં નીચે ઉતરી બંગલામાં ગયાં. દરેક ઠેકાણે ફરી દરેક હૉલ, રસોડું, મિજલસનો ઓરડો વગેરે જોયું અને ફરતાં ફરતાં બાગમાં આવ્યાં. બાગમાં પેસતાં તારા બોલી કે—"ચંદુભાઇ ! આ બંગલો તો બહુ સારો છે. તમારા ૫૦ મિત્રો અને બઇરાં હશે. તોપણ તેમનો સમાવેશ થશે. કેમ ત્યારના કંઇ બોલતા નથી. ઘેર તો કહેતા હતા કે, એ જાણ્યુ વગર પસંદગીનો વિચાર કેમ થાય ? "

ગુલાબ—"એમનો જીવ કંઈ બીજી બાબતમાં પડી ગયો હશે. ગાડીમાં એ વારતો મેં કંઇ કંઇ પુછ્યું પણ બોલ્યા નહિ; આપણે તો સાથે ફરીને જોયું અને સઘળું ઠીક લાગ્યું પણ એમને ગમ્યું કે નહિ તે તો એ જાણે ?"

ગજરી—"મીજલસનો મોટો હૉલ સારો છે. પણ ભાઇના બધાય મિત્રો જો તેમની વહુઓ સાથે આવે તો બઇરાંની સગવડ થાય તેમ નથી ?"

ચંદુ—"જુવો ! ગજરીએ કેવો મત આપ્યો ? તમે હાજી હા કરનારાં છો. હું તમારી પરીક્ષા જોતો હતો ?"

તારા—"મારી પરીક્ષા થયેલી છે. અમે વાડી બંગલા અને મોટી મિજલસો ક્યારે જોયેલી કે ખબર પડે ? અને ગુલાબ ભાભીજી તો તમે ગાડીમાં એમને જવાબ આપ્યા નહિ તેથી ગુસ્સે થયાં હશે ?"

ગુલાબ—"હું તો હમણાં ગુસ્સેજ થતી નથી."

ગજરી—"હમણાં કેમ ? મેં તમને કોઇ બી વાર ગુસ્સે જોયાં નથી."

તારા—"નણંદને સાક્ષી પુરતાં પણ કયાં વાર લાગે છે ?"

ચંદુ—"તમારે દર્શન કરવા જવું છે કે અહીંજ રાત પાડવી છે ?"

તારા—તમે નથી આવતા ?

'ના તમે જાવ.' બંગલાના ભઇયા સાથે તેઓ મહાલક્ષ્મીજીનાં દર્શન કરવા ગયાં, અને માળીએ થોડાં રજની ગંધનાં પુષ્પ આપ્યાં તે લઇ ચંદુલાલ ફુવારાની સામે એક આસન ઉપર બેઠો. સાંજનો વખત હતો, ધીરે ધીરે દરીઆનો પવન આવતો હતો, પાણીના જોરથી ફુવારો ગોળ ફુંદડીએ ફરતો અને જાણ્યુસીકર ઉરાડતો હતો, મીઠી મીઠી ગુલાબની આછી

સુગંધી પવનની લહેરકી સાથે આવતી હતી, ફુંવારાના હોજમાં લાલ માછ-લીઓ ચતુરાનાં લોચનની માફક ફરતી હતી, બદામના ઝાડઉપર પંખી-ઓ માળામાં ભરાઇ બેસતાં હતાં, અને ચોમાસાની પ્રશાંત રાતે જળ દ-રોણીનાં મેઘજળ ટપકતાં હોય તેવો પાસેના બંગલામાંથી ઝીણો ઝીણો ધાતુના ટકોર જેવો પિયાનાનો નાદ ચાલતો હતો. ચંદુલાલ ફુલ સુંઘતો ખુશ મીજાજમાં બેઠો હતો એટલે તેને ધંધાની વાત સાંભળી આવી. ધંધામાં પ-ડતા પહેલાં માણસને વિચારોની જે ગુંચવણ પડે છે તે જાતની ગુંચવણ-માં પાસ થયા પછી ચંદુ અને રામચંદ્ર પડેલા હતા. મુંબાઇમાં ઘરને આં-ગણે ડૉકટરનો ધંધો ચલાવવો કે નોકરી લેવી ? એ બે બાબત વચ્ચે બા-પ દિકરો હમેશ વાત કરતા પણ એકે નિશ્ચય ઉપર આવતા નહિ. અત્યા-રે એકાંત હોવાથી તેજ બાબત ચંદુલાલની આગળ આવીને ખડી થઇ. તે મનમાં બોલ્યો કે–"અહો આ બાબત ઉપર કેટલા વિચાર કર્યા ? બાપા-જી કે હું તેમાં કંઇ નક્કી કરી શકતા નથી. મન પોતાની ચંચળતાથી એ-કવાર આ વસ્તુને સારી કરી દેખાડે છે, તો બીજી પળે બીજી વસ્તુ ઉપર લઇ જઇ તેના લાભ સૂચવે છે. શું કરવું તે નક્કી થતું નથી. મન હોલે ચ-ઢયું હોય તેમ થઇ રહે છે અને વિચારની પરંપરાથી આખરે થાકી જ-વાય છે. રળવાની મારે કાળજી કરવાની નથી. પિતાજી મારી કમાઇ માટે બેશી રહ્યા નથી પરંતુ મારૂં મન મને એમ કેહે છે કે હું મારો પોતાનો ખરચ ચલાવી શકું એટલું રળાય નહિ ત્યાં સુધી તો કંઈ નહિ. પિતાજી-ના મનમાં એમ છે કે હું હાલ વધારે ન રળું તો ખેર પરંતુ આગળ ઉ-પર જેમાંથી સારો લાભ થાય એવો રસ્તો લેઉતો સારૂં. અલબત એ વાત ઘણા અનુભવની છે એમણે જીવનની જે લડાઇઓ જોઇ છે તેનું મને સ્વ-પ્ન પણ નથી, તુંબડી અને કાંબળી લઇને આ ટાપુ ઉપર ઉતરેલા પિતાજી-એ જે મોટી સમૃદ્ધિ મેળવી છે તે અનુભવનો લવ પણ મને નથી. એ ઓછું ભણેલા, કદાપિ સહેજ જુના વિચારના છે, તથાપિ એમનો અનુભ-વ બહોળો અને બહુ જનને સન્માર્ગ દેખાડનારો છે. મુંબાઇમાં રહી ધં-ધો ચલાવવો એમ એમને મત છે. અને તેના ટેકામાં તેઓ જણાવે છે, તે વાસ્તવિકજ છે કે–એમનો હમણાં મારાં નાણાંની જરૂર નથી. મને જે મળશે તે ખરૂં પણ જતે દહાડે હું જામી જઇશ. ધંધા રોજગારની બાબ-તમાં હમેશાં એમજ બને છે. પ્રારંભમાં તે ઝાઝો લાભ બતાવતાં નથી દુઃ

ખ અને સંકોચમાં તેની ઉપર કંટાળો આવે છે એ ખરૂં પરંતું આખરે એમાંથી લક્ષ્મીના ઢગલા નીકળે છે. નોકરી વહેતા પાણી જેવી છે. મહિના ઉપર ભાગ્ય બંધાઇ જાય છે. મનમાં તેથી વધારે ઓછા મળવાની ચિંતા કે ઉજાગરો રહેતો નથી. અને જેવું ભાગ્ય બંધાય છે તેવું ખરચ રાખી માણસ નચિંતાઇથી તેમાં પ્રવર્તી શકે છે. પિતાજીનું મન મને મુંબાઈ-માં રાખવા તરફ વધારે ઢળે છે તેનું બીજુ કારણ પણ સ્પષ્ટ છે. એમની વૃદ્ધ આંખો આગળથી એ મને દૂર ગયેલો જોવાને ઇચ્છતા નથી. દાદીમા પાકુ પાન થઇ રહ્યાં છે. અને એમણે એ ત્રણ પેઢી સુધી પહોચે એટલી સમૃદ્ધિ મેળવી છે. ઘણાં દુઃખ વેઠી એમણે એમનો અરે મારો અને મા-રાં છોકરાં થશે તેમનો ઉદય કર્યો છે, તે વૃદ્ધ પિતાજીને હાલ એમ થાય એ દેખીતુંજ છે. મારા અને ગજરીના ઉપરજ તેમનાં બેઉ લોચન ઉઘાડાં છે. અથવા મારા વડે પિતાજીની આંખો અને ગજરી વડે માતાજીની આં-ખો હસે છે, એક પુત્ર તે પુત્રમાં નહિ એવી લોકકથાથી એમનું મન મને સુનો મુકવા પરદેશ મોકલવા આનાકાની કરે છે એ વાસ્તવિક છે માબાપનો છોકરાં પરનો પ્રેમ વર્ણાય તેવો નથી. વારૂ, એ મને શાને માટે દૂર મોકલે ? એમને શું મારી કમાઈ ઉપર રહેવું છે ? હું ભણેલો પણ ભણ્યો ન હોઉ તોપણ એમને મારા ઉપર અપ્રીતિ થવાની હતી ? ક-દી નહિ. એમના પ્રેમનો મારાથી બદલો વાળી ન શકાય તેવો છે અ-ને મારે તેમના આત્માને ખોટું લાગે, તેમનો જરા પણ જીવ બળે એમ કરવું નથી, પરંતુ મારૂં મન મને જે કહે છે તે એ છે કે—' ચંદુ ! પારકી મા કાન વિંધશે ? જગતનો, લોકનો, પરદેશનો અને વ્યવહારનો અતિ ઉત્તમ તને લાભ મળશે, માટે પરદેશમાં નોકરી હોય તે લેવી. અનુભવને ખાતરજ તારે એ કરવાનું છે, ખરેખર મારા મનની વાતો પણ સત્ય છે, શાકના શા ભાવ ચાલે છે તે પણ હું જાણતો નથી, પૈસોજ નહિ પણ આજીવિકાને જરૂરીઆતની વસ્તુઓ કયાં અને કેમ મ-ળે છે તે પણ મને ખબર નથી, એમના રાજ્યમાં મેં શું અનુભવ્યું છે ? ખાઇએ છીએ મોજ કરીએ છીએ અને તેમણે મોટા શ્રમે મેળવેલી લ-ક્ષ્મીને વાપરીએ છીએ, મનેજ લાડ લડાવે છે એમ નહિ પણ મારી બાયડીનેએ કેટલી મોજ મણાવે છે ? આપણી નાતમાં જરા દેખાવડી અ-ને સારી કન્યા માબાપ વગરની હતી તે એમણે પ્રસંદ કરી, એના કાકા-

ને ત્યાંથી લાવી અહીં રાખી, ભણાવી તેને અહીંની મનગમતી રીતભાત, બોલવું ચાલવું અને પેરવું ઓઢવું શીખવાડયું, ટુંકામાં તેમણે મારે માટે એને અનુકૂલ કરવાને ઓછો શ્રમ લીધો છે ? ખરે મારૂં સુખ જોવાને તેઓ આટલું બધું કરે છે અને કરશે. હું તેનો બદલો વાળીશ, તેમની પાસેથી નમી પડીને બે વર્ષની રજા લઇશ પણ મારા અને મારી સ્ત્રીના અનુભવને માટે પરદેશ જઇશ. એ પોતે ધારશે તો મને સારીજ નોકરી અપાવશે. મને અનુભવ આપવા તરફ એમનું લક્ષ છે, 'સાગરપુરના રાજ્યમાં મુખ્ય મેડીકલ ઓફીસરની જગાએ તને મોકલી શકાય એમ છે ' તે એમણે પેહેલેજ દિવસે મને કહ્યું હતું, પરંતુ વાત્સલ્ય અને દાદીમાની સલાહે તેઓ પછી કંઇ બોલ્યા નથી. આજે હું એ બાબત છેડી નક્કી વિચાર જણાવું, તેમની રજા માગી લઉં અને સાગરપુરના રાજ્યમાં એક અધિકાર ઉપર જઉં, દેશીરાજ્યોમાં પણ ઘણી જાતના અનુભવ મળે છે અને માણસોના મનનો અતિ ઉત્તમ અભ્યાસ કરાય છે; રાજ્યદ્વારમાં બહુ વિધનાં માણસ હોય છે અને તેમાંથી ભણ્યાગણ્યા માણસને ઘણું શીખવાનું મળે છે. મારે નોકરીનો, દુનિયાદારીનો અને પરદેશનો અનુભવ તો અવશ્ય લેવો, અહીંઆ મને તે લાભ થવાનો નથી, પિતાજી અને નોકર ચાકરો મને કશું કરવા દેતા નથી. પણ શું પિતાજી બેશી રહેવાના છે ? માથે આવી પડશે ત્યારે બીન અનુભવે આ સંસારનું ચક્ર મારાથી ચલાવી શકાશે ? જો પરદેશ નહીં જાઉંતો હું પછી કયારે ઘડાઇશ ! માટે પરદેશ તો માણસે અવશ્ય જવું, ગમે તેવો સુખી માણસ હોય પણ તેણે દુ:ખનો અનુભવ લેવો, સહનશીલતા શીખવી અને આ સુખી દેહને કેટલુંક દુ:ખ સહન કરતાં શીખવવું, કયારે કેવો વખત આવશે તે કોને ખબર છે ? બાયડી પણ મારા જેવી છે, માતાજીએ એને આંખની કીકી જેવી ગણી લાડ લડાવી સુધારી પણ કામ શું શીખવ્યું ? ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે જાય એટલુંજ શીખી, સારૂં ચાવીને બોલવું, ફેશનેબલ કપડાં લત્તાં પસંદ કરવાં, ઘરેણાં પહેરવાં ને મેલવાં એ આવડયું તેથી શું ? રસોઇઓ એક દિવસ જતો રહે છે અને રાંધવા પેસવું પડે છે ત્યારે એને કેવું થાય છે ? અને જમણમાં કેવા સ્વાદ લાવે છે ? એને પણ પરદેશનો અનુભવ મળશે, માટે જરૂર સાગરપુરવાળી નોકરીને માટે હું પિતાજીને આજ આગ્રહ કરૂં, દરબારી નોકરી-

થી કોઇનું ભલું કરી શકાશે, મોહનલાલ બિચારો અહીં દુ:ખી છે એને પણ ત્યાં મારાથી ઠેકાણે પાડી શકાશે. જે માણસને હાથે બીજાનું હિત થાય છે તેજ જગતમાં અધિકાર પામ્યો ધન્ય છે. તારાબાઇને પણ બિચારીને મોજની બહુ લાલસા છે, અહો ! એ ધણી ધણીઆણીએ ઓછાં દુ:ખ વેઠયાં છે ? તારા ગરીબને ઘેર જન્મેલી ગરીબને ઘેર પડી પણ એને કશું શીખવવું પડે છે ? રૂપાળી કેવી ? તંદુરસ્ત, બોલવામાં, પહેરવાઓઢવામાં મુંબાઇમાં ઉછરેલાં હોય તેનેય છક્કડ મારે એવી છે, વળી કેવી સુભાગી વીસ વર્ષની વયમાં બે છોકરા અને તેય કેવા ? ગૃહસ્થનાં છોકરાં જોયાં હોય તો એબ જેવાં, નાદાર મુખ ઉપર માખો ફરતી હોય ! મોહનના છોકરા એની મા ઉપર પડયા એમ દાદીમા કહે છે તે ખરૂં છે, ગભરૂ જેવા જાડા, સુંવાળા, હસમુખા અને ગુલાબની પાંદડીનું ગોશાકું હોય તેવા છે ! સુખાભિલાષિ તારાએ સુખનો અનુભવ લીધો નથી માટે એનું પણ મારાથી શ્રેય થશે, એમને હું મારાથી બનશે તેટલી મદદ કરી સુખી કરીશ, સારે ઠેકાણે ચડાવીશ અને જેમ મારાં સુખ જોઇ એ મગન થાય છે તેમ એમને સુખ વૈભવનો અનુભવ લેતાં જોઇ હું પ્રસન્ન થઇશ, સાગરપુર જવાશે તો સઉ થશે, એય ખરૂં છે કે પરદેશમાં પ્રીતિ સારી રહે છે.

ચંદુલાલ આવા વિચારોમાં રજની ગંધની વાસ લેતો મીઠી પવનની લહેર અનુભવતો હતો એટલામાં તારાનો પુત્ર આવી તેને વળગી પડયો અને ‘ કાકા ચાલો અમે આવ્યાં ’ એમ કહ્યું. ચંદુલાલ ઉભો થયો, છોકરાને લઈ લીધો અને પોર્ટીકોમાં જઈ સઉ ગાડીમાં બેઠાં. પેલા સુભાગી વિચારો ગાડીમાં ચાલુ રહ્યા, દાર્મેયાન સ્ત્રી વર્ગે જુદી જુદી બાબતપર વાતો કરી અને પ્રસંગોપાત્ ચંદુલાલે તેમાં ભાગ લીધો. ગુલાબ તેની મગરૂરીમાં અને પોતાને ઉત્તર નહિ આપેલો તેની રીસમાં ગંભાર રહી. ‘ અંત:પુરમાં એકઠાં થઇશું ત્યારે હું એમની ધુળ કાઢી નાંખીશ, એવો ગર્વી વિચાર તેના મગજમાં ઘુમી રહ્યો હતો. મહાલક્ષ્મીજીનાં દર્શન કરતાં ગજરીએ ‘કેશવચંદ્રવર મેળવજો માતાજી !’ એવો જાણે સંકલ્પ કરી સ્તુતી કરી હતી અને એજ વિચારમાં તેનું મન ખુશ હતું. પોતાનાં ભાઇ ભોજાઇની માફક પોતે સુખ લઇશું એવા આનંદના ઉભરામાં તે ગાડીમાં બીજી વાતો પણ મંદ મંદ હસ્તી હસ્તી કરતી હતી. તેઓ ઘેર આવ્યાં.

તારા છોકરાં લઇ ઘરડાં માની પાસે ગઇ, ચંદુલાલ મેડીએ ગયો અ-

ને ગુલાબ તથા ગજરા પોત પોતાના કામ તરફ વળ્યાં. તારાએ ઓરડા-માં પેસતાં કહ્યું કે—' માજીને પગે ના લાગ્યો કે ફીકુ ? ' છોકરો પરિ-ચિત હોવાથી દોડી જઇ ડોસીના પગમાં પડ્યો અને તેણે માથે હાથ મુકી ખોળામાં લઇ બેસાડતાં કહ્યું કે—' તારાવહુ ! આજ ઘણે દહાડે જણાઇ, ઘેર બેઠી બેઠી શું કરે છે ? '

' તમારા છોકરા એવા છે માજી ! કે, હું તો એક ક્ષણે નવરી પડતી નથી, લઇને બહારેય શું નીકળીએ ? આ મોટો તો આમ તેમ દોડી જાય છે અને રસ્તામાં કેટલુંય દુઃખ દે છે '

' ફીકુ ગાંડીઆ એમ કરાય કે ? હવે જો ફરિયાદ આવશે, તો પ્ર-સાદનું મગજ નહિ આપું. ' આમ કહી ડોસીએ ફીકી તેના હાથમાં મગ-જ આપ્યું. તારા વહુ ! તમારા ચંદુભાઇ પાસ થયા કે ?

' હા માજી આપના પુણ્ય પ્રતાપે પાસ થયા. '

' મોહન, તમારી સાથે નહોતો ? '

' ગુલાબભાભીજી, હું, ગજરા બા અને ચંદુભાઇજ ગયાં હતાં. '

' એ કામે ગયો હશે. મને તો ચંદુ કરતાં મારો મોહન વહાલો લાગે છે. એ એની મેળે એના કામમાં અને કામમાં. કોઇની માફક એને હસ્કાર્ય જ નહિ. સાદાઇમાંજ સાર છે અને એ ખરૂં સમજ્યો છે. છોકરાં ઉંડે એવા ચેંડ ચેંડ કરતા બુટ પહેરીને ત્રીજા માળ સુધી જવાં, બઇરાંની પેઠે બહાર જતાં ને આવતાં પટિયાં પાડવાં ને ખાતાં પિતાં ટપ ટપ મલે-ચ્છની ભાષા બોલવી એવું એવું મને ગમતું નથી. મોહન આવે એવો મા-રી પાસે બેસે . ડહાપણ અને શાણપણ કોઇના બાપનું છે ? '

તારાએ મંછામાના પગ ચાંપવા માંડ્યા ત્યારે મંછામાએ મોહનલાલ-નાં વખાણ કરવા માંડ્યાં. તારા વિવેકી અને દુશ્મનના પેટમાં પેશી જાય તેવી હતી. ચંદુલાલના ઘરમાં સહુ એને ચહાતું હતું. મંછામા તેના ઉપર બહુ પ્રેમ રાખતાં અને અવર નવર રામચંદ્રને કહી કોઇ કોઇ પ્રસંગે મો-હનલાલને બે રૂપિયા રગાવતાં, એવાજ રૂપિઆમાંથી તારાની પાસે ચાર દાગીના થયા હતા.

' રહેવા દે , તારા વહુ ! હું કંઇ બહાર ગઇ નથી. '

' ઘરમાં બેઠે બેઠેય તમારા પગનો અકડાઇ જાય માજી ! '

' મોહનલાલ આવ્યા તેમને જોઇ ફીકુ બોલ્યો કે—' દાદિમા !

મોહનભાઇ આવ્યા. '

તારાએ આછું ઓઢયું અને મોહન બોલ્યો કે—' મંછામા દર્શન કરી આવ્યાં કે ? '

' ના દિકરા ! આજતો હું બહાર ગઈ નથી.'

' હવે તમારે બહાર જવું નહિ માજી ! આપણે ઘેર કયાં ઠાકોરજી નથી ! '

ગજરી ઓરડામાં આવી બોલી કે–'ઓહો મોહનભાઇતો અહીં ઉભા છે ને ચંદુભાઇ તો પણે જમવા માટે વાટ જુવે છે ? '

' ચાલો બેન હું ત્યાંજ જાઉં છું. ' મોહનલાલ ગયો અને ગજરી તેની પુઠે ચાલી એટલે મંછામા બોલ્યાં કે –' ગજરી ? આ છોકરાઓને લેતીજા, એમને મોહન તથા ચંદુની સાથે જમવા બેસાડ. ' ગજરી તેમને લઇ ગઈ. ડોસીએ તારાની સાથે વાત ચલાવતાં વધાર્યું કે—'તારા વહુ? અમારી વહુને તે કંઇ થશે કે નહિ ? વીસ વરસ તો થયાં હશે, અહો ! એને આણું કરે કેટલાં વરસ થયાં ? રામચંદ્ર અને જેકોરને તો કંઇ નહિ પણ મને તો એની બહુ ઝંખના રહ્યા કરે છે. પેટનાં પેટ જોઇને જવાય તો સારૂં. મહિનો થઇ જાય કે હુંતો ઠાકોરજીને કહું કે—જો એમ હશે, તો ઠાકોરજી મહારાજ તમારૂં ફલાણું કરીશ, પણ કંઈ નહિ, એક બે દીવસ વહેલા મોડાય થતા નથી. મહિનો થાય કે જાણે એહોજ છે. મને કંઇ અળખામણી લાગતી નથી, સમજીને વહુ ! પણ જાણે શંકા થયા કરે કે એવીને એવીતો નહિ રહે ? '

' નારે માજી ! કાલે ઇશ્વર સારો દહાડો દેખાડશે અને તમ જેવાં ભાગ્યશાળીને ઠાકોરજી પેટનાં પેટ દેખાડશે. કોઇને ઉચ વરસેય આવે, એમાં એની શંકા લાવવી નહિ, ગુલાબ ભાભીજી તે માજી ! મોટાં કયારનાં થઇ ગયાં ? કાલ સવારે એ સુરત આવ્યાં અને ઘાઘરી ઓરણાં પેરી ફરતાં હતાં. ઇશ્વર સૌ સારાંવાનાં કરશે. મારા કાકાજીની દયા ઇશ્વરનેય ડોલાવશે, તમારાં પુણ્ય ફળશે અને પારણાં બંધાતાં વાર લાગશે નહિ !'

' મારો રામચંદ્ર લોકના ઉપર દયા રાખે છે તે અમસ્થો નહિતો ! દુ:ખ કેવું હોય તે એણે જોએલું છે. અહો ! એણે જે દુઃખ વેઠયાં છે તે આજ કોનાથી વેઠાય એમ છે ? નાનોબાળ બાર વર્ષનો, એ મુંબાઈ આવેલો અને તે દાડે તો આ આગગાડીએ નહિ અને આગબોટે નહિ.'

" નાના, માજી ! વીસેક વરસના હશે ? "

" ખરે ૧૨ વરસનો. મને બરોબર યાદ છે. એ વખત તો હું વિસરતીજ નથી. જનોઇ દેઇને એનો બાપ વારોવાર છ મહિને મરણ પામ્યા અને અમારા ઉપર દુઃખનાં વાદળ તુટી પડયાં. ત્રણ છોકરીઓ અને એકનો એક રામચંદ્ર. બે છોડીઓ અને રામચંદ્ર પરણાવેલાં અને એક કુંવારી. એ મરી ગયા અને એમના શબ પાછળજ જાણે દેવાદાર મારૂં લોહી ચૂસવા આવ્યા હોય એમ થયું. સગાં સાગવાંને બે આંખોની શરમ જતી રહી ! મારે ખુણે રહે રહે તે લોકને જવાબ આપવો પડે પણ રામચંદ્રનો કાકો, મુવો, એક ઘરડું ખોખ હતો. પણ, બોલેલ નહિ, જ્યાં ત્યાં કરી મારા બે દાગીના મુકાવી તેમની ઉતરક્રિયા કરાવી અને એટલા દહાડા તો આડોશી પાડોશીએ આવ્યાં પણ પછી તો જાણે ખંભાતમાં મારૂં કોઇજ ના હોય એમ થઇ રહ્યું. ચાર છોકરાંને, હલેતાંને પાંખમાં રાખવાં અને ઘરસંસાર ચલાવવો એ મને એવો દુર્ઘટ થઇ પડયો કે ન પુછો વાત. છોકરાં ઉંઘી જાય એટલે હું એમને સંભારી સંભારીને બોબલે આંસુએ રોઉ. પણ કોણ મને વારે ? આખરે એમની એમ કલ્પાંત કરતી ઉંઘી જાઉ. મારા બે જમાઇઓએ તો એ વખતમાં મારા જમની ગરજ સારી છે. છોકરીઓને તેડી જાય, વળી કાઢી મુકે, તોફાન કરે અને છોડીઓ બીચારી નબાપી આંસુ ઢાળતી મારી પાસે આવે. પણ ખરે આ જેકોરવહુના બાપનો આભાર મારાથી ભૂલાતો નથી. એ તો અત્યારે સ્વર્ગમાં બિરાજે છે. પણ છોકરો પરણાવવો તો એવેજ ઠેકાણે પરણાવવો. બે વરસ મેં લાયલેપાનાં કાઢયાં તે એ વેવાઇની હુંફે. દશમે વરસે તેણે ૫૦ રૂપિએ રામચંદ્રને ગુમાસ્તી શોધી બેસાડયો. મહેનતને માથે લીધી, એક ઘડીએ પગ વાળીને બેસે નહિ. અને એ વખતની ગુમાસ્તી ! બીના ઘઉં દળવા અને વાણીઆને ઘેર ગુમાસ્તી કરવી તે બે બરોબર. એણે બે વરસ ખેંચ્યાં. એટલામાં બંદર ઉપરનું તેનું કામ જોઇ કચ્છના એક ખોજા વેપારીએ કહ્યું કે–'છોકરા મુંબાઈ જાય તો હું તને બસેંનું વરસ બાંધી આપું' 'ઠીક છે, હું જોઇશ, વિચાર કરીને એક બે દહાડામાં આપને કહીશ, દરમાઆન કોઇને પુછતા નહિ શેઠ,' એમ કહી રામચંદ્ર ઘેર આવ્યો અને રાતે મને એ વાત કરી. મેં સાફ ના પાડી. પણ એણે મને અનેક બાબતો સમજાવી અને એટલા નાનાએ મને જે કહ્યું તે બધુંય મારે ગળે ઉતર્યું.

'હરિ હરિ જે થવાનું હશે તે થશે, જા ત્યારે' મારાથી તો તને એમ કહેવાતું નથી. મારી હા ભણાવી બીજે દીવસે એણે પેલા શેઠને હા કહી અને ટુંકુને ટચ બે દહાડામાં જવાનું ઠરાવ્યું. ફળિયામાં વાત થતાં લોક મને ચુંટી ખાવા માંડ્યા. પણ હું ડગીજ નહિ. મેં જ્યારે બહુ થયું ત્યારે એના સસરાને બોલાવી વાત કરી તો તેમણે કહ્યું કે—' ભલે જાય ! જુવો મંછા ! સાહસ કર્યા વગર માથે આવેલો બોજો ઓછો થવાનો નથી, અને જ્યાં સુધી ઇશ્વર સાનૂકુળ છે. ત્યાં સુધી ઉછળતી આગે હિમ જેવી છે. મને એ બાબતની અડચણ નથી. પણ મારા ઘરમાંથી બહુ આકળી છે. તે કદી તમને કંઇ કહે તો રીસ ચઢાવશો નહિ. સુખેથી જવા દો. ઇશ્વર એમને સારો દહાડો દેખાડશે. મારી જેકોરનું ભાગ્ય મોટું છે.'

"તારાવહુ ! એના સસરાનાં આવાં વચન સાંભળીને તો મારા પગમાં વધારે જોર આવ્યું. જોત જોતામાં દહાડો જતો રહ્યો. અને આખા ગામમાં વાત થઇ ગઇ. રામચંદ્ર જવાનો હતો તેની હું તૈયારી કરતી હતી, એટલામાં સાંજના એની સાસુ મારી પાસે આવી. એનું મોંતો કાળઅંધાર થઇ ગયેલું હતું. પાસે આવી બેઠી ને બોલી કે–' રામચંદ્ર ક્યાં ગયા?' મેં કહ્યું કે કંઇ સરસામાન લેવા બહાર ગયો છે.

"'મંછા, તમારૂં તો વજ્રનું કાળજુ છે, પણ મારો જીવ તો ફડક ફડક થાય છે અને જાણે શું કરૂં એમ ઉછાળા આવેછે. જગતમાં કોઇ ગરીબ હશે કે નહિ ? લોકને માથે દેવાના ડુંગર ગાજે છે, પણ તમારા જેવું નિર્દય તો કોઇ થતું નથી. નાનું બાળ છોકરૂ મુંબાઇમાં શું સમજે? એ શહેર કેવું છે તે તમે જાણો છો ? લુચ્ચા લફંગા પરદેશી નાગાટાટ હોય તે ત્યાં પડી રહે, બાકી ગુમાસ્તાથી કામ ચાલે ? વિશ્વાસી લોકનું ગામ છે. અને જ્યાં જુવો ત્યાં એના એ. આપણે અહીં, લાખો માણસની વચ્ચે એક ગોરો વિલાયતી નીકળે છે, તો ભર્યા શહેરમાં બધરાં ઘરમાં પેશી જાય છે, અને એ ત્યાં રહેશે ? એ લોકને જોઇને કાળજાં ફફડી જાય ! માંસ માટીના ખાનાર લોક, દયાનો તેમનામાં શો અંશ ? ? મેં મારૂં છોકરૂ નાંખ્યુ છે તેથી ખમાયુ નહિ ત્યારે આવી. લોક મને ફેટકેટલું કહે છે, મારી મોટી છોકરીના ઘરની સ્થિતિ કેવી છે ? અને ખરૂં કહું તો કોના ઘરમાં ધન ઉભરાઇ જાય છે, એતો ઘેર ઘેર માટીના ચુલા! માટે મંછા વેવાણ ! ડાહ્યાં થાવ અને વિચાર કરો. તમારા છોકરાને ચુ-

હોય ફુંકતાંય આવડે છે? અરેરે બાપ! એવડું છોકરૂં બિચારૂં રાંધશે શું? ખાશે શું અને ચાકરી શું કરશે? માથુ દુઃખે એનું કોણ સગુ? દરીઆની વાટ તેનોય તમને વિચાર થતો નથી? બીજેને ત્રીજે વહાણ ને હોડકાં બુડી જાય છે. અને કેટલા લોકને ઘેર તાળાં પડે છે? મારા ઊપરાંત થઈને મોકલવા હોય તો મોકલો. મારે ને તમારે બોલવા વહેવાર નહિ રહે. હાય! હાય!? શું માબાપ? રામચંદ્રને હજી પોતીયું પહેરતાં આવડતું નથી અને ટાંણે ટચકે અમારે ત્યાં જમવા આવે છે ત્યારે કુતરાંની બીકે જેકોરના બાપ શેરી બહાર મુકી આવે ત્યારે. તેને મુંબાઇ મોકલતાં ભલુ તમારૂ કાળજુ કહ્યું કરે છે?'

"જેકોરવહુની માએ તો ઘણું કહ્યું, પણ હું શાંત મન રાખી બધી ગળી ગઇ આખરે જ્યારે તે ઉઠી ત્યારે મેં કહ્યું કે—'વહેવાણ! તમે ચીંતા કરશો નહિ. તમારા કરતાં રામચંદ્ર મને બહુ વહાલો છે. હું આંધળીની આંખ અને આ ત્રણ છોકરીઓનો ભાઇ એ એકનો એક છે. મારે અહીં કે મુંબાઇ જયાં હશે ત્યાં માત્ર એના સામુજ જોવાનું છે. પુરૂષ જાત નાનો હોય તોય શું અને મોટો હોય તોય શું? એ હોંશિયાર છે એટલે મારૂ મન બળતું નથી. અંતરાત્મા મને કહે છે કે સારૂંજ થશે. માટે મોકલુંછું. સુખ થશે તો મારે ભોગવવું છે કે તમારી જેકોરને? જે થાય છે તે છોકરાને માટે થાય છે. માટે એ તો જે તે કરવું પડેસ્તો. લ્યો આવજો વહેવાણ!' એમ કહી હું રસોડામાં ગઇ અને વહેવાણ રીસમાં ને રીસમાં ચાલ્યાં ગયાં. એના ગયા પછી મને પણ લાગી આવ્યું. હું રસોડામાં બેઠી બેઠી રોઇ એટલામાં રામચંદ્ર આવ્યો. તેણે મને કહ્યું કે 'બા શું છે?' અને મારાથી મોટેથી રોવાઇ જવાયું. રામચંદ્રની આંખમાંથી પણ પાણી નીકળી ગયાં. અને છોકરીઓનાં મોં ઉતરી ગયાં.

"રામચંદ્ર બહાર જઇ બેઠો અને મેં છોકરીઓને મારી પાસે બેસારી. સઉ એક બીજાના મનમાં ભારે દિલગીર અને ગમગીન જેવાં રહ્યાં. બીજે દિવસે નવ વાગે વહાણ ઉપડવાનું હતું એટલે મેં રામચંદ્રને જમાડયો અને છોકરીઓ સુતી ત્યાર પછી અમે મા દિકરો પોટલાં બાંધવા બેઠાં. યાદ કરી કરીને મેં સઘળું બાંધ્યું. દરમિયાન રામચંદ્ર બોલ્યો કે— 'બા! કોઇ કંઇ બોલે, કોઇ કંઇ બોલે, એમ બધાંનું સાંભળીએ તો શું થાય? જગત્ કાશીનું કરવત છે. આમનું એ વહેરે ને તેમનું એ વહેરે. સ-

છે સારાનાં ભાગી અને વાહ વાહ કરનાર છે. ખોટાને નિંદવા પણ લોક તયાર રહે છે. ચાલતી ગાડીએ બેસનાર કોણ ન હોય ? પણ તું વિચાર કર કે આપણે ગયા વગર છુટકો છે ? અહીં બેશી રહીને શું ખાઇએ ? દેશમાં ચિંથરે હાલ રેહેવું પણ પરદેશ ન જવું એતો ગાંડો વિચાર છે. પેલા શિયાળામાં એક બ્રાહ્મણ રેલ નાંખતો હતો તે તને સાંભળે છે ? મને તો એના બોલે બોલ સાંભળે છે અને તે અક્ષરે અક્ષર મને યાદ છે કેઃ—

દુહો-ગોડી પુછે ગોડીલા, કોણ ભલેરો દેશ;
સંપત હોય તો ઘર ભલાં, નહીં તો ભલો પ્રદેશ.

તું આમાં કાંઇ ખોટું ન સમજતી. ગરીબ હોઇએ ત્યારે પરદેશ સારો. ત્યાં આપણે ભારે હળવું ગમે તેવું કામ કરીએ તોપણ અડચણ નહીં. દેશમાં તેવું થાય ?'

"તારાવહુ! એનાં વચન સાંભળી મેં કહ્યું કે—' બાપુ ? એતો ખરૂં પણ પરદેશ તે પરદેશ રતો ? માંદા સાજા થઇએ ત્યારે ત્યાં કોણ ? જો રામચંદ્ર ! હું તને મારા પેટમાંથી કાઢી પેટને માટે પરદેશ મોકલુંછું, પણ પાણીની બહાર માછલી હોય એવી હું અહીંછું' હો ! દરેક વહાણે કાગળ લખવાનું ચૂકતો નહિ. વળી તને કહેવું પડે તેમ તો નથી પણ કહુંછું કે જો બાપુ ! જીવતો નર ભદ્રા પામશે, એ કહેવત યાદ રાખજે. તારૂં માથુ દુઃખે તો ત્યાં ઉભો રહેતો નહિ. દિકરા તુંનો તું જાઉં, અને હું નિરાધાર થાઉં ? આ નાની બેનો રાન રાન ને પાન પાન થઇ જાય અને લોક મને જીવતીએ રહેવા દે નહિ, માટે હું કહુંછું તે તું તારા કાળજામાં લખી રાખજે અને શરીર જરાય નરમ લાગતાં ત્યાં ઉભો રહેતો નહિ. વળી એવું હોય ત્યારે પૈસા સામું પણ ના જોઇએ. દેહ છે તો જગત્ છે અને દેહ નથી તો કંઇ નથી. પૈસો આપણી જાત પછવાડે છે, માટે ખાધે પીધે કે ઔષધે પૈસો ખરચતાં પાછું વાળીને જોઇશમાં. તારે અમારી ચિંતા કરવી નહિ. બચે તો બચાવવું, નહિ તો શરીર સાચવીને નોકરી કરવી. એક બદામે તારી પાસે રાખીશ નહિ. પૈસો પ્રાણ લેવરાવે છે. લોક પૈસા માટે માણસને મારી નાંખતાં વાર લગાડતા નથી. માયાને ભય છે, કાયાને ભય નથી. ફુટી બદામે પાસે રાખીએ નહિ. શેઠના કરોડ રૂપિયા હોય તેને માટી જેવા માનવા. તું તો હજી બાળક છે, પણ કહુછું કે કોઇના ઘરનાં સારાં ખોટાં જોઇએ નહિ, આડો અવળો રસ્તો લઇએ નહિ.

મોટીને મા અને નાનીને બેન ગણી ચાલીએ તો શત્રુમાંય સમાસ થાય. જેનામાં દુર્ગુણ નથી તેને કોનો ભય છે? તારા બાપ કહેતા કે, લક્ષ્મીથી અને સ્ત્રીથી ન ચળે તેને જગતમાં શો ભય છે? એજ તારા બાપનાં વચન હું તને આપુંછું અને ખાત્રી રાખ કે એ ખરાં છે. જેને મોહ નથી તે જગતમાં જીત્યો છે. પરદેશમાં ગમે તે લોક હોય પણ કોઇની સાથે બોલી બગાડીએ નહિ. આપણે સારો રસ્તો દેખાડવા જઇએ અને સામાને ખોટો પડે માટે કશુંય કહીએ નહિ. દીઠે રસ્તે જઇએ અને દીઠે રસ્તે આવીએ એમાંજ માલ છે. આપણે આપણો ધર્મ અને દેશાચાલ છોડવો નહિ. તું જાણેજ છે ને કે-'દેશ છોડીએ પણ વેશ કેમ છોડીએ?'

"રામ—'બા! તું મારી કંઇ ચિંતા કરીશ નહિ. હું કોઇનો ગાંજ્યો જાઉં તેવો નથી. લક્ષ્મીથી હું લલચાઇશ નહિ. અને ધર્મ કર્મમાં તો મને બીજા ધર્મની આસ્થાજ પડતી નથી. એવા લોકને હું મોઢુંજ આપતો નથી. એટલે ટુંકામાં મારે તને જે કહેવાનું છે તે એજ છે કે તારે મારી ચિંતા કર્યા કરવી નહિ. હું માંદો થઇ ત્યાં પડી રહું એવો નથી. પૈસાની પણ હું કંજુસાઇ કરીશ નહિ. અને જે હશે તે અહીં મોકલાવીશ. બેનોને તથા જમાઇઓને આપણે જેમ કરતાં કારવતાં આવ્યાં છીએ તેમ કરતી રહેજે. ઇશ્વર કરશે તો આપણે સુખીજ થઇશું. દુઃખનો પણ અંત હોય છે. અને જગતમાંય કહેણી છે તે ખોટી નથી કે—

દોહરો—સુખ કેડે દુઃખ આવશે, દુઃખ કેડે સુખ હોય;
સરખા દિન ચાલે નહિ, જયમ તડકોને છાય.

આપણે બહુ દુઃખ વેઠયાં છે તો ઇશ્વર સુખનોજ વારો લાવશે; માટે કંઇ દુઃખ વેઠશો નહિ. મહિનેને મહિને હું મારો પગાર તમને મોકલતો રહીશ.'

'દીકરા હવે સુઇ રહે, સવારે વહેલા ઉઠવું છે.'

'હા; ચાલ તું પણ બાંધી રહીને?'

"તારાવહુ! રામચંદ્ર સુઇ ગયો પણ મને તો આખી રાત ઉંઘજ આવી નહિ, એવીને એવી આંખે મેં આખી રાત ગાળી અને ચાર વાગે ઉઠી ચુલો સળગાવ્યો. છોકરીઓ, રામચંદ્ર વગેરે ઉઠયા અને દાતણ કરી રામચંદ્ર વહાણની શરત કાઢવા બંદર ઉપર ગયો. હું રસોઇ કરતી હતી એટલામાં સાત—સાડાસાત વાગે, મારી નાનીએ આવી કહ્યું કે—'બા! જેકોર ભાભી કંઇક લઇ આવે છે. મેં બહાર જોયું એટલામાં જેકોર

અંદર આવી અને સોડીઆમાંથી દાબડો કાઢી બોલી કે–'બા મારી બાએ આ દાબડો મોકલ્યો છે. ઓરડામાં પેટીઓ છે ત્યાં મુકો, અને નણંદો સાથે બેસો.' મને વહેવાણ ઉપર વહાલ આવ્યું. ગઇ કાલે બોલી તો ગઇ. પણ અત્યારે જમાઇને માટે બાથુ કેવું મોકલ્યુ? લાવ બોલાવીને પુછુ તો ખરી કે, 'વહેવાણે કંઇ કહાવ્યું છે?' 'જેકોર! અહીં આવ જોઇ!'

'આ આવી બા શું છે? શું આપુ?'

'મારે કાંઇ જોઇતું નથી. પણ તારી બાએ કંઇ કહ્યું છે?'

'ના, મને કહ્યું છે કે મોડી આવજે.'

'વારૂ! ત્યારે બેસો. જાવ.'

"મનમાં હું બોલી કે. રામચંદ્રના ગયા પછી જેકોરને 'મોડી આવજે' એમ કહી મોકલી તેનો શો અર્થ હશે? આ છોકરાં શું સમજે, અને શી વાત કરવાનાં હતાં.? વહેવાણે બહુ ચીબાવલી દેખાય છો ભલેને આપણે તો એમને મેળવશું?

નવ વાગ્યા અને રામચંદ્ર આવ્યો એટલે જેકોર ઓરડામાં પેશી ગઇ. તેણે મારી પાસે આવી પૂછ્યું કે–'ખાવાનું તૈયાર થયું? મેં એને ઉત્તર આપ્યો કે–' હા થયું છે. જો ઓરડામાં તારી સાસુએ કંઇક મોકલ્યું છે.' તે ઓરડામાં ગયો અને નાની ખાવાની લાલચે તેની પાછળ ગઇ. કેટલીક વારે તે અબોટીઉં પહેરી આવ્યો ને મેં ખાવાનું પીરસ્યું. જોતજોતામાં વખત થયો અને એના દોસ્તદારોસાથે તે બંદરપર જવા નીકળ્યો. હું ખુણે હતી એટલે વળાવા ગઇ નહિ. અને કહેવાનું હતું તેતો રાતે કહ્યુંજ હતું. આડોશી પાડોશીને મળી સઉ માર્ગે પડયા અને મોટી, પોળસુધી ગઇ હતી તેણે પાછાં આવી કહ્યું કે–'બા ભાઇનો સસરો પોળે મળ્યા તે એમની સાથે ગયા.'

"રામચંદ્રના ગયા પછી છોકરાં દિલગીર થઇ ગયાં, નાની રડી ગઇ અને જેકોરની આંખમાંથીએ આંસુ પડયાં. કેટલીકવારે સઉને મેં જમવા બેસાડયાં પણ જમ્યાંય નહિ.

"બાર વાગ્યાને સુમારે જેકોરના બાપ વળાવી પાછા આવ્યા અને મને આશ્વાસન આપી જેકોરને લઇ પોતાને ઘેર ગયા. તેમના ગયા પછી હું મારા કામમાં લાગી. દરમિયાન મનમાં તો જાણે ભડકા લાગતા હોય એમ થયાજ કરતું હતું. રાત પડી અને છોકરાંને વાળુ કરાવી સુવાડયાં ત્યા·

રે મારા ખોળામાં પેશી નાનીએ કહ્યું-'બા જેકોર ભાભીએ મને મગજ આપ્યું હતું અને ભાઇએ તેમને કહ્યું કે-'આ ઘેર આવતા જતાં રહેજો' ત્યારે એ રોઇ ગયાં હતાં' મેં કહ્યું કે ઠીક. પછી છોકરાં ઉંઘી ગયાં અને હું એકલી અમારી દીનદશાઉપર ખુબ રોઇ."

તારા—'મંછામા, તમે પણ બહુ કષ્ટ વેઠયાં છે હો કે ? ઇશ્વરે તમને દુઃખ પછી સુખ દેખાડ્યું દેખ્યું? મારા જેવી અકળાય તેમાં તો શું. તમે કહ્યું એવું દુઃખ તો અમને નથી. ઇશ્વરનો એટલો આભાર!'

મંછા—'અરે અમારા વખતનાં દુઃખ શું સહી શકો. અમારા વખત અમેજ ગાળ્યા. આજના માણસથી એ ગળાય નહિ તો !? તમે ચાર વાસણ વધારે માંજો તો કહો કે અમારી તો હાથેલીઓ ઘસાઇ ગઇ. ત્યારે અમે કેવાં ? અમે તો ઘેર મોટી મોટી નાતો જમાડતાં અને તેનાં વાસણ માંજી નાંખતાં? તમારાં શરીરે અમારાં જેવાં નહીં તો ?!'

ગજરી—'દાદીમા ? હવે ચાલો, તારા ભાભી તમે પણ અહીંજ બેશી રહ્યાં. ભાઇઓ, બાપાજી વગેરે સઉએ જમી લીધું. ચાલો આપણે જમવા બેશીએ '

તારા—'જીજીમા. કોઇ વાર આગળ કહે જો. કાકાજીની જીંદગીનો હેવાલ તો ખરેખર સાંભળવા જેવો અને અમારાં જેવાંને આશ્વાસન લેવાનો છે.

મંછા—'તારા કાકીજીને પૂછજેને ? આગળનો એમનો મુંબાઇ વાસ તો એ બધોય કહેશે.'

તારા—'વારૂ, ચાલો ત્યારે. હાથ ઝાલુ માજી!'

મંછા—'નારે, જાવ હું આવું છું.'

તારા અને ગજરી ઓરડાની બહાર નીકળ્યાં એટલે ગુલાબે કહ્યું. કે-'જાવ મારી મેડીમાં સાળુ છે તે પહેરી આવો, ઘણીવાર થઇ તમને તો. સાસુજી બેશી રહ્યાં છે!'

'એ કયાં ગયા ?'

'જો જો, ભૂલાં પડી જતાં ?'

'ના ના, પૂછું છું.'

'મોટા દિવાનખાનમાં સસરાજી છોકરાંને લઇને ગયા અને કંઇક વાત કરવાની હશે તે એમને બોલાવતા ગયા. ત્યાં બેઠા હશે. તમારે કંઇ કામ છે ?'

ગજરી—'ચાલો, ટાયલાં જવા દો.'

તારા ગુલાબની મેડીએ ગઇ અને મુખ ધોઇ સાળુ પહેરતી હતી
લામાં ચંદુલાલ પાનબીડી ચાવતો ઉપર આવ્યો. તારા અવળી
સાળુ પહેરતી હતી પણ ગ્યાસનો દીવો બપોરના જેવું અજવાળું
ી રહયો હતો એટલે સામેના લાઇફસાઇઝના તખ્તામાં તેનું પ્રતિ-
મ પડયું હતું. ચંદુની અને તારાની નજરો બારોબાર તખ્તાના પ્રતિ-
બમાં એકઠી થઇ અને ચંદુ હસી પડયો. તેની સાથેજ તારાથી બોલાઇ
ાયું કે-'જયાંને ત્યાં આવ્યા કરો છો?' 'સહસાજ આવું છું અને ત-
એમ લાગે છે તો એમ'. તે પાસે ગયો. ઉકાંચળી તારાના માંસલ મ-
કર શરીરે તેને પરાધીન બનાવી દીધો. અને વિજળી ઝડપે તેના શ-
રમાં નખશીખ કામદેવ પ્રકટ થઇ ગયો. અવળે મુખે ઉભેલી તારાને તે-
ભુજાંતરમાં લઇ લીધી અને 'અરે આ શું થઇ આવ્યું?' એમ બોલતી
ના જેવી એને પ્રેમાવેશથી દાબી તેણે ગંડસ્થળ ઉપર ચુંબન કર્યું
ને મોહથી પરાજીત ચંદુલાલથી બોલાઇ જવાયું કે-'હવે શું કહેવું છે?'
ગજરીએ બુમ પાડી અને તારા નીચે જઇ જમવા બેઠી. ચંદુલાલ-
મનમાં આ વખતે ઘણા વિચાર થયા. ક્ષણવાર તેણે ધાર્યું કે—'મા-
ી હવે આવું થવું ન જોઇએ' અને ક્ષણવારમાં તે વિચાર બદલાઇ
ા, આમ પરોક્ષ રીતે ચંદુના મનમાં આવ્યું અને બારી આગળ ઉભે
પવનની લહેર લેવા લાગ્યો. તારાના સ્પર્શથી ગરમ થએલું તેનું રૂધીર
ળા પવનના સપાટાઓથી શાંત પડયું.

સ્ત્રીવર્ગ જમી રહ્યા પછી, તારાએ ચાકર પાસે પોતાની સાડી
ળી નીચે મંગાવી લઇ પહેર્યાં અને છોકરાઓને લઇ ઘેર ગઇ. મોહન-
લ પણ કેટલીકવાર સુધી રામચંદ્રની સાથે ગપ્પો ચલાવી ઘેર ગયો અને
ાબ વડસાસુના. ઓરડાનાં બારણાં બંધ થયા પછી મેડીએ ચઢી. તે
ોમાં પેઠી અને ચંદુલાલને આરામ ચેરમાં ઉંઘતો જોયો. ગાડીમાં ચં-
ાસે તેના સવાલના જવાબ આપ્યા નહોતા તેથી તે ગુસ્સે થએલી હતી
તુ પતિનું મુખ જોઇ તેના હૃદયમાંથી પેલી રીસ જતી રહી. ક્ષણવાર
ઉભી રહી અને પાસે જઇ નીચી વળી. તેણે ધાર્યું હતું કે ચંદુલાલ
ગ કરતા હશે તેથી પોતે લ્હેરમાં આવી અને ખુબ ન્યાળીને જોયા પછી
ના ઉમળકાથી તેણે સ્વામીની આંખપર ચુંબન કર્યું. ચંદુ જાગ્યા અને
લ્યો કે-'કેમ છે? શું છે? કંઇ કામ છે?' ગુલાબને જોતાંજ તેના
મમાં ગુસ્સો થઇ આવ્યો.

' કેમ આમ છો. રીસાયા છો ? '

' ચલ, રીસ બીસની વાત ન કર. '

હવે ગુલાબે જાણ્યું કે તે ગુસ્સામાં છે તેને પણ પોતાનો ગુસ્સો ચઢી આવ્યો અને બેઉ એક બીજાથી દુરની ખુરસીઓ પર બેઠાં. ગુલાબ પણ એક ચોપડી લઇ બેઠી. બેઉ જાણે પુસ્તક વાંચતાં હોય એમ લાગતું હતું પણ તેમ નહોતું બેઉનાં અંતર ગુસ્સાના વિચારોથી ધમ ધમી રહયાં હતાં. ગુલાબનો ગુસ્સો લાડકો હતો અને ચંદુનો ગુસ્સો ખરેખરો હતો. કેટલીકવાર સુધી મૌન ચાલ્યું અને ઘડીઆળમાં અગીયાર વાગ્યા એટલે ગુલાબ બોલીકે

—' અભ્યાસ તો હવે પુરો થયો. હવે શું કરવા ઉજાગરો કરતા હશો ? અગિયાર વાગ્યા સુવું નથી ?

ચંદુલાલે ઊતર આપ્યો ' નહિ ' પછી ખુરશીમાંથી પાણી પી તે પલંગમાં સુતો. હવે ગુલાબ ખરેખરી ચીઢાઈ. તે બોલી–કે—

' કેમ હું પાણી પાત નહિ ? '

ચંદુલાલ હજી બોલ્યોજ નહિ. ગુલાબ હવે નરમ પડી. તેનો ગુસ્સો જાણે ઉતરી ગયો. મુખ લેવાઇ ગયું અને ચોપડી ખુરસી ઉપર મુકી પલંગ આગળ જઈ બોલી કે—' કેમ નથી સાંભળતા ? શા માટે બોલતા નથી ? મારો કંઇ વાંક છે ? મોહનભાઇ બેઠા હતા અને મેં કહ્યું તેથી રિસાયા છો ? શું છે ? મને કહો. મારા સમ મારો વાંક હોય તો માફ કરો.'

' શું છે તે માફ કરૂં ? '

' ત્યારે કેમ બોલતા નથી ? '

' એમજ '

' એમનું કારણ? '

' તે જાણવાની તમારે શી જરૂર છે ? '

' મારે તે જાણવાની કેમ જરૂર ન હોય ? આમ શું બોલો છો? મારે એ જાણવાની જરૂર ન હોય તો શું બીજાને હોય ? ' ' તમે એકલા છો ? '

' હા આજથી હું એકલોજ. '

' આવું વજ્ર જેવું વચન ન બોલો, મારાથી એ સંભળાતું નથી ' કા-

નમાં આંગળીએ ઘાલી ગુલાબ રડી ગઇ. તેની ધીરજ જતી રહી. તેના અંતરમાંથી રોવું આવ્યું અને આંસુ ભરી આંખે તેણે—' મારો વાંક હોય તો માફ કરો ' એમ કહી ચંદુના નીતંબ ઉપર મસ્તક નાંખી દીધું. ચંદુએ તેનું મસ્તક ખશેડી નાંખી પાસુ ફેરવ્યું અને ગુલાબે ઘણી આજીજી કીધી. ઘણા કાલા વાલા થયા ત્યારે તે બોલ્યો કે—પેલી કોની છબી છે આજ સુધી તે કયાં હતી ? અને શા માટે તે મારાથી છુપી રાખવામાં આવી હતી, તે જ્યાં સુધી મારા જાણવામાં આવ્યું નથી, અથવા મારી ખાત્રી થઇ નથી ત્યાં સુધી આ બધી મહેનત, આંસુ પાડવાં અને કાલા વાલા કરવા તે હું માનવાનો નથી. એ વાતનો મને સંતોષ કારક ખુલાસો મળવો જોઇએ.

હાય ! હાય ? રંગનાથ ? નીરદોષ રંગનાથ ! તારી છબીએ મને અને તને બેઉને આમની આંખમાં પાપી ઠરાવ્યાં. એમ મનમાં બોલી ગુલાબે કહ્યું કે—અહો ? એ ખુલાસા માટે ખાત્રી જોઇએ તો લ્યો હું આપું ?

'નહિ—મારે તેનો ખુલાસો બીજા માણસથી મેળવવો છે '

'સુખેથી તેમ કરો. નીરદોષને ભય નથી.' એમ બોલતાં ગુલાબના મનમાં નિરદોષતાનો ગર્વ આવ્યો.

'એમ થાય ત્યાં સુધી આ પલંગમાં પગ દેવાનો અધિકાર નથી.'

ગુસ્સામાં આવી પલંગથી દુર ખસતાં ગુલાબ બોલી કે—'ભલે, એ વાતનો નિકાલ આવે ત્યાં સુધી હું પણ ભોંય સુઇ રહેવાનું વ્રત લઉં છું.'

ચંદુ પાસુ ફેરવીને સુતો અને ગુલાબ પોતાનું છાલ પાથરી જરા દૂર નીચે સુતી દીવાને તેમણે ઝાંખો કર્યો નહિ અને ઉભય પોતપોતાના ગુસ્સામાં સુતાં. સુતાં પણ ઉંઘ કયાંથી આવે ? ચંદુલાલે બે ત્રણવાર પાસુ ફેરવ્યું પણ વિચારોની પરંપરાથી તેનું મન ભરાઇ ગએલું હતું એટલે ઉંઘ ન આવી. તેને ગુલાબ ઉપર પ્રથમતો ઘણોજ ગુસ્સો આવ્યો પણ તેણે આપેલા જવાબ ઉપર વિચાર થતાં તે નરમ પડયો. 'આટલી હિમ્મતથી તે બોલે છે અને કદાપિ મારા મનમાં રહેલો શક ખોટો હશે ત્યારે? સ્ત્રી જાત છે, લાડકડી છે અને ખીજવાઇ છે એટલે માત પિતાના જાણવામાં આવશે તો તેઓ શું કહેશે ? કદી તે ગુન્હેગાર છે એમ ધારૂં તો પણ આટલા બધા તિરસ્કારને તે યોગ્ય છે ? જો ગુલાબ ગુન્હેગાર છે તો હું શું ગુન્હેગાર નહિ ? પરણતી વેળાએ એણે જેવું વચન મને આપ્યું

છે તેવું મેં એને નથી આપ્યું! વરવધુ બેઉ તે વચન પાળવા બંધાય છે. મનોમન સાક્ષી છે અને એનો ગુન્હો શક પડતો છે. એ નિરદોષ હોય એમ પણ બને. માટે એનો તિરસ્કાર થવો જોઇએ નહિ. એક વાત ઉપરથી એને આ પ્રમાણે દુઃખ દેવું મને ઘટતું નથી. અગ્નિની સાક્ષીએ હું અને એ બેઉ એક બીજાના સુખ દુઃખનાં ભાગી થએલાં છીએ તો શા માટે તેને આમ દુર રાખવી જોઇએ?' આવા વિચારોથી ચંદુના મનમાં સત્ય તરી આવ્યું પણ અભિમાન ગયું નહિ. તેને દયા આવી પણ મનમાં તેનો જીવ એમ બોલ્યો કે—'શું હું એને બોલાવું? એ બોલે તો હું હવે માફ કરવા તૈયારછું.' પલંગમાંથી ઉંચા થઇ તેણે નીચે સુતેલી ગુલાબના તરફ જોયું ત્યારે—ગુલાબ દુઃખથી ભરેલી નિદ્રામાં પડી હતી. તેની આંખો-ગાલ અને ચોળીની બાંય આંસુથી ભીંજાઇ ગએલાં હતાં. ઉઘાડે સુતે સુતે હાથ ઉપર મસ્તક ટેકાવી ચંદુએ વધારે બારીકીથી તેનું મુખ જોવા માંડયું અને નિદ્રામાં પણ અંતરમાં તે રડતી જણાઇ. ક્ષણે ક્ષણે તે દીર્ઘ નિશ્વાસ લેતી અને નાંખતી ડુસકાં લેતી હતી. પશ્ચાતાપ પામતા પણ પુરૂષના અભિમાનથી તેને જગાડતાં અટકેલા ચંદુલાલે શુન્ય મને તેના સામું એક ટસે જોવાજ માંડયું અને જોતાં તેના હૃદયમાંથી પેલી રમણીય ટુંકો નીકળી કે—

घृत्येपणःप्रणयकेलि : कंठपाश
क्रीडापरिश्रमहरंव्यजनंरतांते
शय्यानिशीथसमयेहरिणेक्षणाया:

ગુલાબ બહુ રૂપાળી નહોતી પણ ગૃહસ્થાઇને લીધે ફેશનમાં પુરું હતી. તેના મનની લુગડાં લતાં અને ઘરેણાં ગાંઠાંની ઇચ્છાઓ સાસુ સસરા તરફથી પુરી પડાતી હતી. પોતે મોજીલી, પ્રેમી, પતિને ચાહનારી, ગરીબ ઘરની હોઇ શાળી અને શાંત હતી. તેને રીસ અથવા ગુસ્સો આવતો તે તેના સ્વભાવનો નહિ અને પોતાને મળતા માનનો, લાડકવાઇ હોવાનો અને ધન વૈભવની સાહ્યબીના રંગનો હતો. તે ભણેલી અને રસીલી હતી. તેનું મન હોંશી હોઇ પોતાના સ્વામીના અભ્યુદયમાં અભિમાન લઇ પોતાને સુખી માનનાર હતું. પહેલાં નાનપણમાં આમ થતું તે વેળાએ તેને લાગતું નહિ. આજનો વખત બદલાઇ ગયો હતો. ઘરમાં કોઇનો તેણે ઉંચો સ્વર સાંભળ્યો નહોતો. સહુ તેને માનભર બોલાવતાં. આડોસી પાડોસી અને ઓળખીતાં-

માં તેનું માન વધારતાં. ગુલાબ એવા માનથી છકી ગઇ નહોતી પણ તેને પોતાની વડાઇનો ગર્વ આવ્યો હતો. સ્વપ્નમાં પણ ચંદુથી તેને આવાં વચન કહેવાય એમ લાગતું નહિ. અને જ્યારે એકાએક આમ થયું ત્યારે તેને લાગી આવ્યું. 'હું ભોંય સુઇ રહેવાનું વ્રત લઉંછું' એમ જાણે અભિમાનથી બોલી હોય તેમ બોલી જ્યારે તે નીચે સુતી ત્યારે તેનું મન ગદ્‌ગદિત થઇ ગયું. આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો ચાલવા માંડયા. 'એમને આ શું થઇ આવ્યું ?' એમ મન રૂંધાઇ જવા લાગ્યું અને નિઃશબ્દ રૂદનમાં તેણે આંખોનાં નીર ખુટાડી દીધાં. આખરે ઉંઘી ગઇ. ચંદુ તેને જોઇ રહી પેલી કવિતા રચતો હતો ત્યારે ઉંઘમાં અને ઉંઘમાં તેણે પાસુ ફેરવ્યું અને બોલી કે—'મારો દોષ નથી. હું સીતાની માફક અગ્નિ દિવ્ય કરવા તૈયારછું પણ તમે મને લડાવી આવાં વચન સંભળાવો તે સાંભળવા ખુશી નથી. બહેતર છે કે હું મરી જાઉં પણ તમે 'હું એકલો છું' એવું બોલો તે મારાથી કેમ સંભળાય ?' તેણે પાસુ ફેરવ્યું અને ઉંચો શ્વાસ ખેંચી ડુસકું ભર્યું.

ચંદુલાલનું મન હવે વધારે ગળી ગયું—તે બોલ્યો કે—મેં એને બહુ કહ્યું અને કોઇ દિવસ કહેલું નહિ તેથી એને બહુ લાગી આવ્યું. ઉંઘમાં પણ એ કહે છે કે—'હું અગ્નિ દિવ્ય કરીશ'—ત્યારે હું એને બોલાવું ? ના, એ બોલાવશે તો બોલીશ.' તે ફરીને સુતો.

પ્રકરણ ત્રીજું.

પ્રણય કોપ ભાગ્યો નહિ. રૂસણું અખંડિત રહ્યું અને બેઉ નિદ્રામાં પડયાં. સવારમાં નિયમ પ્રમાણે વહેલી ઉઠી–ગુલાબે ચંદુલાલનું મુખ જોયું. મસ્તક વડે તેના પગને સ્પર્શ કરી–त्वमेव भर्ता नच विप्र योगः એ સીતાનાં વચન બોલી તે નીચે ઉતરી. તેનું મુખ ઉતરી ગયેલું અને આંખો લાલ હતી. જેકોર શેઠાણીને શક પડ્યો. તેણે જાણ્યું કે ધણી ધણિઆણી વચ્ચે કંઇ ખટપટ થયેલી છે પણ પૂછયું નહિ. ગજરીએ પણ નિત્યની માફક તેની ભાભીને આનંદમાં દીઠી નહિ. ગુલાબનું મન તપી ગયેલું હજી શાંત થયું નહોતું કોઇની પાસે હૃદયનો ભાર ઓછો કર્યા વગર તેનો ચેન પડે એમ લાગ્યું નહીં. તેણે ચારે તરફ નજર નાંખી પોતાની

સહીઓને યાદ કરી જોઇ. છેવટ તેને એમ થયું કે ' મોંઘીને મળું. "
નાહી ધોઇ તેણે સાસુજીને કહ્યું કે—' બા ? મારે કામ છે મારે કેવળ
ઝવેરીને ત્યાં જાઉ ? ' ' હા જાવ. ભૈયાને સાથે લેતી જજે. ' લુગડું
પહેરી ગુલાબ તૈયાર થઈ ગઈ. હજી ચંદુલાલ ઉઠયો નહોતો.

નીચી નજરે માત્ર પોતાના માર્ગનેજ જોતી ગુલાબ કેવળ ઝવેરીને ઘેરે આવી. સવારનો વખત હતો અને ગુલાબની સખી તેના અંતઃપુરમાંથી નીચે ઉતરી નહોતી. ઘરમાં પેસતાં પોતાના ભૈયાને ગુલાબે રજા આપી પાછો મોકલ્યો અને ઘાટી ચાકરને પુછ્યું કે—' નાનાં શેઠાણી ક્યાં છે ! ' એક નાની છોકરીએ અંદરના હોલમાંથી દોડી આવી ગુલાબને કહ્યું કે—' મારાં મોંઘી ભાભી તો ઉપર છે ! તમારે કોને મળવું છે !'

' એમનેજ મળવું છે મને નથી ઓળખતાં બેન ? '

' તમને હું ઓળખું છું પણ નામ ભુલી ગઇ છું—તમે મારી ભાભીનાં બેનપણી છો ખરૂને ! ચાલો ઉપર આવો. '

છોકરી આગળ થઇ અને ગુલાબ તેની સાથે દાદર ચઢી ત્રીજે માળ ગઇ.

કેવળ ઝવેરીનું ઘર એક વિશાળ મકાન હતું. અને ત્રીજે માળ આખા ભુલેશ્વરનું અવલોકન કરતો હતો. મોટી અગાશી અને જોડે બે ત્રણ ખંડ પાડી એક મોટો હોલ બનાવેલો હતો. કેવળ ઝવેરીની સમૃદ્ધિની ગણના નહોતી. તેને બે છોકરા હતા અને બે ત્રણ છોકરીઓ વીગરે વસ્તાર હતો. પૈસો અને પનોતાઈ બેઉ ઝવેરીની પાસે હતા તેથી લોક તેને સુખીઓ ગણતા હતા. ઝવેરીના નાના છોકરા વીરચંદની ધણીઆણી તે ગુલાબની સહી મોંઘી નાની છોકરી જ્યારે ગુલાબને લઇ ત્રીજે માળ આવી ત્યારે વીરચંદ હિંદોળા ઉપર બેઠો હતો. અને મોંઘી સામેના સોફા ઉપર બેશી રૂપાની પાન પેટી ઉઘાડી તેને માટે બીડી બનાવતી હતી. પેલી છોકરી અને બેઉ જણ ઉપર આવ્યાં પણ વીરચંદને જોઇ ગુલાબ શરમાઇને બહારના હોલમાં ઉભી રહી ત્યારે છોકરી તેના ભાઇ પાસે ગઇ, ગુલાબ આવ્યાની વાત તેણે કહી એટલે વીરચંદ હિંદોળા ઉપરથી ઉઠયો અને મોંઘીએ બારણામાંથી કહ્યું કે—' આવને બેન, એતો તારા બનેવી બેઠા છે બીજુ કોઇ નથી. '

' મારાથી શરમાતાં હોય તો ચાલો હું બહાર જાઉછું. '

'નારે ના એનો કંઇ શરમાતી નથી બેસોને. ચા ઉપર લઇ આવવાનું મેં ભટને કહ્યું છે, તે પીને જજો.'

ગુલાબ અને મોંઘી બે આસનવાળા સોફા ઉપર બેઠાં. શેઠ અરીસા વાળા આરસના ટેબલ ઉપર પડેલું પેપર લઇ આવી પાછા હિંચકે બેસતાં ગુલાબને ઉદ્દેશીને બોલ્યા કે–' ચંદુલાલ પાસ થયા તે અમે વર્તમાન પત્ર-માં વાંચ્યું, અને ખુશી થયા.'

'અમારા ઘરનું કામ એવુ છે એટલે કોને કહેવા મોકલીએ. તમે ક્યારે લોક છો. તમેજ ખુશ થાવતો.' ગુલાબે શરમાતાં શરમાતાં જ-વાબ આપ્યો.

મોંઘીના સામું જોઇ તે પુનઃ બોલ્યો કે—'મારે ને એમને તો ઓ-ળખાણુ નથી પણુ મેં ઘણે ઠેકાણેથી સાંભળ્યું છે કે બહુ હોશીઆર છે. એકવાર એમને આપણે ઘેર બોલાવજો !'

'હોંશીઆર અને નિરભિમાની છે. હું કદી જાઉછું તો કેટલો વીવેક કરેછે. ગુલાબની સાસુ વડસાસુ વગેરે પણુ ઘણાંજ લાયક માણુસો છે.'

પોતાનાં સાસરિઆં અને વરનાં વખાણુ સાંભળી ગુલાબને સારૂ લા-ગ્યું. પેલી વાતથી દુઃખાયલા મનને જાણે રાહિયત મળી.

બ્રાહ્મણુ રૂપાના પ્યાલાઓમાં ચાહ લાવ્યો અને સરવે જણે પીધી, પાન બીડાં લીધાં અને વીરચંદે બહાર જતાં કહ્યું—કે

'જમ્યા વગર જવા દેશો નહિ'

'ના ના, મોંઘી બેન મારાં સાસુ લડે ?'

'હું હમણાં ચાકરને મોકલી તારાં સાસુને કહેવરાવીશ. તારા બને-વીનું એટલુંએ વચન નહિ રાખે કે ?'

ગુલાબ શરમાઇ ગઇ. વીરચંદ હશી ગયા. મોંઘીની નણંદ અને વર પછી નીચે ગયાં. પછી ગુલાબે કહ્યું કે–' હું તમને સહેજ મળવા આવી છું અને સાસુજી કહેશે શું છે તે ત્યાં રહી ?' 'અમારે ત્યાં રહેવા માટે લડશે નહિ. ફીકર ના કરીશ.'

'ના, એ તો મારી અને તમારી પ્રીતિ જાણે છે ને !'

'બસ ત્યારે બેસ, હું નીચે જઇ જરા સાસુને મળી આવું ઉઠીને નીચેજ ઉતરી નથી.'

'હા જાવ.'

ગુલાબ—પોતાની સૈયરના સમૃદ્ધિ પુરણ અંતઃપુરમાં એકલી પડી અને તેના મનમાં વિચાર આવ્યો કે—' મોંઘી તો કહેછે કે—મારા ઘરમાં તુંદમિજાજનું ઝાડ છે. અને મને તો વીરચંદશાહ કેવા સભ્ય અને વિવેકી લાગ્યા. લક્ષાધિપતિનો છોકરો જરા આકરા મિજાજનો તો હોયસ્તો ? મોંઘીનો મિજાજ ક્યાં ઓછો છે! અમસ્તી વીરચંદશાહને તુંદમિજાજી કહે છે. એણે તે દિવસે સહજ વાતમાં પેલી દાસીને ઓછું કર્યું હતું ? સાસુજી તો એનો મીજાજ જોઇ સડક થઇ ગયાં, પણ વડસાસુએ કહ્યું કે લક્ષાધિપતિની બેટી અને લક્ષાધિપતિની ધણીઆણી હોય તે એટલો ફુફવાડો ન રાખે ? વીરચંદશાહને એતો જાણે ઓળખતાય નથી. આવા માણસોની સાથે તો ઓળખાણ હોય તે સારૂં ? '

મોંઘી ઉપર આવી અને બેઉ સખીઓ હિંદોળાપર જઇ બેઠા. મોંઘી અને ગુલાબ વચ્ચે નાનપણનાં સહીપણાં છે, ગુલાબ અને તે બેઉ એક શેરીનાં રહેવાશી, સાથે નિશાળે જનારાં અને સુરતમાં નાનાં નાનાં સાથે રમનારાં હતાં. મુંબાઈમાં મોંઘીનો વિશ્રામ ગુલાબ અને ગુલાબનો વિશ્રામ મોંઘી હતી. એ બે જણીઓ પોતાના સુખ દુઃખની વાતો કરતી અને ઘણીવાર મોંઘીએ ગુલાબને તે તેના કાકાને ઘેર રહેતી ત્યારે આશ્વાસન આપેલું. મોંઘીના બાપે–તે પરણી ત્યારે ગુલાબને ૫૦ રૂપિઆનો ચાંલ્લો અને વરને શાલજોટા આપ્યાં હતાં, મોંઘીનો બાપ સુરતનો મોટો ઝવેરી, મુંબાઇના બજારમાં તેની બે દુકાનો ચાલે અને ઝવેરીઓમાં ઘંજ ઝવેરી ગણાય. આવા મોટા માણસની છોકરી સાથે થયેલાં સખીપણાં કેમ જાળવી રાખવાં તે ગુલાબ સારી રીતે જાણુતી હતી. મોંઘી વરસેક દિવસ તેના કરતાં મોટી હતી પરંતુ આજ તો ગુલાબ તેને દાબી ઘાલતી. બે જણીઓ સાથે બેઠી હોયતો જનાર ગુલાબને મોટી ધારે. મોંઘીનો સ્વભાવ પઇસાને લીધે જરા ગરમ હતો પણુ પરણીને મુંબાઇ આવી અને વીરચંદશાહનું કપરૂં રાજ જોયું, ત્યારની એ નરમ શીળી થઈ ગઇ હતી. ગુલાબ પરણીને મુંબાઈ આવી ત્યારે શરૂઆતમાં અને હલેતાઇમાં બેઉ સખીઓને વરના તરફથી જરા કકળુવા જેવું હતું. મોંઘીનો વર વીરચંદશાહ બડો લહેરી હતો. ગાયનો, નાચ, મિજબાનીઓ અને નાટકોનો તેને એવો છંદ હતો કે કેવળ ઝવેરીની ગમે તેવી સખતાઇ છતાં રાતના તે બહાર ચાલી જતો હતો. મોંઘીને વખતે હુંકારા કરી જાય અથવા તિરસ્કાર કરી ચાલ્યો

જાય અને ગુલાબ આગળ આંસુ પાડતી મોંઘી કહે કે—બેન ? લીલાવતી રાસની લીલા જેવી મારી સ્થિતિ છે. ગુલાબ તેને ધીરજ આપી પોતાની વાત કહેતી. આમ એક બીજાને દુખ કહી હળવાં થતાં. ગુલાબની સ્થિતિ તે પછી બદલાઈ ગઇ અને મોંઘીને એ સુખ થયું હતું પરંતુ કોઇ કોઈ-વાર વીરચંદશાહ મીજાજ ખોઇ દે છે એમ ગુલાબ આગળ તે વાત કરતી. આ વખતે વળી ગુલાબને પોતાનું મન ખાલી કરવાનો વખત આવેલો છે. અને તેથી તે અહીં આવી છે. તે વાંચક જાણે છે. હિંડોળે બેસતાંજ મોંઘી બોલી કે—'ગુલાબ ! તેંતો આજેજ આમને જોયા નહિ વારુ ?'

'હા ઘોડે ચઢી આવ્યાતા ત્યારે જોયા હતા અને આજ જોયા. તમે મિજાજી કહો પણ મને તો બીલકુલ એવા લાગતા નથી.'

'તું હોય અને મને લડે તો તને મિજાજી લાગે ?'

'ના ના એમ નહિ મોંઘી બેન ? માણસ તેના મુખ ઉપરથી જ જણાઇ આવે.'

'અરે એતો હમણાં આવા થયા છે. અને તોય શું ? એક જરા પણ વાંકુ પડયુ હોયતો હજીએ એવાને એવા. અમારા લોકમાં વિદ્યા નહિ એટલે નાના હોય તોય એવા ને મોટા થાય તોય એવા. વિવેકમાં જો તું કહેતી હોઉ તો ખરૂં છે. એતો જેમ તું શરમાઇ તેમ એ જરા શરમાયા હશે. નહિ તો વિવેક કરવામાં બાકીએ રાખે નહિ. એમની ખાનદાની કંઇ જાય ? ગઇ પરમદિને અમારાં સુરતનાં ગોરાણી આવ્યાં હતાં. તે આવ્યાં સહેજ પણ અહીં રાખ્યાં, જમાડયાં અને ૧૦ રૂપિઆ આપ્યા. મારૂં પણ એમ તો માન રાખે. પણ વારૂ હું તો ભૂલી ગઇ, તું અત્યારમાં કેમ આવી ? તારૂં મોઢું ઉતરી ગએલું છે. કેમ ચંદુલાલ ભણ્યા ગણ્યા વળી પાછા વિફર્યા કે શું ! ?'

ગુલાબને પેલી વાત યાદ આવી. તેના મુખ ઉપર લોહી તરી આવ્યું અને આંખમાં ઝળઝળીઆં આવ્યાં.

મોંઘી—એમ શું કરે છે! કહે તો ખરી ?

'તારે આ પલંગમાં પગ દેવો નહિ. હું આજથી એકલો છું' આમ બોલતાં ગુલાબની આંખમાંથી આંસુ આવ્યાં. ફ્રેંચસેંટની મઘમઘી રહેલા રૂમાલથી તેનાં આંસુ લુંછી લેતાં મોંઘીએ કહ્યું કે—એમ કહેવાનું કારણ ?

'હાય !હાય ! એને શું છે ! એતો બિચારો મરી ગયો છે ? તું જાણે છે કે નહિ ?

ગુલાબ ચોંકી — હાય ! હાય ! બિચારો ગરીબ રંગનાથ મરી ગયો !

' હા— હું તો ધારૂં છું તેને છ મહિના થઇ ગયા હશે ! મને ગોરણીએ પહેલીવાર આવ્યાં ત્યારેજ કહ્યું હતું. હું તને કહેવું ભુલી ગયેલી. રંગનાથ માટે એમને તારા ઉપર શક આવ્યો છે? જારે જા, ગાંડી આપણ ગંગાજળ જેવાં હોઇએ તો એમનો શક શું કરવાનો હતો ?' મોંઘીનો ધનમદ જોસમાં આવી ગયો.

' પરોક્ષ તપાસ કરે અને ખાત્રી થાય ત્યાં સુધી મને બોલાવે નહિ. '

' ભલે તેમ કરે. કહીએ નહિ કે તમે સુરત જઇ તપાસ કરી આવો ?'

' મને તો ઓછું આવ્યું તેથી એ ઉઠયા નથી ત્યાર પહેલાં સાસુને કહીને તમારી પાસે આવી.'

'ઠીક થયું, ચાલ, એમને હું અહીં બોલાવી મંગાવું.' એટલામાં ગજરી ઉપર આવી.

ઓચિંતી તેને જોઇ મોંઘી—' આવો બેન. તમારાં ભાભીને મનાવા આવ્યાં હશો? તમારા ભાઇએ મોકલ્યાં કે બાએ ?

ભકકા બોલી મોંઘીએ આમ કહ્યું અને ગુલાબ શરમાઇ ગઇ ગજરાને પોતાની વચ્ચે બેસાડતાં તે બોલી કે—કેમ ગજરા બા? કેમ આવવું પડયું ?

' ચાલો, તમને ત્યાં બોલાવે છે. લ્યો આ કાગળ આપ્યો છે અને મને કહ્યું છે કે—' તું તેડીને આવજે. '

મોંઘી—' તમારા ભાઇ ખરા, ઘડીમાં આમ ફરે અને ઘડીમાં તેમ ફરે. લાવ, જોઇએ એ કાગળ '

મોંઘીએ તે ફોડયો અને વાંચીને હસતાં હસતાં ગુલાબને આપ્યો. ' જો બેનના નામનો છે. '

' કંઇ નહિ તમે મારાથી કયાં જુદાં છો ! '

' ગુલાબે કાગળ વાંચ્યો, હસી, સ્વામીને એટલું લખવું પડયું તેને માટે જાણે પશ્ચાતાપ પામી અને બોલી કે—' તમને શું કરવાને મોકલ્યાં? હું આવત બા, અને જીજીને કહીને આવ્યાં ! મને તો શરમ આવે છે મોંઘી બેન ! '

' ના ભાભી, તમે ગયાં અને થોડીવારે મારા ભાઇએ મને ઉપર

બોલાવી કહ્યું કે—' ક્યાં છે, ઉપર મોકલ, મેં કહ્યું કે-તેતો ઝવેરીને ઘેર ગયાં છે, ત્યારે કહે કે-લે આ કાગળ અને મહેતો શાક લેવા જાય છે તેની સાથે ઝવેરીને ત્યાં જઇ એમને અહીં તેડી આવ. રાતનાં એ રિસાયલાં છે. માટે જરૂર તેડીને આવજે.

' જુઓ મોંઘીબેન ! હું રિસાયલી કે એ ? કેવું બોલે છે ? '

ગજરાને—' બેન ! તમે જાવ, અને કહેજો કે—ઝવેરીને ત્યાં જમીને આવશે, કોણ રિસાયું છે અને કોણ મનાયું છે, હમણાં આવત પણ મારા ઘરમાંથી એને જમવા રાખવાનું કહીને બહાર ગયા છે અને જો આવે તો એમને તમારા આખા ઘર ઉપર ખોટું લાગે. તમે જાવ, બપોરના હું અને એ બેઉ આવીશું. '

ગજરીને સમજાવી પાછી મોકલ્યા પછી મોંઘીએ કહ્યું કે—' ગુલાબ ! તું લાડ કરે છે પણ ભણેલા માણસનાં મન કેવાં પોચાં હોય છે ? એમ કહ્યું તેમાં શું થયું ? મને આ કેવાં કેવાં વચનો કહે છે ? હમણાં થોડા દિવસ ઉપર-સસરાને કહે કે-મારૂં શરીર સારૂં નથી તે અકવાડીઉં હું એકલો મહાલક્ષ્મી રહીશ. સાંજના જમીને ગાડી જોડાવીને એ ત્રણ મિત્રો સાથે જાય તે સવારે દશ વાગે આવે, પછી પાછા બહાર નીકળી જાય અને સાંજના જરા મને મળ્યા ન મળ્યા બંગલે જાય. બે ચાર દિવસ એમ ચાલ્યું એટલે મારાથી રહેવાયું નહિ. એક દિવસ રાતના દશ વાગ્યા હતા અને ગાડી તઇયાર હતી તેથી મેં જેઠાણીની સાથે સાસુજીને કહેવરાવ્યું કે-હું એ મહાલક્ષ્મી જાઉં છું. તેમણે કહ્યું કે જાવ. જ્યારે હું ત્યાં ગઇ ત્યારે તો ઉપર કેટલાક મિત્રોની મિજલસ બેઠેલી અને નાચ થાય. ગાડીમાંથી ઉતરી સીડી આગળ ગઇ અને નાયકણનો રાગ સાંભળી હું તો સઢ થઈ ગઇ. ઉપર જવું કે શું કરવું ? સાસુજીને કહીને આવેલી તે પાછાં કેમ જવાય ? પગ પાછો ખેંચી હું નીચે ઓટલા ઉપર ઉભી અને ગાડી વાળો, શેઠાણી ઉપર ગયાં એમ ધારી ગાડીને તબેલામાં હાંકી ગયો. દીવો બળતો હતો પણ હું એકલી. મને તો બીક લાગવા માંડી. નીચેનો હોલ બંધ, બેસું પણ ક્યાં ? જરાક વાર ઉભી રહી એટલામાં ઉપરથી માળી આવ્યો તે મને જોઇ આશ્ચર્યમાં પડ્યો અને ઉપર જઇ એના શેઠને ખબર આપી. અંતરના ભીંજેલા શેઠ સાહેબ નીચે આવતાં બોલ્યા કે ' અત્યારે તમે અહીં ક્યાંથી ?'

'અહીંજ આવી મને એકલાં ઘેર નથી ગોઠતું.'

'ત્યારે નીચે કેમ ઉભાં રહયાં ?'

'તમારી મીજલસ બેઠી છે એટલે ક્યાં આવું ?'

'એમ કેમ ? તમને કોઈ અટકાવત ?'

'એવા તો કોના બાર છે ?'

'પણ ક્યાં—પૂછશો વચ્ચે આવું !'

માળી પાસે જુડો મંગાવ્યો અને મોટા હોલની જોડેની મેડી ઉઘડાવી. ત્યાં ગયા પછી મને કહે કે–તમે અહીં બેસી સાંભળો—હમણાં હું બાર વાગ્યામાં પતાવી દેવરાવીશ, પોતે પાછા ત્યાં જઇ બેઠા. નાચરંગ પૂરણ તાલમાં ચાલતાં હતાં અને પોતે ખુબ મોજમાં હતા. શેઠ આવી ગયા અને હોલ ઊભરાડયો તેથી એમના મિત્રોમાં મારા આવ્યાની વાત જાહેર થઈ. સઉએ પતાવા માંડયું. એટલે નાયકણ ચેતી ગઇ. થોડી વાર વિરામ લેવાને ગાયન બંધ થયું અને કોફીના કપ આવ્યા, સઉને અપાવ્યા. બે કપ લેઇ પોતે મારી મેડીમાં આવ્યા અને અમે બે જણ કોફી પીતાં હતાં એટલામાં પેલી નાયકણ આવી. મારા પ્રત્યે તેણે બહુ ભાવ દેખાડયો અને બોલી કે—શેઠાણી સાહેબાચી સ્વારી આલી મહાણુન મલા ફાર આનંદ વાટતો, આમ કહી તેણે વળી ગુજરાતીમાં મને સારૂં લગાડવા કેટલીકવાર સુધી જુદી જુદી રીતે સવાસલાં કર્યાં. તે ગઇ અને શેઠે ફરીને ગાયન ચાલુ ન કરાવતાં સઉને વિદાય કર્યા. નાયકણને રૂપીઆ ઉપરાંત એક વીંટી આપી દીધી. અરે તેના ગયા પછી જ્યારે મેં કહ્યું ત્યારે મને એવાં સખત વચનો કહ્યાં કે તારા જેવી રીસ રાખું તો મરી જાઉં હું સર્વે સહન કરી રહી એટલે એમની મેળે શાંત પડયા અને બીજે દહાડે મને પૂછવા આવ્યા કે 'તને ખોટું લાગ્યું' હું પણ એવી કે સમજાવામાં લાવી ફરીને એવા નાચરંગ કરાવવાનું પણ લેવરાવ્યું.

જો ને ! ગુલાબ બહુ રિસાળ ન થઇએ, ધણીને આપણે હાથ રાખવો એ કંઇ મુશ્કેલ નથી. આપણે કોણ એની વહુને—વહુને તો વાધે વશ થાય છે અને લોકમાં કહેવત છે તે પણ ખરી છે કે વહુતો વાઘને પણ વાલી હોય.'

ગુલાબ—મોંઘીબેન હું રીસાળ નથી. મને તો એમનાં વચન ઉપરથી ખોટું લાગી આવ્યું. એ મને ચહાય છે અને કોમળ હ્રદયના છે. મને દુ-

કાંઈય કરતા નથી. માત્ર પોતાને એમ કરે એટલે મને ખોટું લાગે છતાં જોને કેવાં ગજરાબાને મોકલ્યાં !

'હવે મનાવજે, અને રિઝાવજે એટલે થયું. ચાલ નીચે મારાં સાસુને તો મળ.'

બન્ને સખીઓ નીચે ગઇ અને મોંઘીની સાસુ સાથે વાતમાં પડી.

આણી તરફ ચંદુલાલ ગુલાબના ન આવવાથી દિલગીર થઈ પોતા- ... ગ ઉપર બહાર ગયો. જેકોર શેઠાણીએ ગજરીને એક બે સવાલ પૂ- ... ો જાણી લીધું કે કંઇક છે પરંતુ હોય 'ધણી ધણીઆણીના કજી- ... આપણે શું કામ છે' એમ ધારી તેઓ કંઇ બોલ્યાં નાહિ. ત્રણેક વાગે મોં... અને ગુલાબ ઘેર આવ્યાં. જેકોર શેઠાણી સાથે બેસી તેમણે કેટલીકવાર સૂધી વાત કરી પછી ચંદૂલાલની વાટ જોતી મોંઘી કેટલીકવા- ર સુધી ગુલાબની મેડીએ બેઠી, પરંતુ તે આવ્યો નહિ ત્યારે ગુલાબને આશ્વાસન આપી ઘેર ગઈ, સાંજ પડી અને ગુલાબ નીચે ઉતરી તેની સાસુ પાસે સાંજની રસોઇ માટેની વાત કરતી હતી. એટલામાં એક સિ- પાઇ આવ્યો તેણે જેકોર શેઠાણીને કહ્યું કે—મોટા શેઠે કહાવ્યું છે કે, આ- જે રાતના નવની મેલમાં ચંદુ શેઠને બહાર જવાનું છે માટે રસોઈ તથા બીજાં મુસાફરીનાં સાધન તઇયાર રાખજો; 'ક્યાં જવાના છે, તે તું જા- ણે છે ?' જેકોર શેઠાણીએ સવાલ કર્યો.

'કાઠીઆવાડ તરફ જવાના છે'

'વારૂ, એમ કહી શેઠાણીએ ગુલાબના સામું જોયું. ત્યારે ગુલાબના મુખ ઉપર જાણે જુદીજ જાતની લાગણી જામી રહી હતી. સિપાઇ આ પ્રમાણે કહીને ગયો અને શેઠાણી મંચ્છા માની પાસે ગયાં. ગુલાબ મનમાં બોલી કે—આ શું ? શું ? હશે ? સસરાજીએ કહાવ્યું છે ? એ જાણતા હશે કે નહિ. હું કેવી ઘેલી કે ગજરાબા તેડવા આવ્યાં તોય આવી નહિ. હવેતો ગમે એમ થાય પણ સાંજના એમને ખુશ કરીને મોકલવા. આ પ્રમાણે વિચાર ચિંતા કરતી, સાસુએ સોંપેલું જોઇતાં કપડાં કાઢી તઇયાર રાખવાનું કામ તે કરતી હતી એટલામાં ચંદુલાલ આવ્યો અને જેકોરને મળ્યો.

'બા, મારે અત્યારે મેલમાં જવાનું છે.'

'હા, હું જાણુંછું. અને તેની તઇયારી થાય છે. જા ઉપર તારાં સુ-

ગડાં કાઢે છે, તે જોઇ આવી તારે જોઇતાં હોય તે પોરટમેંટોમાં ભ-
રી તઇયાર કરાવ. હું ભાથાની ગોઠવણુને માટે ભટને કહી આવીછું. બે ત્ર-
ણુ દિવસમાં પાછું આવવાનું છે ને ?

'હા બે દિવસમાં પાછો આવીશ.'

'વારૂ જા. તું તારી તઇયારી કર. ગરમ કપડાં સાથે રાખજે.'

ચંદુલાલ ઉપર આવ્યો અને ગુલાબના મુખ ઉપર શેરડા પડી ગયા. મેડીમાં પગ દેતાંજ ચંદુ ગંભીર થઇ ગયો. ગુલાબ નીચૂ જોઇ અશરણ હોય તેમ ઉભી રહી એટલામાં તેની આંખમાંથી ઉનું ઉનું આંસુનું ટીપું ચંદુલાલના અંગુઠા ઉપર પડ્યું અને તેણે પ્રેમથી ગદ ગદ થઈ બેઉ હાથ સ્કંધ ઉપર નાંખી પોતાની છાતી સાથે ચાંપી દીધી. સમજુ સ્વામીનો સ્પર્શ થતાં ગુલાબથી મોટેથી રોવાઇ જવાયું અને 'અરે! શુંછે નીચે બા અને દાદી છે તે ખબર છે કે નહિ ?' 'આમ કહી તેણે મુખ ઉંચું કરવાનો યત્ન કર્યો પણુ શોકથી, શરમથી, લજ્જાથી અને પશ્ચાતાપથી જડ થઇ હોય તેમ ગુલાબ હાલીજ નહિ. આંખમાંથી પાણી ચાલી ચંદુના ખમીસનો પટ ભીંજાયો, માથું ઉઘડી ગયું, કપાળ ઉપરના કુંતલ પસીનાથી અને આંસુથી કપાળે ચોટી ગયાં અને આખો ચેરો લાલચોળ જેવો થઇ ગયો પણુ ગુલાબથી ઉંચુ જોવાયું નહિ. 'અરે ! કેમ આમ છે? હવે ઘણુ થયું ક્ષમા કરો' 'ક્ષમા' શબ્દ સાંભળતાંજ આંસુથી પગનું પ્રક્ષાલન કરતી હોય તેમ નરમ થઇ તે બેસી ગઇ અને હુંજ નમેરી છું, હુંજ આવા કોમળ હૃદયને અમસ્થી સંતાપ કરાવનારી છું, મને ધિક્કાર છે, એમ બોલી ગુલાબ છેકજ ખુલ્લુ રડી ગઇ. ચંદુલાલે પાણી લાવી આપી કહ્યું કે ઠીક છે જેમ છે તેમ છે. લ્યો પાણી પીઓ અને આ કાડેલાં કપડાંને ગોઠવી દો. વખત પાણીની માફક ચાલ્યો જાય છે. તેણે પવાલુ ગુલાબને હોઠે અરકાડ્યું એટલે આંખમાંથી આંસુ લુછાયા નહોતાં એટલામાં અંતરમાંથી ઉમળકાનું અને પ્રેમનું હાસ્ય તરી આવ્યું. પવાલુ તેણે પોતાના હાથમાં લઇ પાણી પીધું અને ગલીની બારીએ જઈ મુખ ધોઇ નાંખ્યું. મુખ ધોઇ બારીમાંથી તે ફરી એટલે ચંદુલાલે ટુવાલ આપ્યો અને ગુલાબ ખરેખર ખડખડાટ હસી પડી. 'કેમ ઘેલી બેલી થઇ છે કે શું ? ઘડીમાં રૂવે છે અને ઘડીમાં હસે છે ?'

'હા તમને જોઇ ઘેલી થઇ છું' મોદમાં આવી જઈ ગુલાબ એમ બો-

થી પોતાના પ્રાણનાથને ભેટી પડી અને વળી બોલી કે 'આજને આજ જવાના છો ? રહેવાય તેમ નથી ? કાલે જજો ! ?'

'આજ શું છે ?'

'કંઇ નહિ, સહેજ.'

'એમ કેમ ? તમારે ગઇ કાલનાં રૂષણાંને આજ પુરેપુરાં ભગાવવાં હશે વારૂ. નહિ ? ચંદુએ ચુંબન કર્યું અને ગુલાબ બોલી કે રૂસણાં તો આ ભાગ્યાં.

'ચાલો,પેલો પોરટમેંટો લાવો. વખત થઇ જશે અને હમણાં બધા આવશે.'

'ક્યાં જાવ છો ? કેમ જાવ છો ? તે કહો. પછી મૂકીશ.'

'સમુદ્રપુર જાઉં છું. પરમ દિવસે કે પેલે દિવસે આવીશ અને આવીશ ત્યારે કહીશ કે કેમ ગયો હતો ?'

કેશવચંદ્ર અંદર આવતાં બોલ્યો કે

'મી. ચંદુલાલ નવ વાગ્યાની મેલમાં તમે સમુદ્રપુર જાવછો એમ મેં સાંભળ્યું તે ખરૂં કે ?'

'યસ–હા, જાઉં છું. બે ત્રણ દીવસમાં પાછો આવીશ.'

બેઉ જણ ખુરશીઓ ઉપર બેઠા એટલે લુગડાં ગોઠવતાં ગુલાબે કહ્યું કે હવે તો તાપ પડે છે અને એણી તરફ વળી વધારે ગરમી હશે ત્યારે ઘણાં ગરમ કપડાંની શી જરૂર છે ?

'એક બે મુકો એટલે બસ.'

કેશવચંદ્ર અને ચંદુલાલ વચ્ચે કેટલીકવાર કાઠીઆવાડનાં રજવાડા સંબંધી વાત ચાલી દરમીઆન ગુલાબે ખુશ મીજાજથી કપડાં ગોઠવી પોરટમેંટો તઇયાર કર્યો. તે હવે નીચે ગઇ અને રામચંદ્ર શેઠ આવ્યા તેમણે ચંદુલાલ તથા કેશવચંદ્રને નીચે બોલાવી લીધા. રામચંદ્ર શેઠે પોતાની પાસે તે બે જણને બેસાડતાં કહ્યું કે—ચંદુલાલ આજ તું આ મુંબાઇ નગરીને છોડી દૂર જાય છે. એ તારૂ પહેલું પ્રયાણ છે અને ત્યાં તને નવી દુનિયામાં ગયો હોઉં એવું લાગશે. મને એ તરફનો અનુભવ નથી પરંતુ લોક પરંપરા અને વર્તમાનપત્રો વગેરે ઉપરથી જણાતું કાઠીઆવાડનું ચારિત્ર કંઇક વિચિત્ર, ખટપટીઆ અને લોભનીય છે. પઇસો પેદા કરવા ઇચ્છનારા કેટલાક એણી તરફ નજર દોડાવતાં જોવામાં આવે છે અને છે પણ એમજ. રાજા રજવાડામાં ઠેકાણે પડી જનાર માણુસ કદી

પણ નાગો ભુખ્યો રહેતો નથી. આટલા બધાની સાથે વળી એવા પણ કેટલાક દાખલાઓ મારા જોવામાં આવેલા છે કે જેઓ કાઠીઆવાડથી પાછા ફરી આવતાં તેને નવગજના નમસ્કાર કરે છે. નાનપણથી મુંબાઇમાં ઉછરેલા માણસને એ ભૂમિ બહુજ વિચિત્ર લાગે એમાં નવાઇ નથી. અહીંની વિદ્યા, સુધારો અને વિચારની તથા વાતથી છુટ એ દેશમાં બીલકુલ નથી. કેળવણીનો હજી ત્યાં પ્રારંભ થાય છે. સુધારાની સામે ત્યાંના લોક તિરસ્કારની નજરથી જુવે છે અને આણી તરફના માણસ ઉપર તેઓ વિશ્વાસ મૂકતાં અચકાય છે એ સંબંધે તને શીખામણ દેવા બેસું તો પાર આવે તેમ નથી. પરંતુ ટુંકામાં માત્ર એટલુંજ કહું છું કે—નીતિના સિદ્ધાંતને અનુસરી ચાલવું, લોભ રાખવો નહિ અને બુરાથી દૂર રહેવું. જગતમાં મોટામાં મોટી શીખામણનો આટલામાં સમાવેશ થાય છે. નીતિને અનુસરી સારે માર્ગે ચાલનારો સ્વતંત્ર માણસ શરૂઆતમાં કદાપી કંઇક નાસીપાસ થાય તોપણ આખરે તેનો જય થાય છે. નીતિથી ચાલનારા માણસને કોઇ દુશ્મન હોતો નથી. અને જેને માથે દુશ્મન નથી તેને કદી પણ ભય નથી. ઉન્નતિ જોઇ બળનારા દ્વેષી દુશ્મનમાં ગણાતા નથી. તેઓ પ્રાણ લેવાનો કદી પણ યત્ન કરતા નથી. એટલે માત્ર તેઓ આપણી ઉન્નતિનો દ્વેશ કરી પોતે પોતાની મેળે બળી મરે છે. કોઇની ઉન્નતિ ઉપર અથવા જય ઉપર આપણે દ્વેશ કરવો નહિ. અને મરણાંગતેય માણસના પેટ ઉપર પાટુ મારવી નહીં. આ બાબત ઉપર હું તને ભાર દઇને કહેવા માગું છું અને તારૂં પરંપરા કલ્યાણ થાય એવી શુભેચ્છાથી હું તને કહું છું કે માણસના ઉપર ઉપકાર કરવામાં અને કોઇને પણ રોટલો મળતો અટાકાવવામાં આવવું નહિ. ભગવાન વેદવ્યાસે કહેલું છે કે—પ્રાણ, ધન અને મનથી માણસ માત્રનું શુભ કરવાની સમજાું માણસે નિરંતર ઇચ્છા કરવી. માણસ માણસનું શુભ કરવાને માટેજ જન્મે છે અને જો બારીક દ્રષ્ટિથી વિચાર કરીએ તો આપણાં પુરાણો આપણને ઇશ્વરના અવતારોથી બીજો કંઇજ નહિ પણ એજ બોધ કરે છે કે માણસે માણસનું શ્રેય કરવું. માણસના શ્રેયને માટે ઇશ્વરે પણ યુગે યુગે અવતાર લીધા છે. તો માણસ માણસના શ્રેયને માટે યત્નવાન રહે તેમાં તે શું વધારે કરે છે? ચંદુલાલ! મારી નાનપણની ગરીબ દશા તો તેં ઘણીવાર જીજીને તથા તારી બાને મોંઢે સાંભળી હશે, હું જે કંઇ થોડું

કમાતો તેમાંથી પણ મારા ગજા પ્રમાણે પુણ્ય ધર્મ કરતો અને આટલી બધી ઉમરમાં મને કદી પણ યાદ નથી કે મેં કોઇ માણસને મળતો રોટલો અટકે એવી જીભ વહાઈ હોય. એજ અનન્ય દયાના કારણથી હું આજ સુખી, સંતોષી અને પનોતો છું. તમે મારા ફરજંદ છો અને તમને હું વારસામાં મારો એજ ગુણ આપવા ઇચ્છું છું માણસ માત્રનું હિત કરવાની વૃત્તિ રાખવી, હિતવૃત્તિ ઇશ્વરાવતાર છે.

ચંદુલાલ ! બીજી શીખામણમાં વળી એટલું પણ તારે યાદ રાખવું કે કદી પરાયા માણસને સુધારવાની કોશીશ કરવા જતાં ઠપકો મળે અથવા ગેરલાભ થાય તોપણ ડરવું નહિ અને આપણી નીતિ અનુસાર તેને સારો બોધ કરવો. બોધક ઘણાનો શત્રુ બને છે એમ કહેવત છે પરંતુ આખરે પેલાઓ ગુણ માને છે, આ સઘળી બાબતો પોતાની બુદ્ધિ અને દેશકાળને અનુસરી કરવાની છે તેમાં ખાસ કરીને કાઠીઆવાડમાં જે કરવાનું છે તે એજ કે કોઇની આઘી પાછી કરવી નહિ. રાજદ્વાર વિચિત્ર હોય છે. રાજાઓને માત્ર કાન હોય છે તે વાત ખોટી નથી, ગમે તેવો ભણેલો રાજા હોય પણ જગત સંબંધી તે અજાણ હોય છે. તે ઘણાં ખરાબ માણસોથી વિંટાયલો રહે છે અને રાજગ્રહમાં હમેશાં એક બીજાનું ખુન ચુંસાય એવી તરકટી બાબતો ચાલ્યાં કરે છે એ ખટપટથી દૂર રહેવું. કાઠી રાજાઓનો અનુભવ મને મારા એક મિત્રે ઘણો સરસ રીતે જણાવેલો છે અને તેના મત પ્રમાણે જો હું ચાલુ તો તને એ દિશામાં પણ જવા દેઉં નહિ, પરંતુ હોય સઘળે ઠેકાણે એમ બનતું નથી. માટે તું જેમ તને તારી સદ્બુદ્ધિ ચલાવે તેમ ચાલજે અને ન ફાવે ત્યારે અહી આવવાનું રાખજે, આજ જા. એ રાજાને મળી આવ અને જોજે તેની સહી અને સિક્કાનો હુકમ લીધા પછીજ આવજે. રાજાઓની મોંઢાની વાત ઉપર વિશ્વાસ રાખવો નહિ કારણ કે અનેક વિષયોમાં પચેલા તેઓ ક્ષણેક્ષણની વાત ભુલી જાય છે, ભલે સુખેથી જા, હાલ તને ૩૦૦ રૂપિઆનો પગાર મળશે અને રેહેવા માટે હોસ્પીતાલની પાસે બંગલો મળશે. મેં બધી ગોઠવણ કરી છે તેમ છતાં પગાર તથા રહેવાની બધી બાબત હુકમમાં લખાવજે. અહી આવજે પછી—તારી બા વગરે સાથે આવશે અને ત્યાં તમને ઘર માંડી આપશે પણ સઘળું નક્કી કરીને આવજે. કરનલ લીફ્ટ ઉપર મેં મી૦ જેકબ પાસે પત્ર લખાવ્યો છે એટલે ચિંતા નથી.

હું અને કેશવચંદ્ર એજ વાત કરતા હતા;

કેશવચંદ્ર સામું જોઇ શેઠ બોલ્યાકે—કેમ કેશવચંદ્ર મારૂં કહેવુ ખરૂ છે ને?

' હા અક્ષરે અક્ષર ખરૂ છે. એ લોકનો આપણે વિશ્વાસ રાખવો ન-કારણ કે તેઓ આપણો વિશ્વાસ રાખતા નથી. આપણા ગુજરાતના રા-જાઓને માટે તો જે કહીએ તે મનાય ? એક વાત મારા સાંભળવામાં આવી ત્યારે હું તો વિસ્મયચકિત થઇ ગયો હતો. કહે કે— જે દીવાનને સાં-જે કઢંગી રીતે રજા આપવાની હતી તે દીવાને લોકમાંથી સાંભળેલી પો-તાની વાત બપોરે રાજાને પુછી ત્યારે તે એવું બોલ્યોકે—' દિવાનજી ! લો-કની વાતોમાં તમે વિશ્વાસ મુકો છો? મારે તમને કાઢવા હોયતો શું હું શ-રમાઉં છું ?' એજ રાજાએ આગલી રાતે બીજા દીવાનને પોતાની સહી કરી આપી હતી અને ઉપલી વાત બની તેજ સાંજે નવા દીવાને ચારજ લી-ધો. રાજાઓ તો એવારતો?? આપણા પ્રાચીન સાહિત્યમાં એમની કેરકટર—ચારીત્રનું બહુ સારૂં વર્ણન છે.

મી. મોહનલાલ આવ્યા અને રામચંદ્રે તેને બોલાવી તેનો પણ અ-ભિપ્રાય લીધો. પછી ચંદુલાલના બીજા મિત્રો આવ્યા અને જવાની ધામ-ધુમ થવા માંડી. સઉને બેસાડી શેઠ ચંદુલાલ તથા કેશવચંદ્ર વગેરે જમ-વા ગયા અને જમી ઉઠયા પછી ચંદુલાલ કપડાં પહેરી તઇયાર થયો ત્યા-રે સાડા આઠ વાગ્યા. ગાડી તઈયાર હતી. ગજરીએ ભાઇના કપાળમાં કંકુ-નો ચાંલ્લો કરી અક્ષત ચોઢયા અને ડોશી જેકોર શેઠાણી શેઠ અને ગજ-રી વગેરે નીચે સુધી ગયાં, ગુલાબને મળી ચંદુલાલ નીચે ઉતર્યો અને કે-શવચદ્ર તથા મોહનલાલ તેને સ્ટેશન સુધી મુકવા ગયાં.

પ્રકરણ ૪ થુ.

ચંદુલાલ ગયો અને ઘરમાં તેની નોકરી સબંધી વિચાર થવા લા-ગ્યા. ગુલાબ પોતાના મનમાં આનંદ પામવા લાગી અને રજવાડી નોકરીની સાહ્યબી તેની આંખ આગળ તરવા લાગી. ગુલાબ પોતાના વિચારમાં હ-તી ત્યારે જેકોર શેઠાણી ચંદુના તરફની નિરાંતે કુલ ધ્યાન ગજરીના ઉપર લગાડવા લાગ્યાં. એક દહાડો એકાંતમાં રામચંદ્રને કહ્યુંકે– ' હું અને જીજી તમને ગજરી માટે કેટલું કહીએ છીએ પણ જુઓને તમારી આંખ ઉ-

થકેછે? સવારમાં નાહી ચાહ પીને મીલમાં બપોરે જમ્યા કે મિલમાં અને સાંજે વાળુ કર્યું કે-ફલાણાને મળવુંછે ઓ ઢીંકણાને મળવું છે. એ લાલુસ જેને માટે કરોછો એ છોકરાંનુ સારે ઠેકાણે પાનું નાંખ્યા પછી કરો એટલે બસ;

'તને એમ લાગેછેકે મને ચિંતા નથી. અલબત તમે અને જીજીએ પેલી વાત કરીછે ત્યારની મારી ચીંતા ઓછી થઇ છે. હવે કેશવચંદ્ર અહવાડીઆમાં જવાનાછે ત્યારે એના બાપ ઉપર કાગળ લખી આપીશું. ગુલાબ વહુની પાસે તું એમનોતો દાણો ચાંપીજે, છોકરો સારોછે અને ભાગ્યશાળી નીકળશે. તારો ચંદુ ઠેકાણે પડયો અને ગજરીને હવે ઠેકાણે નાંખીએ છીએ.'

'ચંદુ મારો શાનો તમારો અને ગજરી મારી' 'એમ.'

'ના બૈરાંની એ રીતછે, છોકરી માનું અંતર અને દીકરો બાપનું અંતર. માટે તમે તમારા દીકરાનું કર્યું, હવે મારી દીકરીનું કરો એટલે બસ.'

'જો—બી. એ. સુધી આવેલો વરછે અને તારે આગળ ભણાવવો હશેતો તેનીએ મને ના નથી. જોઇએ તો બારીસ્ટર બનાવ.'

અત્યંત આનંદમાં આવી જેકોર શેઠાણી બોલ્યાં કે–' ના. ના ખરૂં કહો છો. હોંશીઆર છે. એ બારીસ્ટર થાયકે? વિલાયત જવું પડેકે નહિ?'

'વિલાયત ગયા વગર ચાલેકે? ત્યારે તો નહિ.'

'તેમાં શુંછે? શું વિલાયત સારૂં નથી? હશે. થવાનું હશે ત્યારે તેની વાત. આગળથી આનંદ શો? બી. એ. થાય એટલે બસ. હું એટલું અભિમાન લઇનેજ સંતોષ પામીશ કે–નાતમાં પહેલ વહેલો બી. એ. કોણુ! તોકે મારો જમાઇ.'

બારીસ્ટર કરીશતો વળી વધારે અભિમાન લેવાશે. પંદર હજારની વિશાત એમાં શુંછે?.

'ટીકછે તે વખતે વાત.'

'બારીસ્ટર કરવાની વાત હમણાં રહેવા દેવી હોય તો ભલે પણ બીજું શું કરવું છે?'

'તમે એના બાપને કાગળ લખો અને નક્કી કરી નાંખો એ કરવા પાછળ મારો જીવાત્મા લાગી રહેલો છે અને આવો વર ફરીને મળવાનો નથી. જેમ બને તેમ એ બાબત વહેલી કરી નાંખવી એવો મારો નિ-

થય છે અને તે બર લાવો એટલે આપણો સંસાર પરિપૂર્ણ ઉતર્યો કહેવાય."

'હું પણ તારા જેવોજ અભીપ્રાય ધરાવું છું અને ગજરીનું ઠેકાણું પડશે, ચિંતા કરીશ મા. વહુની પાસે કહેવરાવજે એટલે થયું.'

ધણી ધણીઆણી વચ્ચે આ પ્રમાણે વાત થયા પછી બીજે દીવસે જેકોર શેઠાણીએ ગુલાબને તે વાત કહી અને ગુલાબ નણંદનું પ્રિય કરવાને માટે કેશવચંદ્રનો સહવાસ કરવાનો લાગ શોધવા લાગી.

એકવાર સાંજના ચાર વાગેલા હતા અને કેશવચંદ્ર એક પુસ્તક લઇ ટેલતો ટેલતો વાંચતો અને ફરતો હતો એટલામાં ગુલાબ ઉપર આવી અને શરમાતાં શરમાતાં બોલી કે—કેશવચંદ્ર હમણાં બહુ વાંચવાનું ચાલે છે કે શું? તમે તો કંઇ ગમ્મત કરાવતા નથી!

'મને ઘણો વખત મળે છે પરંતુ પરીચય ન હોવાથી હું બોલતો નથી. જો તમને નવરાશ હોયતો મને કંઈ પૂછો તો કહું. મને બોલવાની બહુ ટેવ નથી.'

ગુ—અભ્યાસમાં ગમ્મતથી સારૂં થાય છે. આ અમારા—ગજરાબાના ભાઇતો ખાસ કરીને પરીક્ષાઓ પાસે આવતી હોય ત્યારે ગમ્મત કરે.

કે—ખરૂં છે. અમે પણ મિત્રોમાં સાંજનો તથા સવારનો થોડો વખત આનંદમાં રમત ગમ્મતમાં ગાળીએ છીએ. તમને હારમોનીઅમ સારૂં આવડે છે. અને એમાં તમારી કુશળતા જોઇ ઘણીવાર હું મારી મેડીમાં બેઠો બેઠો પ્રસન્ન થાઉં છું—વધારે ખુશ થવા જેવું તો વળી એ છે કે, તમે અંગ્રેજી રાગ પણ ઉતારી જાણો છો. ચંદુભાઇને આવડે છે કે નહિ?

એમને થોડી રાગણીઓ આવડે છે પણ વગાડતા નથી—એમને વગાડ્યા કરતાં સાંભળવાનો બહુ શોખ છે. હવે તમારે પરીક્ષાની કેટલીવાર છે? પરીક્ષા પછી ક્યાં જવાનો વિચાર છે?

'બે ત્રણ માસ મારે ગામ જવું એમ ધારૂં છું. ઘણા વખતથી મારા પિતાજી અને સગાંસાગવાં મને ગામમાં રહેવાનો આગ્રહ કરે છે.'

'તમારી તરફ નાતનો જથો સારો છે પણ બહુ બાળલગ્ન થાય છે.'

'એ બાબત હાલ સુધરે તેવી નથી. લોક જેમ જેમ ભણતા જશે તેમ તેમ સુધરશે.'

'તમેય પરણેલા હશો નહિ વારૂ?'

'ના હજી હું પરણ્યો નથી. બી. એ. થયા પછી એમ થાત તો સારૂં એવો મારો વિચાર છે.'

ગંભીર મુદ્રાથી હાવકાં રહી ગુલાબે કહ્યું કે—'કેશવચંદ્ર! હું તમને કંઇક પુછું? કંઇક ગુપ્ત વાત કહું? તમે તેનો સિધો નિખાલસ જવાબ આપશો?'

'અરે વાહ? એમ શું બોલો છો? તમને શું હું ઉડાડનારો જવાબ આપી શકું?'

'બેસો જુઓ તમે કુંવારા છો અને મારાં નણંદ કુંવારાં છે- એમના હાથની હું તમને ઓફર કરૂં તો કેમ?'

કેશવચંદ્ર બોલ્યો નહિ. તે આશ્ચર્યમાં પડયો.

'કેમ બોલ્યા નહિ?'

'એ બાબત કંઇ તમારાથી તેમ મારાથી નક્કી થાય તેવી છે? એતો આપણા કરતાં મોટાં અને વધારે જોખમદાર માણસના વિચારની છે એટલે હું શું કહી શકું?'

'તમે જાણતા તો હશોજ કે નાનાં બોલે તે મોટાની આડકતરી મરજી જ હોય.'

'હા, એ હું જાણું છું પણ મોટામાં પણ જોખમદાર માણસનો સમાવેશ કરવો જોઇએ.'

'હું તમને ખાત્રી આપું તો કેમ?'

'શું? હું ખાત્રી માટે એમ કહું છું? નહિજ. તમે કહ્યું ત્યારનોજ હું સમજ્યો છું કે તમે કંઇ ઓફર કરવાને અધીકારવાળાં નથી અને તમે જે ઓફર કરો છો તે બીજું જોખમદાર માણસજ કરે છે પરંતુ તે મારા તરફના તેવાજ જોખમદાર માણસને થઇ હોય તો વધારે ઠીક.

'પણ—'

'બસ, પણની જરૂર નથી, મારા તરફની ના નથી. મારો મત તે એમનો એમ છે. પરંતુ રીત એવી માટે કહું છું.'

'ત્યારે બસ—એમ કરતાં અમને વાંધો નથી.'

'ઠીક છે, હું બહુ રીતે આ ઘરનો ઉપકારી થઇશ.'

'વખત એવો છે કે આટલા તમારા શબ્દો અમને ઉપકાર કરે છે. તમેજ વિચાર કરો કે—તમારા સિવાય—'

'ના, એમ બોલશોજ નહિ. આપણે શું જાણીએ છીએ?' વદુરતના વસુન્ધરા.

તમારો વિનય તમને એ વચન બોલાવે છે પરંતુ અમે--મારાં વડસાસુ જાણે છે અને તે કહે છે કે નાતમાં તમારા જેવું બીજું કોઇ નથી. આ માણસને માટે ચિંતા ન રાખશો. જુઓ. કન્યાને માટે પણ કેટલીકવાર પરણનારના મનમાં વિચાર થાય છે. ઘણીવાર માણસ મોટાની કન્યાને લેતાં આનાકાની કરે છે પરંતુ અમારા ઘરમાં એમ નથી. ઘરડાંના પૂણ્ય પ્રતાપે અમને ધન સાહ્યબી આપ્યાં છે પણ તમારા ગામડાનાં કામમાં પણ એ માણસ જાય તેવું નથી. સુખ જોયેલું છે, સાહ્યબી ભોગવેલી છે પણ દુઃખ સહન કરવામાં પાછું પડે તેમ નથી, મારાં વડસાસુની કેળવણી અને શીખામણ એવી છે કે, અમને કાંમ કરતાં જરા દુઃખ લાગતું નથી. અમારા પિતરાઇમાં પહોર લગ્ન હતું અને અમે ખંભાત ગયાં હતાં. કેશવચંદ્ર શું ધારો છો? હું બેઢે પાણી ભરી લાવતી. એ એમની શીખામણનો અને ઘરની કેળવણીનો પ્રતાપ છે. અહીં કદી કામ કરાવે ત્યારે મને રીસ ચઢતી પણ જ્યારે માથે બેડું લઈ ખંભાતની નાત વચ્ચે થઇને નિકળતી અને લોક પ્રેમથી આશ્ચર્યથી મારાં વખાણ કરતાં ત્યારે ઘુંઘટામાં હસથી હસતી હું વડસાસુને આશીર્વાદ દેતી અને તે વખતે એમની શીખ મોટું માન અપાવનારી થઇ પડી તેને માટે આભાર માનતી હતી. જુઓ અમારા ઘરમાં રસોઇઓ છે પણ ગજરા બાને દરેકે દરેક જાતની રસોઇ શીખવી છે. ૨૫ માણસની રસોઇ હોય તોય એ અકળાય એવાં નથી.

'એ વાત ખરી છે. કેળવણીનું સાર્થક એ છે કે દરેક સ્થિતિને યોગ્ય થવું. ગમે તેવો ભણેલો ગણેલો માણસ હોય પણ, દેશકાળને આવતી સ્થિતિને બંધબેસતો થતો નથી તે કેળવાયલો કહેવાય નહિ. અમે એવી જાતની કેળવણીનેજ પસંદ કરીએ છીએ. મારા પોતાના ટુંકા અનુભવથી પણ હું માની શકું કે તમારા ઘરની કેળવણી સઘળી સ્થિતિને અનુકુળ આવે તેવી છે. તમારા ઘર માટે મને અભિમાન છે પરંતુ તમે જે મારી પાસેથી નકકી કરવા માગો છો તે મારાથી થાય તેમ નથી.'

ગુલાબને ખાત્રી થઇ પરંતુ વાત નક્કી કરવા માટે તેણે યત્ન કર્યો હતો. તે સફળ થયો નહિ. થોડીવાર બીજી જુદી જુદી વાતો કર્યા પછી તે પોતાના કામ તરફ ગઇ.

સંધ્યાકાળ થયો અને કેશવચંદ્ર ચોપડી બંધ કરી એક આરામચેરમાં પડયો ગુલાબની સાથે થયેલી વાતચીત ઉપર હવે તેણે વિચાર કરવા માંડયો. ઘણીવાર સુધી મૌન્યશાંત બેઠા પછી તે મુછમાં હસી પોતાના મનમાં બોલ્યો કે—' માણસ માત્રની પોતાના લાભ માટે પ્રવૃત્તિ હોય છે અને આ લોકની પણ તેવીજ ઇચ્છા છે. આપણી નાતમાં ગજરીને યોગ્ય ઘર નથી એટલે તેઓ મારા ઉપર નજર નાંખે એમાં આશ્ચર્ય નથી પણ હું શું આવા ગૃહસ્થની ભણીગણી ડાહી છોકરીને યોગ્ય છું? ગજરીની કેળવણી કંઇ ઓછી નથી. તે ગુજરાતી સંસ્કૃત અને થોડું અંગ્રેજી જાણે છે, સમજુ છે અને રૂપવંતી છે એટલા ઉપરથી મારે એને પરણવાનું નથી પણ ગુલાબે કહ્યું તેમ એની ઘર સંબંધી કેળવણી પણ ઘણી સારી છે. આમડાના કામથી તે ડરે તેવી નથી. શરીર અને મન નિર્બળ હોય તે ઠીક નહિ. સુખ હોયતો તે ભોગવવા માટે જેમ લાયક માણસની જરૂર છે તેમ દુખ ભોગવી જાણે નહિ તે પણ શાનું માણસ? દુઃખ અને સુખ એ બેઉથી સુખ લેવાને લાયક હોય તેજ માણસ કહેવાય. આ માણસ એવું છે અને હું જે કંઇ જોઉં છું તે ઉપરથી પણ મને ખાત્રી થાય છે કે આ માણસ એવું છે. મનુષ્ય કેળવણીથી હરેકસ્થિતિને યોગ્ય બની શકે છે. અને ગજરી એવી છે. તેનું કાઠું નાજુક અને મોટી થતાં ખાલે તેવુંછે. તેનું મન ઉદાર અને શરીર સુંદરછે પણ એનો સ્વભાવ કેવો હશે? સ્વભાવ કોઇથી કહેવાતો નથી. કેળવણી, વિદ્યા અને સહવાસ મુળસ્વભાવને ફેરવી શકતા નથી. એક જાતનો સહવાસ, સમાન કેળવણી અને રીત હોય તોપણ સ્વભાવમાં ફેર પડેછે. સ્ત્રી પુરૂષ વચ્ચે સ્વભાવનું સામ્ય ન હોયતો સુખ મળે નહિ. ગજરીનો સ્વભાવ કદાપિ સારો હશે પરંતુ મારા સ્વભાવ સાથે તે મળતોછે એમ કેમ કહેવાય? મોટા થયેલા મિત્રો કહે છે કે વહુઓનો સ્વભાવ સાસરે રહેલી થતાં વય સંધિના સક્ષોભક કાળમાં તેના ધણીના સ્વાભાવાનુસાર રૂપ લે છે. આ વાત ખરી હશે, મિત્રોના અનુભવની હશે, પણ પોતાના અનુભવ વગર શા કામની? અલબત વયસંધિના વખતમાં સ્વામીને અનુકુળ થઇ વર્તવાના સંપ્રદાયથી કન્યાઓ અથવા વહુઓ પોતાના સ્વામીના સ્વભાવ રૂપી પર્વતની આગળ પાછળ ફરી તેને અનુસરી વહેલી નદીની માફક પોતાનો વહો પકડેછે. એ વહેનો હું ભુલતો ન હોઉતો પ્રારંભમાં નહિ પણ ચોમાસામાં જેમ પેલા પર્વતને હાનિકારક નિકળે તેમ છો-

કરાં થયા પછી સ્ત્રીઓનો પેલો અનુવર્તી સ્વભાવ સહેજ થોડે અંશે એના મુળ વહેણ તરફ ખેંચાય છે અને ઘણી વાર મોટી ઉમ્મરનાં માણસોમાં જણાતો કંકાસ આવી રીતેજ ઉત્પન્ન થયેલો હોય છે. હવે મારે મારા સ્વભાવની પણ કંઇક પરીક્ષા કરવી જોઇએ. મિત્રો કહે છે તેમ સ્વરૂપ તરફ મારો પક્ષપાત નથી. હું ગુણનો જોનાર છું અને સ્વભાવથીજ ગુણવાન માણસ ઉપર મારી સ્નેહાળ વૃત્તિ ખેંચાય છે. રૂપમાં અને બીજાં બળતાં સાધનો તરફ જોનારા ઘણા છે. રૂપ સામાન્ય રીતે મુખ્ય વસ્તુ, જુવાનને ખેંચનારી, નેત્રને આનંદ આપનારી અને મનને દૃષ્ટિપાત માત્રથી ખુશ કરનારી છે. પણ ગુણ હૃદયમાં ઉંડી લાગણી ઉત્પન્ન કરે છે તેની અસર લાંબો કાળ પહોંચે છે અને તેથી ભવભુતી જેવો માણસનાં હૃદય ચિતરવામાં અનન્ય કવિ કહે છે કે—गुणा पूजा स्थानं गुणिषु नच लींग नचवयः મારો સ્વભાવ ત્યારે એવો છે કે જે ગુણ તરફ વળે છે અને ગુણથી જોતાં હું ગજરીને ચાહું છું.

હવે પરણવું કે નહિ? એ બીજો પ્રશ્ન છે. દરેક કેળવાયલા માણસને એ સવાલ થાય છે. ધર્મ શાસ્ત્રો ઉપર નજર નાંખી વિચાર કરીએ તો પરણવું એવો બોધ નીકળે છે કારણ કે દરેક માણસ જગતની વૃદ્ધિ કરવાની ફરજ પોતાની સાથે લેતો આવે છે અને જો તે કુંવારો રહી પ્રજા ઉત્પન્ન ન કરે તો એ ફરજ ન બજાવ્યા માટે દોષિત ઠરે છે. આપણા લોકમાં પુત્ર ઉત્પન્ન કરવાની મોટી અગત્ય બતાવેલી છે એ અગત્ય એકવાર નવા સંસ્કારની કેળવણી લીધેલો જીવ સ્વીકારે તો ખેર પરંતુ ઉપર કહ્યું તે અગત્ય તો ખરીજ. મુવા પછી પોતાનું શરાધ કરનાર મુકવો અને એ પ્રમાણે ન થાય તો પિતૃઓનો ઉદ્ધાર થાય નહિ; આવો આપણા શાસ્ત્રકારેનો હેતુ છે. એ હેતુને ક્ષણવાર દૂર ખશેડી વિચાર કરીએ. બીજી પ્રજાઓમાં એવો હેતુ છે નહિ તે છતાં તેઓ પરણે છે અને પ્રજા ઉત્પન્ન કરે છે તેનું શું કારણ? ઉપર જણાવ્યું તેજ. માણસ જાતમાંજ માત્ર છોકરાં પિતાને સુખ આપી શકે છે. બીજાં પ્રાણીમાં છોકરાંથી મા બાપને કંઇ લાભ થતો હોય તેમ જણાતું નથી. છતાં તે પણ સંતાનોત્પત્તિ તો કરે છેજ. આથી પણ સિદ્ધ થાય છે કે માણસે અથવા દરેક પ્રાણીએ પોતાની જાતની વૃદ્ધિ કરવાના અર્થે સંસાર માંડવો. ટુંકામાં જેટલા શાસ્ત્રો અને જેટલી પ્રજાઓ છે તેટલાં બધાંના ઉદાહરણ એકત્ર કરી તેમના સિદ્ધાંતનું અવલોકન કરીએ તોપણ પરણવું એ તો પ્રાપ્ત કર્તવ્ય થાય છે.

પરણવાના સંબંધે મારો વિચાર શો છે ? તે કદી વિચાર ઉપર લીધું નથી એક પક્ષ વિરૂદ્ધ જાય છે પણ ઘણી વાતો તેના લાભની છે. અને તે ઉપર વિચાર કરી જો હું મારા મનને પૂછું તો અંદરથી એવો પણ કદી ઉત્તર આવે છે કે પરણવું તે દુઃખને આમંત્રવા બરોબર છે. ગુજરાતમાં સેંકડે ૮૦-૮૫ લગ્ન દુઃખરૂપ થઇ પડે છે. પછી મોટી ઉમ્મરે તેવાં સ્ત્રી પુરૂષ એક બીજાની સાથે હળી મળીને ચાલે છે એમ કદાપી માન્ય રાખીએ તો પણ તેમનું બાલ્ય અને જુવાની તો કંકાસમાં જાય છે. અસ્તુ. પરણવું હશે ત્યારે તેની વાત.

ગુલાબે ઘરમાં વાત કરી કે 'કેશવચંદ્ર સોમવારે જાય છે' ત્યારથી ગજરીનું મન અધીરૂં થઇ રહ્યું. કેશવચંદ્રના સાથે કવચિત તે બોલતી હતી પરંતુ પોતાના પ્રસંગમાં બોલવું એ તેને ગોઠતું નહોતું. કેશવચંદ્રના પ્રિય મિત્ર મિ. રસિકલાલની સ્ત્રી માણેકને તે બે ત્રણ વાર મળી હતી અને માણેકે પટાંતરે તેને જણાવ્યું હતું કે, 'તે તમને ચહાય છે.' 'એ મને ચહાય છે' ત્યારે હુંજ કઠોરને કે એમને મળતાં ડરૂંછું. એમની બીક કયાં સુધી રખાશે. આવતે લગ્નગાળે પરણીને સાસરે જવું પડશે ત્યારે શરમ કયાં જશે ? પણ અરે ! પરણવાનું હજી કયાં છે ? કયારે શિયાળો આવશે અને કયારે પરણાશે ? મારૂં એવું ભાગ્ય કયાંથી હોય કે હું એમનો હાથ ઝાલી કૃતાર્થ થાઉં. સઉના ઉદ્યોગ ફળો અને ઇશ્વર મને સહાય થાવ. નાતમાં આવો વર નથી એટલે મને અધીર થાય છે. એ મને ચહાય છે ત્યારે હું એમને ચહાતી નથી ? શું કરવા માટે હું શરમાઉં છું. બસ, એમના જતા પહેલાં મળુંજ. અત્યારે મળું, વખત છે, જીજી કે દાદી કોઇ ઘેર નથી. મેડીએ એ એકલા છે. શા માટે શરમાઉ; આમ વિચાર કરી ગજરી મેડીએ ચઢી.

રવીવારનો દિવસ હતો, સવારના આઠ નવ વાગ્યા વચ્ચેનો વખત હતો, જેકોર શેઠાણી સાસુ સાથે દર્શન કરવા ગયાં હતાં, ગુલાબ રસોઇની સરભરામાં હતી અને રામચંદ્ર શેઠ મોટા દિવાનખાનામાં મિલના મહેતાઓ સાથે ચોપડા ઉથલાવતા હતા. ચંદુલાલના શયનગૃહની સામે કેશવચંદ્રની મેડી હતી અને તેમાં તે હજામત કરાવી શાંત મને દેશ જવાના વિચાર કરતો પડેલો હતો. કોઇ આવી ચઢે તો' ચંદુભાઇને મેડીએ અમુક પુસ્તક લેવા આવી છું, એમ કહેવાય તેમ હતું.

ગજરી ઉપર આવી અને ચંદુલાલના શયનગૃહમાં ગઇ. ત્યાંથી કેશવચંદ્રની મેડીને ભાવભરી આંખે જોઇ; તે ક્યાં છે અને શું કરે છે તે જોયું, પોતે કેમ બોલવું અને શું કહેવું તેનો વિચાર કર્યો અને તેમ કરતાં વાર થઇ નહોતી; પણ ગજરીને તો પહોર વીતિ ગયો હોય તેમ લાગ્યું. 'ચાલ, એમાં શું છે ? એ શું કહેવાનો છે, શા માટે શરમાય છે !' એમ તેણે પોતાના મનને ઉત્તેજન આપ્યું પણ પગથી આગળ ચલાયું નહિ. મેડીના બારણામાં આવતાં દાદરપર દૃષ્ટિ પડી અને ' રખેને કોઇ આવે અને મારી ફજેતી થાય ' એમ શંકા આણી મન પાછું પડયું. પ્રેમ તેને બહાર નીકળવા ધકેલતો હતો, અને કુળવાન કન્યાને યોગ્ય લજ્જા તેને બહાર ખેંચી લેતી હતી. બે ત્રણ વાર આમ થયું. મેડી બહાર પગ દે અને પાછો ખેંચી લે, કેશવચંદ્રની ઓરડી સામું જોઇ હોઠે આંગળી દઇ પ્રફુલ્લ નેત્રથી આમ તેમ જુવે અને શરમાય; આખરે પ્રેમના આવેશે તેને ઉશ્કેરી અને કામદેવે હડસેલો મારી બહાર કાઢી, વિજળીની ઝડપે તે ચંદુલાલની મેડીમાંથી નીકળી અગાસીમાં થઇ કેશવચંદ્રની મેડીમાં દાખલ થઇ ગઇ પણ તેમાં પેસતાંજ હઠીલા ઘોડાની માફક પગ જડ થઇ ગયા, મન તલપાપડ થઇ રહ્યું અને ગજરી પોતે ક્યાં છે, ક્યાં જાય છે, શું કરવા જાય છે તે કંઇ સમજી શકી નહિ, કન્યા પોતાને–પોતાના આત્માને ભુલી ગઇ. ક્ષણુવાર ઉભી રહી, વિચારો જતા રહેલા હોવાથી શૂન્ય–ખાલી પડેલા મને ઉભી રહી અને પાછું ભાન લાવી આગળ ચાલવાનું કર્યું. કેશવચંદ્ર મેડીની પેલી બાજુએ એક આરામ ખુરશીમાં પડેલો હતો. ગજરીની સ્થિતિ તેનાથી જોવાય તેમ નહોતી અને એમ હતું તેથીજ ગજરી હિમ્મતથી વધી આગળ ચાલી. તેના પગ પાણી પાણી થઇ ગયા, અને અંગુઠામાંથી ઝણઝણી આવી, સાથળસુધી તેનો વેગ વધી ગયો, વિજળી લગાડી હોય તેમ તે કંપાયમાન થઇ અને શરીર ઉપરનાં રૂવાં ઉભાં થઇ ગયાં. પગ એવા કંપાયમાન થયા કે પાસે આવતાંજ કેશવચંદ્રની આરામ ખુરશીની પીઠ તેણે પકડી લીધી અને તેમ કરતાં જુઠા પડેલા હોય તેવા હાથથી ખુરશી પકડતાં તેની કાપેલી રાજાવર્ગની બંગડીઓ એક બીજાને અથડાવાથી રણકાર થયો. ખુરશી પકડાઇ ન હોત તો પગનો કંપ તેને ઉભી રહેવા પણુ ભાગ્યેજ દેત. બંગડીના ઝીણા તીવ્ર અને મનોહર રણકારે તુરત કેશવચંદ્ર-

ના કાનમાં અમૃત રેડયું. તે ઉભો થયો અને સામે ઉભો એટલે ગજરીએ ઘુરત નીચે જોયું. તેનાં રોમાંચિત અંગ અને પગનો કંપ જોઇ નાયક — કેશવચંદ્ર ચમક્યો, ગજરીના પગનો કંપ જાણે તેણે ઉછીનો લીધો અને કસરત કરવાથી પુષ્ટ થયેલા તેના કદલીસ્તંભઆરોહ પણ ઝણકારની સાથે કામપ્રવેશથી સહજ કંપાયમાન થયા. એક ક્ષણવાર બેઉ મદનમંદિરના પ્રથમ પગથીએ ચઢતાં સ્થિર થઇ જઇ ઉભાં રહ્યાં. બેઉ એક બીજાને અને પોત પોતાને ભુલી ગયાં. કેશવચંદ્રની આંખ ગજરીને નખશીખ જોઇ લઇ વદનતરફ સ્થિર થઇ ત્યારે તેના કપોળઉપર પ્રસ્વેદ આવી ગયો હતો; ગાલ અને મુખ લાલ થઇ ગયાં હતાં. કેશવચંદ્રના શરીરમાંથી ઝુંકાર કંપ મંદ પડયો અને રુધિર ગરમ થયું—પુરૂષની ધૃષ્ટતાથી તે બોલ્યો કે —' આવ્યાં કેમ ને નીચું જોઇ ઉભાં કેમ ? '

ગજરીથી બોલાયું નહિ. તે નીચું જોઇ રહી, અને બીજો ઝુંકાર આવી કંપી એટલે કેશવચંદ્ર ફરીને બોલ્યોકે-'કેમ કંપોછો, બોલો શું છે?'

તે પાસે ગયો અને ખુરશી ઉપર મુકેલો હાથ પકડી લીધો. કેશવચંદ્રે હાથ પકડતાં જ, તે પુનઃ નખશીખ ધડકતા તારની માફક નાડીઓની કંપારીથી કંપી અને તેનાં રૂંવાં ઉભાં થઇ ગયાં. સ્ત્રીનો—કન્યાનો—રૂપવંતી, ગુણવંતી, ભણેલી, ગણેલી, સંસ્કાર પામેલી અને ધનવંતાની બેટી ગજરાબાનો કમળના દંડ જેવો હાથ પોતાના હાથમાં લેતાં જ કેશવચંદ્ર પોતે ક્યાં, કોના મકાનમાં, કેવી સ્થિતિમાં અને કેમ ઉભો છે તેજ ભુલી ગયો એટલું જ નહિ પણ પોતે શું કરે છે તે પણ ભુલી ગયો. હાથ હાથમાં લઇ સોનાની લતા હોય તેવી ગજરાને તેણે પોતાની તરફ ખેંચી અને તેની કમ્મરે હાથ નાંખી ઉપાડી લીધી. ગજરી અશરણ હોય, પોતાને ઓળખી ન હોય, બાળક હોય તેમ કેશવચંદ્રના સ્કંધઉપર કર નાંખી મંદ રહી અને કેશવચંદ્ર તેને બારણાની સામેથી જરા દૂર ઉપાડી મુકતાં ચુંબન કરી કહ્યું કે-' કેમ છે, કેમ છે ? કેમ બોલતાં નથી. નીચે તો બહુએ વાતો કરો છો. '

કેશવચંદ્રે ચુંબન કરીને તેને નીચે મુકી એટલામાં તે બોલી કે, 'કેશવચંદ્ર ખસો ખસો, મને મુકો' જવા દો. '

''તમને કોણે રોક્યાં છે ? '

ગજરી ફરીને મૌન થઇ ગઇ. તેણે પાછું નીચું જોયું અને ઘડીભર

બોલી નહિ એટલે કેશવચંદ્ર બોલ્યો કે—' નથ કેમ ઉભાં.'

ગજરીની શરમ અને કંપ ઓછાં થયાં, તેને હિમ્મત આવી અને પોતાને તેણે ઓળખી. હવે તે બોલી કે—' આજે થયું તે વિસરશો નહિ, અને વિસરશો તો ઇશ્વરના ગુન્હેગાર થશો.'

' ઇશ્વરનો ગુન્હેગાર તો થતાં થવાશે પણ તમારો ગુન્હેગાર તો પહેલોજ.'

' મારાં ભાભીએ તમને કહ્યું છે અને માણેકભાભીએ મને જે કહ્યું છે તે આપને માન્ય છે?'

' માન્ય ન હોય તો કેશવચંદ્ર આમ કરે?'

' ત્યારે બસ હું જાઉં છું. ભુલતા નહિ. હું જાઉં છું.'

ગજરી ફરી અને એક ડગ આગળ ભરી બોલી કે—' જાઉં છું'

આ વખતની તેની આંખ કેશવચંદ્રને જગતમાં કદી ન જોઇ હોય તેવી લાગી અને હૃદયના ઉછાળાની સાથેજ—' હું વાત કહું ઉભાં તો રહોની અલબેલી!' એમ બોલી ફરીને તેનો હાથ પકડ્યો. ગજરીએ તેને વધારે મત્ત કરવાને તે આગ્રહથી જોરથી ખેંચી લેવાનો યત્ન કર્યો એટલે તો પ્રત્યાબળનો હેલો આવે તેમ પુરૂષના હાથે જોર કર્યું અને પુનઃ નાજુક બાળા તેના પડખા સરખી ખેંચાઈ ગઇ. કેશવચંદ્રને શિર નમાવ્યું એટલે—' આ તો નથી ઘટતું, નથી ઘટતું, કોઇ આવશે, મુકો, મને જવા ધો' એમ ગજરી બોલી. બોલ્યું તેની પાસે રહ્યું અને કેશવચંદ્રે ફરીને અધરામૃત લીધું.

' તમે કેવા છો, મુકો—જુઓ કોઇ આવ્યું.'

કેશવચંદ્રની ભુજલતામાંથી છુટી અને દૂર ઉભી રહી બોલી કે—' આ શું.? હું આવા નઠોર તો નહોતી જાણતી! હવે મારે વારંવાર શું કહેવું.?'

' હવે કહેવા કરવાનું કંઇ નથી'

'તમારે નથી પણ મારે કહેવાનું છે.'

'તે સુખેથી કહો—આ દાસ સાંભળશે.'

ગજરી હસી ગઇ—અને—' અત્યારથી આવું ન બોલો કોઈ સાંભળશે. તમારૂ શિરનામું આપો અને પત્ર લખજો. હવે ક્યારે આવશો અને ક્યારે મળી શું?'

શિરનામાનું કાર્ડ આપતો કેશવચંદ્ર બોલ્યો કે.—' હવે બાકી વધારે

રસિક પ્રસંગે અને + × + મળી શું.'

'મશ્કરી નહિ. જરૂર કાગળ લખજો. તમારો પત્ર નહિ આવે તો હું સોરાઇ જઇશ. જો જો, આ બધું યાદ રાખજો.'

'ઉભાં રહો, ઉભાં રહો.' કેશવચંદ્ર મેડીના બારણા સુધી ગયો અને 'ના ના આ વાતોનો તો પારજ નથી,ક્યાં સુધી ઉભા રહું, તમે યાદ રાખજો અને પત્ર લખજો–પહેલે દિવસે હું વાટ જોઇશ'

'મારાં બે વાનાં લઇ જાવ છો અને એક તો આપતાં જાવ?'

ગજરી ઉભી રહી અને બોલી કે–'હું તો સમજતી નથી. આપ શું કહો છો, હું ક્યાં બે વાનાં લઇ જાઉં છું? બોલો હવે બહુ વાર થઇ.

'મારૂં ચિત્ત અને શિરનામું લઇ જાવ છો તો તમારૂં શિરનામું તો આપો. હું તમને ક્યાં કાગળ લખું;' કેશવચંદ્ર તેનો હાથ પકડી બોલ્યો.

'તે હું આપીશ, મોકલાવીશ, તમે તો ખોટી કરો છો, ખોટું કરો છો, તે મોકલાવીશ,

'સાંજે મળશો?'

'કેમ કહેવાય, શિરનામું મળશે.' 'ત્યારે સંભાળીને જ જો' ગજરી હસીને સટ દઇ બહાર નીકળી ગઇ અને કેશવચંદ્ર પાછો ખુરશીઉપર જઇ બેઠો.

આટલા ટુંકા મેળાપથી ગજરી પ્રસન્ન થઇ તેને ખાત્રી થઇ પોતાને કૃતાર્થ માનવા લાગી અને હૃદયમાં ખુશીનો ઝરો વહેવા લાગ્યો. કેશવચંદ્ર પણ પરીક્ષાથી પરવારેલો હોવાથિ અનુકૂળ ભાર્યા અને આવા મોટા ઘર સાથેના સંબંધથી મનમાં આનંદિત રહેવા લાગ્યો. એટલામાં ચંદુલાલ કાઠિયાવાડમાં નક્કી કરી મુંબઇ આવ્યો. જે દિવસે રાતના કેશવચંદ્રને જવાનું હતું તે દિવસે સવારના તે આવ્યો અને બે ચાર દિવસપછી સઊ સાથે જવાશે એમ નક્કી કર્યું.

ચંદુલાલ આવ્યો અને નોકરીની બાબત નક્કી થયેલી હોવાથી વાત બહાર પડી. લોકોએ અને મિત્રોએ ચંદુલાલને ધન્યવાદ આપ્યો અને ઘરમાં ગુલાબવહુના ભાગ્યનાં વખાણ કર્યાં. રામચંદ્ર શેઠે, હવે ઉજાણીને માટે ચંદુલાલને કહ્યું અને લોકે પણ મોંઢે ચઢાને માગેલી એટલે શું કરે? એક બે દિવસમાં તૈયારી કરી, શનિવાર નક્કી કર્યો અને મોટા શેઠે ભાગ લીધેલો હોવાથી ઘણા જણને આમંત્રવામાં આવ્યા. ચંદુલાલને દો-

સ્તદારોની ખોટ નહોતી અને ઘણું ભાગે તેનુ મિત્રમંડળ વિદ્વાન તથા મુંબાઇ યુનિવરસિટિની ડીગ્રીઓ ધરાવનારૂ હતું. સર્વેને આમંત્રણ થયાં. અને વાડીએ રામચંદ્ર શેઠે સઘળાને અનુકૂળ પડે તેવી ગોઠવણ કરાવી.

વાચક ! આ બધું સુધરેલું મંડળ હતું, તેમાં નાચરંગ થવાના ન હતા. ગમ્મતને માટે હરિકથાનો બંદોબસ્ત થયો હતો. કારણ કે તે સુધરેલા અને જુના વિચારના એમ ઉભયને અનુકૂળ પડે તેમ હતું શનિવારે સાંજના શેઠ, ચંદુલાલ વગેરે સહુ વાડીએ ગયાં અને પરોણાઓ પણ નોતરેલા વખતે આવ્યા. જમનાર માણસ થોડું હતું પણ હરિકથામાં ભાગ લેનાર ઘણા હતા. સાત, સાડાસાત વાગે જમણ થયું, ત્યારપછી નવ વાગે હરિકથાનો પ્રારંભ થયો અને સહુ ભરાયું. સ્ત્રીમંડળ પણ મોટું થયું હતું. હરિકથા કરનાર , વિદ્વાન માણસે મહાભારતનો પ્રસંગ ઉપાડી નાના રસવાળાં ચરિત્ર ગાનમાં અને ગદ્યમાં સંભળાવી શ્રોતાઓને પ્રસન્ન કર્યા. બાર, એકને અમલે તે જ પૂર્ણ થઇ અને મોટા મોટા માણસો જેઓ પોતાની ગાડીઓ લઇ આવ્યા હતા તે વેરાઈ ગયા. રામચંદ્ર શેઠ અને એમના ઘરનુ ઘરડું મંડળ પણ રાતેજ ઘેર ગયું. ચંદુલાલ અને તેનું મિત્રમંડળ વાડીમાં રહ્યું.

જુદા—નાના હોલમાં તેઓએ—ગમ્મત ચલાવરાવી. હવે જે ગમ્મત ચાલી તે રસની હતી. મી૦ પ્રેમવલ્લભ નાટકના બે ચાર અચ્છા ગાયક છોકરાઓને લઇ આવ્યા હતા તેમની પાસે હવે નાટકનાં ગાયન શરૂ કરાવરાવ્યાં. ગાયનની પ્રશંસા થઇ અને સુધરેલાઓએ પણ વિચાર આપવા માંડ્યા કે—અનેક જાતની પંચાતીમાંથી પસાર થતા માણસના જીવને એકાદવાર આનંદના સાધનરૂપ ગાયનનો અનુભવ જરૂરનો છે. કામકાજથી કંટાળેલુ મન ગાયનથી મસ્ત થઇ આનંદમાં શાન્તિ પામે છે. માટે ગાયનની આવશ્યકતા છે. અંગ્રેજ લોકો પણ દિવસના કામથી પરવારી એની મજા ચાખે છે. ગાયનમાં હિંદુઓ સર્વોપરી ગણાય છે; પરંતુ આપણામાં કેટલાક એવા રિવાજ છે કે ગાન તાન કરવાં પાલવતાં નથી. રાગડો ખેંચ્યો તે તો અન્યોજ. લોકમાં તેનો ભાર ખોજ રહેવાનોજ નહીં. ચોરી કરનારના કરતાં પણ ગાનાર હળવો. 'એતો નાગો છે, નાટકીઓ છે, મસ્ત છે, ઘેલો છે, લુચ્ચો છે અને એને છાંયે જો જો ઉભા રહેતા,' એવીજ એની વાત થવાની. પૂરૂષોથી ગવાય. નહિ તો પછી સ્ત્રીઓના તો ભાર શા કે

ત્રગડે બેગી હો ! લગ્ન—વિવાહમાં નઠારાં ગાળ ગલેચીઓમાં ગાણું ગાય તે આખાય અને આસરિયાં હસતાં હસતાં સાંભળે પણ ઘરમાં જો રાગ કાઢે તો તુરત તેના ભોગ મળે આથી આપણો સંસાર કેટલેક ભાગે ઉદાસીન જેવો લાગે છે.—આમ કેટલાક વાતો કરવા લાગ્યા, એટલે બીજાઓને ગાન ગમ્યું નહિ, અને કાન પેલી વાત તરફ ખેંચાયા. ચર્ચા કરવા જેવો વિષય હોવાથી ઘણા તે વાત તરફ વળ્યા એટલે ગાયન બંધ થયું અને પાનપેટી ઉઘાડતાં તજીઆથી વચમાં ખશી આવતાં એક મી० કેળાવાળાએ કહ્યું કે:—

'આ વાત ચર્ચવા જેવી છે. ગાનને માટે મી० ગુજાએ કહ્યું તેમ આપણા લોકમાં સામાન્યરીતે તિરસ્કાર છે. આવી બાબતમાં સુધારો થવાની બહુજ અગત્ય છે.'

'સુધારા કરવા માટે તૈયાર થનારા તેમાં પહેલ કરવા તૈયાર છે ! જો એમ હોય તો બોલો ! અમે સુધારો કરવા તત્પર છીએ !'

'કહેનારા તૈયાર ન હોય એમ બનેજ ? તમારી ભુલ છે ! આગળ પડતો ભાગ લેનારા તો પહેલો પોતાના મંડળમાં સુધારો કરી દેખાડે છે, એવા પણ દાખલા છે, પરંતુ અત્રે તે આપવાની જરૂર નથી. કેટલાક બોલનાર હોય છે પરંતુ સઘળાનું મન તો કબુલ કરે છે કે સુધારાની જરૂર છે, એ કરવાને માટે માનસિક ધૈર્યની જરૂર છે અને જેઓ એવા છે તેઓ ડરતા નથી.'

'લોકમતમાં રહીને સુધારો કરવા તરફ ઘણા છે અને હું તો એવા સુધારાનેજ પસંદ કરૂં છું.'

'પુરૂષો માત્ર વાતોજ કરી જાણે છે અને સ્ત્રીઓજ કાર્ય કરી દેખાડનારી છે. જો તમારે સુધારો કરવો હોય અથવા દેશને ઉંચી સ્થિતિએ ચઢાવવો હોયતો ઉત્તમમાં ઉત્તમ માર્ગ એ છે કે સ્ત્રીઓને ભણાવો. સ્ત્રીઓ ભણશે એટલે એમની મેળે સુધારો કરશે, તમે એમના કામમાં આડે આવનાર નથી અને તમે સુધરેલા અને ભણેલા હશો પણ ઘરમાંની બાયડીઓ અભણ હશે તો તે તમને કંઇ પણ નવું કરતાં અટકાવશે. મારા મતપ્રમાણે તો સ્ત્રીઓ જગતગુરૂ છે. નવી પ્રજાને સુધારનાર અને જુવાન પ્રજાને પોતાના મતમાં લાવનાર તેઓ મોટા શીક્ષકરૂપ છે. અનુભવને ખાતર એક ભણેલા સ્ત્રી-

મંડળવાળું કુટુંબ લ્યો અને તેમાં બારીક નજરે અવલોકન કરો એટલે જરૂરત તમારા સમજવામાં આવશે કે સ્ત્રીઓ માણસની ઘરમતુ બાબતમાં કેવો ત્વરિત સુધારો વધારો કરી શકે છે. ભણેલીઓ પોતાનાં છોકરાંનેજ સુધારતી નથી, પણ પોતાના વરને અને ઘરઠાંને પણ સુધારે છે, તેઓ એવી રીતે અનુકરણ કરે છે કે એક બીજાની નિંદા થતી નથી અને દેખાદેખી સુધારો આગળ વધે છે. દાખલા તરીકે ધારો કે એક કુટુંબમાં છોકરાં માત્ર ભણેલાંછે, એ કુટંબમાં જો અજ્ઞાન વહુઓ આવશે તો મૂળ ભણેલું ઘર અજ્ઞાનમાં જશે અને પેલી કન્યાઓ જે અજ્ઞાન ઘરમાં જશે તે વિદ્યાવાળુ થશે. બાયડીઓ વિદ્યાનાં બીજ એવી રીતે વેરે છે કે તે સઘળાં ફળદાયક થઇ સુધારો ઉત્પન્ન કરે છે. ભણેલા માણસ અભણ બાયડીની સાથે જોડાવાથી આખરે અભણ જેવા બને છે અથવા પોતાના વિચારને વળગી રહી બહાર સંસારની બંધીનો દોષ કાઢી કંઇ કરવા માટે પોતાની અશક્તિ બતાવેછે આપણા લોકમાં બાઇડીઓથી ગવાતું નથી, એ વાત ખરી પણ તેમને ગાતાં શીખવો અને પછી જુઓ કે તેઓ ગાય છે કે નહિ? તમે ગમે તેવા રાગ જાણો પગ તેઓ કંઇ જાણતી નહોય એટલે શા કામનુ? વિદ્યા અને શોખ સમાનતામાં વધે છે–ભણેલો માણસ ગામડામાં પડી પોતાના વિદ્યા નથી ગુમાવતો–આતો એક આડી વાત છે પણ આપણે નથી જોતા કે આપણા કેટલાક મિત્રો–જેઓએ યુનિવરસિટિ અભ્યાસમાં સારો શ્રમ કરેલો તે નોકરીપ્રત્યે ગામડામાં રહતાં સઘળી વિદ્યા ગુમાવી અભણની માફક પડી રહ્યાં છે. ભણેલાને ભણેલો મળે ત્યારે તેમાંથી વિદ્યા વધે છે તેમ તમે જો ગાયનનાં જાણ હશો અને તમારું અર્ધાંગ પણ તે જાણતું થશે તો તમારા ઘરનું આડોશી પાડોશીનાં બધરાં અનુકરણ કરશે.’

‘ મી. મોઝારીઆના બોલે બોલ ખરા છે અને મારો મત પણ એવો છે કે સુધારો કરવા ઇચ્છનારાએ પોતાનાં બચ્ચાંને ભણાવવા માટે પ્રથમ ધ્યાન આપવું. એમ કર્યા વગર કદી પણ સંસાર સુધરવાનો નથી. કજીઆ અને કંકાસ ઓછા થવાના નથી સ્ત્રીકેળવણીને બને તેટલી આગળ વધારવા યત્ન કરવો, એમાંથી સઘળાં સુખ ઉત્પન્ન થશે. નેપોલીયનનું વચન આના સંબંધે બહુજ યોગ્ય છે. આજથી વીસ વર્ષઉપર જ્યારે કન્યાશાળાઓ નીકળી ત્યારે જે છોકરીઓને નિશાળે મોકલવા

માટે વાંધો લેતા હતા, તે લોકો હાલ પોતાનાં છોકરાંનાં છોકરાંને ખં-તથી નિશાળે મુકે છે. અને સ્ત્રીઓમાં કેટલાક સુધારા થયા છે તે તમારી આંખોને જુની કરી નાંખી જુઓ, એટલે સમજાશે. હું તો જ્યારે મારા નાનપણના વખતને યાદ કરી તે વખતનાં બઇરાં અને આજના બઇરાંની તુલના કરવા બેસુછું ત્યારે મનેતો બહુ સુધારો નજરે પડે છે. બસ સ્ત્રીઓને ભણાવવી એજ સંસારસુધારાનો સુકાન છે.'

'મહેરબાનો ! હવે ત્રણ વાગવા આવ્યા છે અને આ વિષય ઘણી મોટી ચર્ચાવાળો છે એટલે કોઇ બીજા પ્રસંગ ઉપર રાખો. કાલ આખો દિવસ છે, માટે સુવાની તઇયારી કરો.'

સઉ આ મતને મળતા થયા અને બિછાને ગયા. સુધારાની વાતો અને વાદ કરીને સુતેલા વિદ્વાનો એના એજ વિચારમાં નિદ્રાદેવીને વશ થયા અને હજીતો તેમણે પોતાની નિદ્રાનો અરધો ભાગ પણ લીધો નહોતો એટલામાં સુનેરી કિરણોથી સૂર્યનારાયણે જગતને જગાડયું.

શેઠલોક એક પછી એક જાગી પોતપોતાના પ્રાતઃકર્મમાં પડયા ત્યારે ચાકરવર્ગે સાંજના મોટા જમણની તઇયારીઓ કરવા માંડી. મી. ચંદુલાલ મુંબાઇ ગયા અને તેના મિત્રો જેઓને ઘેર જઇ આવ્યા વગર છુટકો નહોતો તેઓ પણ બાર વાગે પાછા ફરવાનાં વચન આપી આપીને ચાલ્યા ગયા. બંગલાના નીચેના ચોકઆગળ શાક તરકારી આવી પડયાં અને બીજી ગડબડ થઇ. ચંદુલાલની વહુ તેની ગોઠવણમાં ઉભી હતી અને બીજું સ્ત્રીમંડળ પણ તેને તેવાં કામ બતાવવાને વિનંતિ કરતું હતું. એવા કામકાજમાં સવારનો વખત પસાર થઇ ગયો અને રસોઇ ચાલુ થયા પછી સ્ત્રીવર્ગ વગેરે સઉ નવરૂં થયું. તાપ ચઢયો અને સઉ બંગલાના અંદરના ભાગમાં નવરાં પડી એક ઠેકાણે બેઠાં. કેટલાંક ગુલાબને સાબાશી આપતાં, કેટલાંક ગઇ રાતનો ઉજાગરો કાઢતાં અને કેટલાંક ગુલાબનાધન્યભાગ્ય ઉપર નજર નાંખતાં જુદા જુદા વ્યવસાયમાં તલ્લીન થયાં.

એક મહેતાની સાથે ચંદુલાલ કંઇ વાત કરતો ઓટલા ઉપર ઉભો હતો તેને જોઇ ગુલાબને પ્યાર થઇ આવ્યો, તે નીચે ગઇ અને તેને બોલાવરાવી કહ્યું કે–'હવે સઘળી તૈયારી થઇ ગયેલી છે અને તમે બહુ જાગ્યા છો. કંઇ તમારી તબિયત બગડશે, માટે જરા વિરામ લ્યો. તમારે કામ હોય તે મને સોંપો.'

'કામ તો હું શું કરૂં છું પરંતુ આ મોકો કંઇ બગાડી બેસે એવી ભીતિથી અહીં તહીં ફરૂં છું.'

'ત્યારે તે કામ હું કરીશ પણ તમે ઉપર જઇ કલાક સુઇ જાવ. પછી સઉ આવશે અને તમારાથી વિશ્રામ નહિ લેવાય તો મને તમારી તબીઅતને માટે ચીંતા થાય છે.'

'વારૂ, તમે અહીં જોતાં રહેજો. હું ઉપર જાઉં છું' આમ કહી ચંદુલાલ ઉપર ગયો ત્યારે સાડા બાર વાગ્યા હતા. એક ઓરડો ઉઘાડી તે સુતો અને ઉજાગરાને લીધે તેને નિદ્રા આવી ગઇ.

જ્યારે બે વાગે મિત્રો વગેરે આવ્યા અને ચંદુલાલને માટે ગુલાબને પુછવામાં આવ્યું ત્યારે તે તેને જગાડવા ગઇ. તેણે બારણું ઉઘાડયું અને ચંદુલાલને જગાડયા. તેની સાથેજ એક ખુણામાં સુઇ રહેલી તારા ગુલાબના ચંદુલાલને જગાડવાના બોલથી જાગી ઉઠી. ચંદુલાલ ઉઠીને બહાર ગયો અને નિખાલસ ગુલાબના મનમાં આથી કંઇક ડબકો પડયો. સઉ નિર્દોશ હતું. તારા એકાંત જોઇ આગળથીજ તે ખંડમાં સુતેલી હતી અને ચંદુ તે છે એમ જાણ્યા વગરજ સુતો હતો, પરંતુ ગુલાબના મનમાં વહેમી વાત આવી. વહેમ છે તે એક ભૂતના પડછાયા જેવો છે. ભૂતનો પડછાયો વહેમ ખાનારાની આંખ આગળ ક્ષણે ક્ષણે મોટાને મોટો થતો જાય છે. તેમ વહેમ મનમાં આવ્યા પછી વધતો જાય છે. તેને અને તારાને વાત થઇ પણ ગુલાબનું મન બે વાતમાં હોય એમ તારાના સમજવામાં આવ્યું. બેઉ જણ બહાર ગયાં અને બીજાં બઇરાંની સાથે વાતમાં વળ્યાં પરંતુ ગુલાબના મનનો વહેમ ઓળાની માફક વધતો ગયો. તેના મનમાં આવ્યું કે-'જે માણસ ગાંડું હોય છે તે સામાને ગાંડું દેખે છે. એ રસીઆ એવા છે તેથીજ એમને તે દીવસે મારા ઉપર વહેમ આવ્યો હતો. તારાના ઉપરનો તેમનો પક્ષપાત શું હું નથી જાણતી? મનમાં મલીનતા હોય તે કોઇ દીવસ પણ જણાય. આજ એમનાં બેઉનાં કામ મારા જાણવામાં આવ્યાં, ઠીક છે હવે હું જોતી રહીશ. સુરજ કાંઇ છાબલે ઢાંકયો રહેવાનો છે અથવા ' મોરબી નાટક મંડળીવાળા પેલા ગંગ કવિનાં વચન ઉચ્ચારે છે તેમ—

એમની બાબત છુપી રહેવાની છે'?

'ગુલાબ ભાભિ ? તમારાં સખિ મોંઘી બેન આવ્યાં.' ગજરીએ કહ્યું અને ગુલાબ વિચાર નિદ્રામાંથી જાગી હોય તેમ એકદમ નીચે ઉઠી

નીચે ગઇ. તેને ઘટીત માન આપી ઉપર તેડી લાવી. થોડીવાર બીજા સાથે વાત થયા પછી ચંદુલાલ તેને મળ્યો અને તેઓ વચ્ચે વાતચીત થઇ. ચંદુલાલે જણાવ્યું કે–'તમે તે દિવસે મને મળવા માટે ખોટી થયાં પરંતુ કામ પ્રસંગે હું બહાર ગયેલો હતો એટલે મળાયું નહિ.'

'તમે મોટા માણસ છો પણ હવે અમારા તરફ જોતાં રહેવું. મારા ઘરમાંથી કહે છે કે–'એમને એકવાર આપણે ત્યાં બોલાવો પણ તમને ક્યારે વખત હોય!'

'વીરચંદ શેઠને મળવા માટે હું કે દાહાડાનો આતુર છું તે તમે ઘરમાં પુછો એટલે માલુમ પડશે.'

ગુલાબ—મોંઘી બેન ! મેં તમને કહ્યુંજ હતું તો કે એ બહુ આતુર છે.

" વારૂ હવે ક્યારે મળવાના ?"

' આવતી કાલે સાંજના જરૂર હું મળીશ.'

આટલી વાત થયા પછી ચંદુલાલ ત્યાંથી ગયો અને મિત્ર ગ. મળ્યું હતું ત્યાં જઇ બેઠો. ગઇ રાત્રે અધુરી રહેલી સુધારાની વાત તેઓએ ફરી ઉપાડી અને ' રાસ્ત ગોફ્તાર'માં આવતું સુધારાનું લખાણ વાંચી તેઓ વધારે હોંસથી વાત કરવા લાગ્યા. મી. દવે તે વાંચી રહ્યા કે તુરત મી. સટેવાળા બોલ્યા કે—' હું આવી જાતના મતનો છું. સુધારો કરવો એ તો મુખ્ય ઉદ્દેશ છે પરંતુ લોકને રૂચતો જાય તેમ તેમ આગળ વધતા જવું—દલપતરામે કહ્યું છે તે યાદ નથી કે, કીડી ઉપર લાડવો * * સુધારા વાળાઓનો દોષ નથી. તેમણે બંગાળાનું અનુકરણ કર્યું છે તેથી તેઓ લોકમાં વગોવાય છે. બંગાળાના સુધારકોનો ઘણાને અનુભવ નથી. ગુજરાતની રીતભાત અને બંગાળાની રીતભાતમાં મોટો અંતર છે. બાબુ લોકનું ઘરબંધન જમાનાઓથી કંઇક શિથિલ છે અને ખાવા પીવાનો આચાર ગુજરાતથી જુદી જાતનો છે. જાતી ભેદ, ભોજન ક્રમ અને વ્યવહારમાં આપણે બહુજ ગુંથાઇ ગએલા અથવા વધારે ખુલ્લા શબ્દોમાં બોલીએ તો માનવ ધર્મ શાસ્ત્ર કરતાં પણ ડોશી ધર્મ વ્યવહાર શાસ્ત્રનો અમલ આપણા ઉપર વધારે સખત રીતે ચાલે છે. આપણા ઉપરના સઘળાં બંધન એકદમ તુટે તેવાં નથી માટે બંગાળાનું અનુકરણ કરવું નહિ પરંતુ ઘરમાં ડોશીઓના મન મનાવી નવી નવી રૂઢીઓ કાઢવી અને એ

પ્રમાણે થશે તો સુધારો થશે.

મી. ગોઝારીઆ—છટ, ડોશીઓને પુછીને અમે વાત કરીશું ? એમ બને પણ નહિ અને તમારો સુધારો થાય નહિ. તમે, કેવું નિર્બળ બોલો છો ? જ્યાં સુધી તમારા જેવા ડોશીઓને પુછનારા છે ત્યાં સુધી કંઇ થવાનું નથી. આજના વ્યવસાયને યોગ્ય એકદમ થઇ પડવું. મેલાડાટ અબોટીઆથી સ્વચ્છ કપડાં શાં ખોટાં ! શા માટે નાત જાતનો ભેદ રાખવો ? એકજ ઇશ્વરે સર્વેને બનાવેલા છે. ઢેડમાં શું નથી અને બ્રાહ્મણમાં શું વધારે છે ? આવા નિર્બળ વિચારને સુધારાવાળા માન્ય રાખે છે ? કદી નહિ. વિધવાઓ ઘરમાં રહી અનાચાર કરે અને પુનર્વિવાહ થાય નહિ, એ કોના ઘરની વાત ? એક મોટો માણસ નાની બાળકીને પરણે એ વૈદ્ય મતથી પણ કેટલું હાનિકારક છે ?

'મી. ગોઝારીઆ ! તમારા ઘરની બેન ભત્રીજી વિધવા હોય તો તેને પુનર્લગ્ન કરાવી તમે મને જવાબ આપતા હોત તો સારૂં; પણ તમે પારકે ભાણે મોટો લાડુ કરો છો એટલે બોલવું પડયું છે. માફ કરજો.'

'બસ એજ મારો મત છે પણ દીલગીર છું કે મને તેવો પ્રસંગ નથી.'

'તમારા ઘરમાં એ મત જાહેર કર્યો છે ?'

'ઘરનાંને તેમાં શું લાગે વળગે છે ?'

'ઘરનાં માણસોને એમાં ઘણું લાગે વળગે છે. સભામાં તમે જે કાંઇ બોલો છો તે ઘરનાં માણસોનો અવાજ નથી, અહીં તમે જે બોલશો તે તેઓ રદ કરશે અને જો હું ભુલતો ન હોઉં તો ખાત્રી રાખજો કે તમે તેમનો બોલ ઉત્થાપી શકશો નહિ. તેઓ ચહાય તે કરી શકે છે. અને એકલવાયા જેવા તમે કાંઇ કરી શકતા નથી. તેઓ તમને દિવાના બનાવશે અને વધારે જુંબેશ કરશો તો દીવાનાશાળામાં મોકલશે પણ ઘરની છોકરીનું પુનર્લગ્ન નહિ કરવા દે. મી. ગોઝારીઆ ! બીજા ઘણા સહેલા સુધારા છે. તે સુકીને એને શું કરવા પકડો છો ? સહેલા સુધારા તો કરો; પછી મોટા. અમે મોટા સુધારાની વિરૂદ્ધ નથી. પણ સોપારી ગળાતી નથી ત્યાં તમે શ્રીફળ ગળવા જાવ છો તેથી આટલું કહેવું પડે છે. બહાર સુધારો કરવાને મથનારા માણસોની ખાનગી જીંદગીનું તમે અવલોકન કર્યું છે ? તેઓ અંદરથી કંઇ સમજતા નથી. અને બહારથી ખોટી ધામ

ધુમ કરેછે. મી ગોજારીઆ આ વાત સાંભળી નરમ પડ્યા એટલે મી. દવે-એ આગળ ચલાવ્યું કે—વળી જુઓ તમે પુનર્લગ્ન કરવાની ભલામણ કરો છો પણ તમારાથી શું થાય તેમ છે? લ્યો આ પ્યાલામાંથી પાણી પીઓ જોઇએ? શું હું ઢેડ છું? માણસ નથી? તમારામાં શું છે? અને મારામાં શું નથી? હું પણ બ્રાહ્મણ છું, કેળવાયેલો છું, અથવા દરેક રીતે તમારી બરોબરીનો છું તો શા માટે મારાથી જુદા જમવા બેસો છો? ચાલો આજ મારી સાથે જમવા બેસો એટલે હું જાણીશ કે તમે પુનર્લગ્ન કરાવી શકશો?

બીજા મિત્રોએ તાળીઓ પાડી અને મી. ગોજારીઆ જે બ્રાહ્મણોથી પોતાને મોટા માનનાર હતો તે શાંત પડી ગયો. તે એટલો ઝંખવાણો પડી ગયો કે વાતને આટલેથીજ તોડી નાંખવી પડી અને ડાહ્યા મીત્રોએ બીજી આડ વાતમાં મી. દવેને દુર બોલાવી લઇ મંડળી તોડી નાંખી.

જોડેના હોલમાં પેલા માણસે મી. દવેને કહ્યું કે—તમે બહુ બોલ્યા, ઘણું કહ્યું, મી. ગોજારીઆનું મોઢું ઉતરી જાય તેવું કર્યું તે ઠીક નહિ થયું.

મી. દવે—તમારૂં કહેવું ખરૂં છે. હું વધારે બોલ્યો છું અને જો તમારી મરજી હોય તો તેને માટે હું માફ માગું પણ મારે બોલવાનું કારણ હજી તમે સમજ્યા નથી. એ લોક—સુધારા વાળા ખાસ કરીને આવું બોલવાની ફરજ પાડે છે. મી. ગોજારીઆ સુધારક છે. હું, તમે અને એ સર્વે સાથે રહેલા છીએ. આપણે બ્રાહ્મણ છીએ, એ પણ બ્રાહ્મણ છે, આપણે એક બીજાની લાગણી દુખાય તેવું કંઇ કરતા નથી પણ એતો સુધારા માટે આટલું બધું બોલે છે પણ થતું કશુંએ નથી. એકવાર પોતે નહિ ઉઠ્યા અને પગ તળે સુતરનો તાંતણો આવ્યો અટલે ફરી નહાયા. ગોળી જેમાંનું પાણી પીવાય તેને અડાય નહિ—એવી બઇરાંની રીતોને અનુસરી ઘરમાં ચાલે છે અને બહાર પુનર્લગ્નની વાત કરે છે માટે મેં કહ્યું છે. આપણા હાથની પુરી ખવાય નહિ. અને જ્ઞાતિ વિષય ઉપર વાત નીકળે ત્યારે કહે કે—ઢેડમાં શું નથી? શા માટે તેને નીચ ગણવો જાઇએ? સ્વચ્છ થઇને રાંધનારો રાંધે તો શા માટે તેની રસોઇ ન જમાય? આવી વાત એ ઘણી વાર કરે છે માટે મેં તેમને આજ જરા ખોટુ લાગે એવું કહ્યું છે. જો તમને એમ લાગતું હોય તો હું તેમનું મન મનાવું.

ના, ના, એમ કરવાની જરૂર નથી. તમે જે કહ્યું છે તે અક્ષરે અ-

ક્ષર ખરૂં છે; પણ એમને લાગી આવ્યું. અલબત્ત એ બોલે છે જુદું અને કરે છે જુદું. એમનાથી કશું થતું નથી. તે માત્ર વાતજ કરી જાણે છે. આપણે યોગ્ય પણ ઘણા સુધારા કરી શકીએ છીએ. એ સુધારકો જે કામ કરવાની હજી હિમ્મત ધરી શકયા નથી તે આપણે અમલમાં મુકી ચુકયા છીએ. હશે જેમ જેમને પાલવતું જશે તેમ સુધારો કરશે. એ વાતમાં આગ્રહથી બોધ કરવો એ જરૂરનું નથી. જે વાતથી અંદર અંદરમાં વિતંડવાદ થાય તે કંઇ કામનું નહિ.

આ પ્રમાણે સુધારાની વાત ગરમા ગરમી ઉપર આવી તે બંધ પડયા પછી સાંજના મોટા જમણની તૈયારી થઇ અને નોતરેલા પરોણા આવ્યા. સઉની યથાઘટિત બરદાસ કરવામાં આવી અને તે સાંજના ચંદુલાલની જયાફત જેને માટે આગળથી મોટી હોંસ રાખવામાં આવી હતી તે પુરી થઇ.

મિત્રો વગેરે છુટા પડયા અને કરેલો સમારંભ નિર્વિઘ્ન પુરો થવાથી ઘેર આવ્યા પછી રામચંદ્ર વગેરેએ પોતાનો સંતોષ બતાવ્યો. હવે ચંદુલાલને જવાનો દિવસ નક્કી કરવામાં આવ્યો અને કેશવચંદ્ર પણ તેનીજ સાથે સ્વદેશ તરફ જવા તૈયાર થયો. જેકોર શેઠાણી, ગુલાબ વહુ અને ચંદુ એ ત્રણ જણને જવાનું ઠર્યું. જેકોર શેઠાણી ગુલાબને ત્યાં મનગમો થાય એટલે પાછાં ફરવાનો વિચાર રાખતાં હતાં.

કેશવચંદ્રના પિતા ઉપર લખેલા પત્રનો જવાબ આવ્યો અને તેમાં લખેલી બાબત મંચ્છામાની આગળ વાંચી સંભળાવવામાં આવી. સઉના સુઈ રહ્યા પછી જ્યારે રામચંદ્રશેઠ તેમની વૃદ્ધ માતાની પાસે બેઠા હતા ત્યારે જેકોર શેઠાણી ધીરે રહીને અંદર આવ્યાં અને બોલ્યાં કે,—'જીજી! પેલા જશે, અને પછી વાત રહી તે રહી જ. કંઈ કર્યું કે નહિ?'

રામચંદ્ર શેઠ બોલ્યા કે, 'ઠીક થયું. લ્યો આજે જ એના બાપનો કાગળ આવ્યો છે. ઓફિસવાળા કોટના ખીસામાં છે. જાવ લઇ આવો. જીજીને વાંચી સંભળાવું.'

શેઠાણી દિવાનખાનામાં જઇ પત્ર લઈ આવ્યાં એટલે શેઠે તેને નીચે પ્રમાણે વાંચી સંભળાવ્યો.

"સ્વસ્તિ શ્રી મુંબાઇબંદરે મહાશુભસ્થાને પંડયા શ્રી રામચંદ્ર દેવશંકર અને બાળગોપાળ સમસ્ત. પ્રતિ × × × થી લા. ભટ રામશંકર જગન્નાથના નમસ્કાર વાંચજો. અપરંચ. તમારો કાગળ નંગ એક આ-

ળ્યો તે મળ્યો છે, વાંચી વિગત જાણી છે જવાબમાં લખવાનું કે, કેશવચંદ્ર મોટો થયો છે, અને એ અક્ષર દેખતા છોકરાનો વિચાર લીધા વગર અમારાથી કંઈ કરાય તેવો વખત નથી. આજનાં છોકરાં આપણું કર્યું રાખે કે કેમ, તે કહેવાય નહિ, જો કે, કેશવચંદ્ર મેં કર્યું હોય તે ના પાડે એવો તો નથીજ પણ સહેજ લખ્યું છે. અમદાવાદવાળા જાની કુળવાનમાંથી અમને પુછાયું છે તેનો પણ અમે હજી ઉત્તર દીધો નથી, એ તમારી તરફથી આવશે એટલે તમારી અને જાનીવાળી વાત કરી તમને જણાવીશું. પાસે હોય ત્યાં સુધી આઘે જવું ઠીક નથી એવો અમારો વિચાર છે. જાનીની વહુ એકવાર અમારા ઘરમાં કહી ગયાં હતાં કે, કેશવચંદ્રને ભણાવવા માટે અમે જોઈએ તેટલું ખરચ કરીશું પણ એ વર જવા દઈશું નહિ. ઘરમાંથી એને કંઇ જવાબ આપ્યો નહોતો. આવી વાત છે. હવે જે થાય તે ખરૂં. હું ઘરડો થયો છું અને એ મોટો થયો છે એટલે આ વર્ષે કરી નાંખવું એવો તો વિચાર છે. પછી ઇશ્વર કરે તે ખરૂં.

બીજું તમારા તરફના સમાચાર લખજો, કામ કાજ ફરમાવજો અને કેશવને કહેજો કે પરીક્ષા પછી આણી તરફ જલદી આવે. એજ મિતિ. સંવત ૧૯૨૦ ના આસો શુદ ૫ ને વાર ગરેઉ. ”

કાગળ વંચાઇ રહ્યા પણ કોઇ કંઇ બોલ્યું નહિ એટલે જેકોર શેઠાણી જે કાગળની વાતથી અધીર અને નિરાશ બનતી ગઇ હતી તે બોલી કે, ‘ જીજી ! જોયું, લોક સારો વર મેળવવાને માટે કેવું કરે છે ? આપણને તો આથી કંઇ આશા લાગતી નથી. જો મારૂં માનો તો, શરમ મુકી કેશવચંદ્રને મોંઢા મોંઢ વાત કરો, એનાથી ના પડાશે નહિ અને અમદાવાદ તરફ જશે તો તો પછી થઇ રહ્યું. ’

જેકોરને નિરાશ અને ગળગળી થઇ ગયેલી જોઇ મંચ્છામા બોલ્યાં-કે—‘વહુ એમ શું કરે છે ? એતો ગુજરાત તરફના માણસ ફરેબ દે, તું જાણતી હોઇશ કે એકદમ હા પાડી દે. આપણે વિચાર કરીશું એમ હિમ્મત શું હારી જાય છે ? વારૂ જાનીવાળા કેવા છે રામચંદ્ર ? ’

રામચંદ્ર—‘ જાનીવાળા હાલ સુખી છે, જુના વખતના ગૃહસ્થ છે અને અમદાવાદ તથા અહીં તેમની પેઢી—શરાફી પેઢી ચાલે છે. એ ત્રણ લાખના આસામી ગણાય છે પણ છોકરીઓવાળા છે. ’

જેકોર–' જીજી ! ગૃહસ્થને શું ? વીસ પચીશહજાર રૂપિઆ છોકરી-ને નામે ચઢાવી આપવાનું કહે તો ભલભલો માણસ લલચાય. મારી ગજ-રીને માટે કોણ એમ કરનાર છે ?'

રામચંદ્ર–' ગજરીને ૨૫ હજારની પહેરામણિ આપી પરણાવવી. એમ પસંદ હોય તો તેમ કરો, મારી ક્યાં ના છે ?'

મંચ્છા–' એટલા બધા રૂપિઆ કાઢી નંખાય ? અમદાવાદી જાની વાળા પણ બંધાવે ખરા તો ? આતો બધું કહેવાનું છે.'

જેકોર–કહેવાનું કંઇ નહિ

રામચંદ્ર–ત્યારે ખરૂં ?

જેકોર–અલબત્ત ખરૂં. ગમે તેમ કરીશ પણ એ વરને હું જવા દે-વાની નથી. અંતરનાં ઓળખીતાં પાળખીતાંમાં વાત કરી કે, ' મારી ગ-જરીને આની સાથે પરણાવીશ ' તે વર હવે જવા દઉં ? જીજી ! તમારે પાલવે તે ગોઠવણ કરો પણ એમાં વિલંબ ન કરો. મારા ચંદુને કંઇ જો-ઇતું નથી, બધી સમૃદ્ધિ ઉડાવી દઉં પણ ' એને મારા મનથી જમાઇ માન્યો તે ન માન્યો ના કરૂં.' જેકોરનું મન તપી ગયું. તેને નિરાશાએ મમતી બનાવી.

મંચ્છામાએ કહ્યું કે–' ઠીક છે, વિચાર કરીશું. આવતી કાલે ચંદુ-ને અને એને જવાનું છે તે માંડીવાળો અને કંઇક વિચાર ઉપર આવ્યા પછી જવાનું રાખો. જેકોર વહુ ઠીક કહે છે. કેશવચંદ્ર અહીં છે ત્યાંસુધીમાં નક્કી કરી લ્યો અને ત્યાં ગયો તો પછી ધાર્યું કર્યું કંઇ નહિ થાય. જાવ સુઇ રહો.'

રામચંદ્ર ઉઠયા અને સુવાના ઓરડામાં ગયા. સઉએ વિચારમાં પ-ડી ગયાં.

પ્રકરણ ૫ મું.

' કેશવચંદ્રના બે પત્રો આવ્યા છે તે રામાએ તમને આપ્યા કે ન-હિ?' ચંદાગૌરીએ દિવાનખાનામાં દાખલ થતાં રસિકલાલને સંબોધી કહ્યું.

' હા, તેમના ગઇ કાલે આવેલા પત્રોની સાથે મુકયા છે. હું ભુલી

જાઉ તો તમે સંભારજો. આજે એ જવાનો છે અને મુંબઇમાં કંઇ કામ હ-શે તો રહી જશે.'

'કાલે એ આવ્યા નહોતા ? કેમ વારૂ ! આજથીજ સાસરિયાંમાં લીન થઇ આપણને ભુલી ગયા કે શું ?'

'આપણને ભુલી જાય ? અરે ! એમ તે બને કે ?'

'ત્યારે શું બોલ્યાં? કંઇ કામ હશે તેથી નહિ આવ્યો હોય ?'

ચંદાગૌરી અને રસિકલાલ વાત કરતાં હતાં એટલામાં કેશવચંદ્ર આ-વ્યો તેને જોઇ ચંદાગૌરી પાલવ મોંઢે દઇ રસિકલાલના સામું જોઇ હશી. ખુરસી તાણીને બેસતાં કેશવચંદ્ર બોલ્યો કે—કેમ વાત બંધ કરી ? મારા-થી ખાનગી હોય તો બોલજો ?

'કંઇ નથી' રસિકલાલ બોલ્યો એટલે ચંદાગૌરી ફરીને હશી.

'ના કંઇક છે'

રસિક—આ કહે છે કે, સસરાને ઘેર ધામા નાંખી આપણને ભુલી ગયા કે શું ?

'એમને તો મારી મશ્કરી કરવાની છૂટ છે.'

'વારૂ ? આજે જવાના છો?' ચંદાએ પૂછ્યું.

'હા વિચાર છે.'

'ત્યારે લે આ તારા કાગળો છે.' રસિકે ચારપત્ર કેશવચંદ્રના હાથમાં આપ્યા. કાગળો હાથમાં લઇ જે ભારે હતો તે કેશવચંદ્રે પહેલો ફોડયો અને તેમ કરતાંની સાથેજ ભારે વસ્તુ તેમાંથી સરી નીચે પડી અને ચંદાએ તે ઉઠાવી લઇ જોઇને કહ્યું કે—' કેસુભાઇ ! તમારા ઉપર આ-શું ? આખા ગુજરાતની કન્યાઓ ગાંડી થઇ છે કે શું ! જુઓ, આ કો-ની છબી છે ?'

રસિકલાલ—શું છબી છે?

કેશવચંદ્ર—હું તે જાણતો નથી. (પત્ર વાંચતાં હસતો જાય છે, અને પુરો વાંચી રહેતાં ચંદાના સામું જોઇ કહે છે કે)—'આ પત્ર લ્યો અને છબી લાવો.'

ચંદાએ પત્ર લઇ છબી તેના ખોળામાં નાંખી; જે કેશવચંદ્રના પ-હેલાં રસિકલાલે ઉપાડી લીધી અને બેઉ મિત્રો સાથે જોવા લાગ્યા.

ચંદાગૌરી કાગળ વાંચી રહી પણ પેલા બે મિત્રો છબી જોઇ રહ્યા નહિ. ચંદા તેમની પછવાડે ઉભી રહી જોવા લાગી. કેટલીક વાર થઇ પણ કોઇ કંઇ બોલ્યું નહિ ત્યારે ચંદાએ રસિકને ખભે હાથ મુકીને કહ્યું કે—'કેસુ-ભાઇ તો છબીમાં લીન થઇ જાય પણ તમેય તેમાં લીન થઈ ગયા કે શું ?

'એ તો તમારામાં લીન થયેલા જ છે ફરીને કહેવરાવવા માટે બોલ-તાં હશો નહિ વારૂ ?' કેસવચંદ્રે મશ્કરી કરી.

રસિકલાલે છબીને ટેબલ ઉપર આ લોક ઢમે મુકી કહ્યું કે—આ કન્યા-ય મને તો કેસુને યોગ્ય લાગે છે ! કેમ તમને પસંદ પડે છે અમારા કર-તાં તમે એની ખુબી ઠીક જાણો.

'બૈરીઓ બૈરીઓની ખુટડાઇ ન સમજે; એ તો બાયડાજ જાણે કે જે-મની આંખો હમેશાં રૂપ શોધ્યા કરતી હોય.'

'સાંભળ્યું રસિકભાઈ?' કેસવચંદ્રે ટકોર કરી.

'મારી આંખે તો માત્ર તમારામાં જ રૂપ દીઠું છે. બીજે ઠેકાણે હું એ નથી દેખતો તેમ છતાં તમે આવું બોલો તે ઠીક કે ?'

'એટલામાં માઠું લાગી ગયું.' ચંદા નમી પડી.

રસિક–આ કોની છબી છે અને તેની સાથેના પત્રમાં શું લખ્યું છે ?

ચંદા–અમદાવાદના કેસુભાઇની નાતના એક ગૃહસ્થની છોકરીની એ છબી છે અને છોકરીની માએ લખાવેલો પત્ર તેની સાથે છે. છોકરીની મા બડી હોંશીઆર જણાય છે. કેસુભાઇને લલચાવવા માટે તેણે કેવું કેવું લ-ખાવ્યું છે અને કેવો કેવો લોભ બતાવ્યો છે.

રસિક–મોટી પહેરામણિ આપવાનું લખ્યું હશે ?

ચંદા–પહેરામણિ તો શું પણ કેસુભાઇને બારિસ્ટરનો અભ્યાસ કરવા જોઇએ તેટલા રૂપિઆ આપવા જણાવેલું છે. અમદાવાદમાં ઘર લઇ આપવા-નું વચન આપ્યું છે અને પોતાની છોકરીનાં કેવાં સારાં વખાણ કર્યા છે.

કેસવચંદ્ર—એમાં કંઇ નહિ હોય ત્યારે વખાણ કરવાં પડયાં હશે ?

ચંદા–ઉમ્મર નાની છે એટલે એવો મત બંધાય નહિ. હજી તો લ-ખે છે કે હમણાં દશમું વર્ષ બેઠું છે, એટલામાં શી હોંશિવારી હોય ?

રસિક–દશ વર્ષની છોકરી સાથે પરણીને હવે કેસુ કયાં સુધી સંસા-ર લંબાવશે ?

ચંદા–એમને ઉતાવળ નથી અને તમને શું છે ?

કેશવચંદ્ર—મને ઉતાવળ નથી એમ કોણે કહ્યું.

ચંદાગૌરી હસી પડી અને બોલી કે—જોયું કેસુભાઇ પરણવાને માટે કેવા ઉતાવળીઆ થઇ રહ્યા છે આ મુંબાઇવાળી કન્યા એમના મનમાં ઠરી છે તો. ખાસી ચૌદ વરસની મંગળ ફેરા ફરીને બીજે દહાડે ઘર ઉપાડી લે એવી કન્યાને મુકીને કેસુભાઇ દશ વર્ષનું બાળક લઇ આવે એવા ખરા તો ?

કેસવચંદ—હશે, હવે એ વાત અને વિનોદનો વખત નથી મારે ઘણાં કામ કરવાનાં છે, માટે હમણાં જવા દો.

ચંદા—આજે અહીં જમીને જજો. સસરાને ઘેર આજ નહિ જમો તો શું છે ?

કેસવચંદ્ર-ગમે તે બોલો. હાલ હું સાંભળીશ.

રસિક—હશે રહેવા દો. હાલ તું જા પણ મને મળ્યા વગર જતો નહિ.

કેસવચંદ્ર—એમ બને ? ઘણું કરીને તો પાછો ફરતાંજ અહીં આવીશ.

રસિક—ભલે જા.

કેસવચંદ્ર ત્યાંથી ઉતરીને ગયો એટલે ચંદાગૌરી બોલી કે, આવો રૂડો વર તેના ઉપર કોણ ના તૂટી પડે. અહીંવાળાં મને કેટકેટલું કહે છે અને વારંવાર આજીજી કરે છે કે—'એમને મહોડે હા ભણાવરાવો.' કન્યા પોતે નહિ તમે બેઠા હતાને તે દહાડે આવી હતી તે પણ એકવાર મને લાજ મુકી કહી ગઇ હતી કે—'આટલું કામ તમે નહિ કરી દો.' ખરેખર કેસુભાઇનાં ભાગ્ય ઉઘડવાનાં. કન્યા ઘણી રૂપાળી તો નથી પરંતુ બહુ હોશિયાર છે ભણેલી છે અને કામકાજમાં નટખટ છે. અહીંવાળી સાસુ પણ ઓછી હોંશીલી નથી. મારો તો વિચાર છે કે કેસુભાઇ અહીં કરે તો સારૂ કે વેળાજીનું ઘર માંડીને બેસાય. આપણે કે દહાડાનાં ઘર સંસારી થયાં છીએ. કેસુભાઇ બિચારા કુંવારા.

રસિક—આપણે બહુ મોટાં થઇ ગયાં ?

ચંદા—નહિ ત્યારે ? મારી સાથે સાસરે રહેલીઓના મોં આગળતો આજ કેલૈયા કુંવર જેવા બબ્બે છોકરાઓ રમે છે ? તમારે મન તમને નાનપણ લાગતું હશે ?

રસિક—તમને છોકરાંની વાત કેમ તુરત યાદ આવે છે ?

ચંદા—મને યાદ આવે છે અને હું મારી મેળે બળી રહું છું તમને

કંઇ કહું છું.' તેની આંખમાં પાણી આવી જાય છે.

રસિક—ઘરડાં થઇ ગયાં ?

ચંદા—હું તો ઘરડી થઇ નથી પણ કાકીજીને મન હું ઘરડી થઇ ગ- ઇ. બહાર તેઓ કેવું બોલે છે તે તમે સાંભળો છો ? ઘરમાં કોઇકોઇવાર મને સંભળાવવાને માટે એવું એવું બોલે છે કે જાણે મરી જઇએ ?

રસિક—મેં તો કદી સાંભળ્યું નથી ?

ચંદા—તમે શાના સાંભળો ? ગઇ વખત આપણે ગયાં અને તેજ વખતે મેં ચાકરને કહ્યું કે—'જા અમારી મેડી સાફ કરી નાંખ, હમણાં શેઠ મામાજીને મળીને આવશે ત્યારે ક્યાં બેસશે ?' હું આમ ચાકર સાથે વાત કરતી હતી અને વસંતબા વગેરે બેઠાં હતાં ને મોટાં કાકીજી સાંભળતાં રાંધતાં બોલ્યાં કે—'ચંદા વહુ ! સાફબાફ બોલશો નહિ. તમારો ખોળો ક્યારે ભરો થશે કે સાફ કરવો છે હજી તો સાફનું સાફજ છે તો' સઘળાં બેઠાં હતાંને આવું બોલ્યાં તે મને તો એમ થયું કે જાણે હું શું કરૂં. જીભ કરડીને મરી જાઉં કે પૃથ્વીમાં સમાઇ જાઉં. તમને કહીએ ત્યારે તમે લડો અમે શું કરીએ ? અમારાં ભાગ્ય ? ચંદા ગળગળી થઇ એકદમ રડી ગઇ અને તેની આંખમાંથી ડબક ડબક આંસુ નીકળવા લાગ્યાં. તેનો ગોળ અને સુંદર ચહેરો લાલચોળ થઇ ગયો. આંખો રાતા કમળનાં પત્રની માફક ભરાઇ ગઇ અને મુખ ઉતરી ગયું. રસિક કંઇ બોલ્યો નહિ અને થોડીવાર મૌન રહ્યા પછી ચંદા પાલવથી આંસુ લુછી રસોડામાં ગઇ.

ચંદાગૌરી દિલગીર થઇ ગયા પછી રસિકલાલ પણ ગમગીન થઇ ગયો. તે મનમાં બોલ્યો કે-'સાળા ! કેવા સંસ્કાર છે ? હિંદુની બાયડી ગમે તેટલી ભણી ગણી અને સમજું હોય, પણ તેને છોકરાંને માટે તો બળતરા થવાની જ. માણસ જેવા સમુદાયમાં રહે છે તેવું તેના મનનું વલણ થાય છે, શૂરવીર પુત્ર પણ બાયલા રાજ્યમાં ઉછર્યું હોય તો છોકરી જેવો થાય, અને સુધરેલો માણસ પણ વહેમી લોકમાં રહે તો વહેમી થઇ જાય. આપણી કન્યાઓતા રજ માટે એમ કહેવામાં આવે છે તે ખોટું નથી કે, તેઓ નાગરીક સમવાયમાં રહેવાથીજ ૧૨ મે વરસે બેગળી બેસે છે. ગુજરાતનાં ગામડાંની કન્યાઓ સોળ અને અઢાર વર્ષની થાય છે તોપણ કંઇ સમજતી નથી અને તેમને વહેલું રજ પ્રાપ્ત થતું નથી. તેર તેર વર્ષની કચુંદડીઓને ઉંદર જેટલાં છોકરાં લઇ લઇને જતી દે-

બે એટલે આને અસર થાય છે. ખરૂં છે કે બા અને કાકીએ પણ આના તરફ કરડી નજરે જુવે છે પરંતુ તેઓ એમ વિચાર કરતાં નથી કે આ ૨૦ વર્ષની થઇ એટલામાં શું વંઝા સિદ્ધ થઇ ચૂકી. સ્ત્રીઓના મનમાં છોકરાં માટે મોટી ઉમેદ રહે છે અને તે ઉમેદમાં જ્યારે તેઓ પોતાની નાની સહીઓ સાથે પોતાને સરખાવે છે ત્યારે તેમના મનમાં શોક થાય છે. દિલગીર રહેવાથી તેઓ પોતાની તબીયત બગાડે છે. આ શું સમજતી નથી ? સઉ સમજે છે પરંતુ બહિર્વાતાવરણના તરંગો એના કોમળ મન ઉપર અથડાઇ અસર કરે છે. હશે બીજી સ્ત્રીઓના જેવી મોટી લાગણી એને નથી એટલું ઠીક છે નહિ તો નઠારે રસ્તે દોરાઇ જાય. હજારો સ્ત્રીઓ સંતાનેચ્છાની તીવ્ર લાગણીને અધિન થઇ ધુતારા અને લુચ્ચા લોકથી સપડાય છે. સ્ત્રીઓના મનમાંથી આ લાગણી અવશ્ય દૂર થવી જોઇએ.

રસિકલાલ આવા વિચારમાં લીન થઇ ગયો હતો એટલામાં ચાકરે તેને નાવાનું કહ્યું તે ખુરશી ઉપરથી ઉઠી રસોડામાં ગયો અને ચંદાના સામું જોયું ત્યારે તેની આંખમાં આંસુ તો નહોતાં પરંતુ તેના મન ઉપર દિલગીરીનો છાયો પડી રહેલો હતો. રસિકલાલ તેના સામું જોઇ હસ્યો એટલે ચંદા હસી તો નહિ પરંતુ બોલી કે– ચાલોની હવે કોની વાર છે ? રોટલી થઇ રહેશે ત્યારે જમવા બેસશો ?

'હા. હું ને તું સાથે બેસીશું, તું દિલગીર થયેલી છે તે પછી ન ખાય ત્યારે ? '

'હું તો નથી જ ખાવાની કારણ કે મને ઠાક નથી. જો જો પાછા તમે એનો ઉલટો અર્થ લેશો. મેં તમને સવારમાં ચા લેતાંજ કહ્યું હતું નહિ ?'

એવી કયાં સુધી અરૂચી રહેશે ?

મને ચીડાવો નહિ. તમે નાહિ લ્યો જુઓ આ રામો જુવે છે ?

' વારૂ ઠીક છે. ' રસિકલાલ નાવા ગયો અને ચંદા રોટલી કરવા લાગી, એટલામાં બહારથી એક માણસ આવ્યો અને બોલ્યો કે. ' કેસવચંદ્ર અહીં આવ્યા છે, જો આવે તો કહેજો કે, ' ચંદુલાલ શેઠે આજે જવાનો વિચાર માંડી વાળ્યો છે અને તમને પણ જવા દેનાર નથી.'

ચંદા—વારૂ. તમે ત્યાં ઘરમાં કહેજો કે–કેસવચંદ્ર અહીં જમવાના છે. અમારા ઘરનું નામ જાણો છોની ?

' ના જી. '

ચંદાએ રામને ખુમ મારી એટલામાં રસિકલાલ નાહીને આવ્યો અને તેણે પેલા માણસને કહ્યું કે-'રામચંદ્રશેઠનાં ધણીઆણીને કહેજો કે કેસવચંદ્ર રસિકલાલને ત્યાં જવાના છે માટે રાહ જોશોમાં.' 'વારૂ' કહી પેલો માણસ ગયો એટલે રસિક ચંદા તરફ જોઇને બોલ્યો કે ત્યારે તો આપણે કેસવચંદ્રની વાટ જુવો. હું જમી લઉં તે ઠીક નહિ.

'પણ તમારે દીપચંદશાહની પેઢીએ જઈ પેલો હિસાબ કરી આવવાનો છે તે.'

' કાલે થશે. '

' ના. કેસવચંદ્ર ક્યારે પરભાર્યા છે. હું રોટલી કરવાની રહેવા દઇશ અને તમે જમીને ત્યાં જઇ આવો. સાસુજીના ઉપરા ઉપરી કાગળ આવે છે અને ઘર તરફ પણ હવે થોડું થોડું લક્ષ આપતા જાવ. તમારે કોણ માથે છે તે કામ કરવાનું છે ? સસરાજીના મરણ પછી શું ખરચ થાય છે કે શું નહિ, તે તમે હિસાબ રાખો છો ? વાણિઆનો હિસાબ, તમે કકડે બચકે નાણું ઉપાડો, તમને લાગે નહિ પણ એને ત્યાંતો સરવાળો થતો રહેશે. દીપચંદશાહની પેઢીમાંથી જે હોય તે હિસાબ કરીને ઉપાડી લાવો. અને એકવાર બાએ કેટલો ઠપકો આપ્યો હતો અને કહ્યું હતું કે-'બાપા ! અમારે હવે શું છે ? એ પૈસા હશે તો તમે વાપરશોને ભોગવશો ? દીપચંદશાહની પેઢીએ જે રૂ ૨૫) હજાર છે તે પરદેસમાં શું કરવા રાખવા ? તારો સસરો જીવતા હતા ત્યાં સુધી ઠીક હતું, કારણ કે તે દીપચંદશાહ અને તેના બાપનેય પહોંચી વળે એવા હતા, પણ હવે એને ત્યાં નાણું રાખવાં મને ગમતાં નથી. રસિકની પછવાડે થઇ હવે મુંબાઇ જાવ ત્યારે એનો હિસાબ કરાવજો. ' આપણે આવવા નિકળ્યાં ત્યારે તમે તો પાછળ હતા એટલે શું જાણો ? કાકીજીએ અને બાએ ફરીને તે વાત સંભારી આપી હતી. આજ મુંબાઇ આવ્યે ત્રણ મહિના થયા અને હું હમેશાં કહું છું પણ તમારી ઉંઘ ઉડતી નથી. મારાથી કેટલું કહેવાય, માટે આજે તો બસ જાવ જ. હિસાબ કરીને આવો, પછી બાને પુછાવી જોઇ રૂપિઆ ઉપાડી લાવજો. '

રસિકલાલ—વાહરે ! ડાહી-મોટી ખુબ ભાષણ ચલાવ્યું ?

ચંદાએ શૃંગાર લજ્જા કરી મુખ નીચું નમાવ્યું-જરા હસી અને બોલી કે-જુઓ ! તમને કહીએ ત્યારે આમ મશ્કરી કરો.

રસિક—મશ્કરી નથી કરતો ખરેખરે તમે સ્ત્રીઓ આમાસ કરતાં નાની વયમાં સાંસારિક બાબતોમાં વધારે દક્ષ અને સમજાું હો છો?

જાવ, એવું ન કહો. ચંદાએ શરમાઇ નીચું જોયું.

રસિક—હજી તારા માનવામાં નથી આવતું હું મશ્કરી નથી કરતો પણ ખરૂંજ કહું છું. જેને ૧૪ વર્ષની છોકરી સાસરે જાય છે ત્યારે કેવી ડાહી અને સમજુ જણાય છે અને ૧૪ વર્ષના છોકરાઓ પછી ભણવા ગણવામાં ગમે તેવા હોંશિયાર હોય પણ સંસારમાં કંઇ સમજતા હોય છે?

'એ દાખલો પણ મારા ઉપર લાવો છો તે હું સમજાું છું હો કે.'

ના હું તો એ દાખલો લેતો નહોતો પરંતુ તેં ઠીક યાદ આપ્યું. હા. જેને તને સાસરે રાખી ત્યારે તું તેર ચૌદ વર્ષની હતી અને હું પંદર વર્ષનો હતો પણ કંઇ સમજતો હતો?

'હવે એ વાત રહેવા ઘો. ચાલો પાટલા ઉપર બેસો મેં તો થાળી પણ પીરસી દીધી.'

રસિકલાલ જમવા બેઠો અને પહેલા આણાની રમણીય રસની ભરેલી ચંદાને લજાવતી અને આનંદ આપતી વાતથી જમવાનો વખત કાઢવા માંડયો. રસિકલાલે ચંદાગૌરીનું દિલગીરીમાં પડેલું મન ખુશ કરવાને એ વાતને વધારી વધારીને કહી અને અંદર અંદર શૃંગાર અને રસનાં ટુચકાં મુકાતાં તેને રસપ્રદ બનાવી. અરધો કલાક વીતી ગયો અને રસિકલાલે જમી ઉઠતાં કહ્યું કે—'આવી આવી વાતો કાઢીને વધારે ખવરાવ્યું.'

'મેં તો એવી વાતો સાંભળી પણ નથી અને મને સાંભરતી પણ નથી.'

રસિકલાલે દીવાનખાનામાં જઈ કપડાં પહેર્યાં અને પાન ખાધું એટલામાં રસોડું બંધ કરી સોળાબેર ચંદા દિવાનખાનામાં આવી. રસિકલાલ ટોપી પહેરી દીપચંદશાહની પેઢીએ જવા નીકળ્યો. ચંદા દાદર સુધી પછવાડે ગઇ અને બોલી કે—' નકી કરીને આવજો. હવે વાયદો કરે નહિ.'

રસિકલાલના ગયા પછી થોડીવારે કેસવચંદ્ર આવ્યો અને નાહી ધોઇ જમવા બેઠો. ચંદાગૌરીએ રામચંદ્રને ઘેર કહાવી મોકલ્યું હતું તે વગેરેની વાત કરી અને જમી રહ્યા પછી કેસવચંદ્ર દિવાનખાનામાં જઇ પલંગમાં સૂઇ રહ્યો. સુતે સુતે તેણે આવેલા કાગળો અને છબીના સંબંધી વિચાર કરવા માંડયા ત્યારે આણી તરફ ચંદાગૌરીએ જમી પાટીને ખાવાનું આપી પોતાનું કેટલુંક કામ કરી લીધું. કેસવચંદ્ર આછી નિદ્રાની લહેરમાં

પડગે અને ચંદ્રાએ સઘળું સમાપ્ત કર્યું અને દિવાનખાનામાં આવી. તેણે દિવાનખાનામાં આવતાં કેસવચંદ્રને બોલાવ્યો ત્યારે તે ઉંઘી ગયો હતો એટલે તે પોતે રસ્તાઉપરની બારીએ બેઠી અને રૂમાલ ગુંથવા માંડયો, લગભગ એક વાગ્યાનો સમય થયો ત્યારે ત્યારે બહારથી ધીરે રહીને બુમ પાડી ગુલાબ વહુ ચંદુલાલ ડોકટરની પત્ની ચંદ્રાગૌરીની પાસે આવી. પહેલાં બે ત્રણ વાર તેઓ એક બીજાને મળેલાં હોવાથી તેમના વચ્ચે સામાન્ય પરિચય પડેલો હતો તેથી ચંદ્રાગૌરી બારીએથી ઉઠી સામી ગઇ અને માનથી તેને બોલાવી દીવાનખાનામાં આવી.

દિવાનખાનામાં પેસતાં પલંગમાં સુતેલા કેસવચંદ્ર સામું જોઇ ગુલાબ બોલી કે—આહીં ઉંઘી ગયા છે કે?

'હા અહીં ઉંઘ્યા છે. તમે આજ જવાનું માંડી વાળ્યું ને;'

' તમને કહેવરાવ્યુંજ હતું તો!'

' કેમ માંડી વાળ્યું? ચંદ્રાગૌરીએ પુછ્યું.'

'અમુક કારણો છે અને તે તમારાથી ખાનગી રાખવાનાં નથી તમે રજા આપશો એટલે જઇશું.'

'હું રજા આપું એવું શું છે?'

'આપણે ખાનગીમાં બેશીએ ત્યારે એ વાત થાય તેવી છે.'

ચંદ્રાગૌરી—ચાલોને પેલી ઓરડીમાં બેશીએ.' બેઉ જણ દિવાનખાનામાંથી ઉઠીને ઓરડી તરફ ચાલ્યાં ત્યારે ગુલાબની નજર ટેબલ ઉપર પડેલી પેલી અમદાવાદ વાળી કન્યા ઉપર પડી પરંતુ તેણે તે શું છે? તેની પડપુછ કરી નહિ. ઓરડીમાં જઇ બેઠા પછી કેટલીક વાતો થયા પછી ગુલાબ બોલી કે ચંદ્રાબેન! તમારૂં એક મોટું કામ છે અને મારાં સાસુએ મને અત્યારે ખાસ તમારી પાસે મોકલી છે.

તમે બપોરનાં બહાર નીકળો પણ નહિંતો? તમે આવ્યાં ત્યારની મને ખબર પડી છે કે ગુલાબ બેનને કંઇ ખાશ વાત કરવાની હશે.

એ વાત શું છે તે તમે જાણો છો અને આપણે બે ત્રણ વાર એની એજ વાત થયેલી છે. મેં અને મારાં સાસુએ વાત કરી પરંતુ કેસવચંદ્ર અમને ખાત્રી આપતા નથી અને મારા સસરાજીએ એમના પિતા ઉપર કાગળ લખ્યો હતો તેનો એવો જવાબ આવ્યો છે કે મારા સાસુજીતો બિલકુલ નિરાશ થઇ ગયાં છે. ચંદ્રાબેન! મેં શું કે મારી સાસુએ શું?

જેને તેને વાત કરેલી કે આમની વેરે ગજરાબાને પરણાવવાનાં છે અને હવે તે વાત મારી જાય તે ઠીક નહિ. કેસવચંદ્રના પિતાના કાગળ ઉપર- થી જણાય છે કે તેઓ અમારા કરતાં ત્યાં પાસેનું મળે તો ત્યાં કરવા ધા- રે છે. ચંદાબેન ! આજ કાલ ગાડી થવાથી દૂર અને પાસેનો શો વેંત ર- હ્યો છે. ચારગાઉ ગામડે જવું હોય તો ન જવાય અને પાંચ રૂપિઆ નાંખી દીધા એટલે અહીંથી જમીને બેશીએ તો કાલે ત્યાં જમવાને વખતે પ- હોચી જવાય તે કંઇ દૂર કહેવાય ? અમે બીજા લોકના કરતાં સારો રી- ત રિવાજ કરીએ તેવાં છીએ એ શું તમને નથી જણાતું. મારી સાસુજી ઘણાં હોંશિલાં છે અને અત્યારથીજ કેસવચંદ્રને જોઇને સોસો મોઢે થઇ જાય છે તે તમે નથી જોતાં ? ગજરાબાને સારે ઠેકાણે નાંખવાને માટે તે ગમે તેટલું ખરચ કરવા ધારે છે, અને હમેશાં ચિંતા કરે છે. આજનું જ- વાનું બંધ રાખવામાં પણ એજ કારણ છે અને એમનો એવો મત છે કે કેસવચંદ્ર જાય ત્યાર પહેલાં આ વાત નક્કી કરી લેવી. અને ચંદાબેન ! અમને સહાય કરવી એ તમારૂં કામ છે. તમે હા કહો એટલે અમને ખાત્રી થશે.

ચંદાગૌરી—ગુલાબબેન ! કેસુભાઇના ઉપર પણ બિચારાના ઉપર આવોજ જાતનો ભાર આવી પડયો છે. હું તો જાણતી નથી પરંતુ હમણાં હું તમને બતાવીશ અમદાવાદથી એક કન્યાની છબી આવી છે અને તેણે તેમાં કેવું કેવું લખ્યું છે. મારા ઘરમાંથી એ છબી જોઇને કહેતા હતા કે આ કન્યા નાની છે અને કેસુ કયાં સુધી સંસાર લંબાવશે ? મારો મત પ- ણ એવો છે કે સારાં માણસ સાથે સંબંધ જોડવો. હું તો હમેશાં એમ- ને એજ વાત કહ્યા કરૂં છું. એમને તમારાં નણંદ અને તમારૂં ઘર પસંદ પડયાં છે પરંતુ એ બિચારા મનમાંને મનમાં જે અટવાય છે તે બીજું કંઇજ નહિ પણ પેલા મુરબી આગળ આ બધી વાતનું સ્પષ્ટિકરણ કેવી રીતે કરવું તેજ છે. મારાથી બનશે ત્યાં સુધી તો હું તમારા ઘરનુંજ કરા- વરાવીશ અને ગુલાબ બેન ! તમને ખબર છે. હું તો જાણું છું કે તમારાં નણંદ પોતે એમને મળ્યાં હતાં ?

ગુલાબ—હું તે જાણતી નથી પરંતુ મળ્યાં હશે એ કંઇ નાનાં છે ? ચંદાબેન ! તમારા આગળ લ્યોને કહું કે તેમને ચૌદમુ વર્ષ ઉતરી પં- દરમું બેઠું છે અને ત્રણ ચાર મહિનાથી વેગળાં શુદ્ધાં બેસે છે. કંઇ નાનાં છે ? આ વાત હું ને મારી સાસુ જ જાણીએ છીએ જો જો કંઇ કહેતાં ?

'તારે, મારે કહેવું શું કરવા પડે? પણ મોટું થાય તે તો સારૂં' આવડાં મોટાં એ કંઇ નથી સમજતાં. મોટું બૈરૂં થયાં છે એટલે એય બધું સમજે છે અને રાત દિવસે શોક કર્યો કરે છે. મને આજીજી કરી ફ-રી ને પાલવ પાથરે છે પણ બેન! હું શું કરૂં. મારાથી થાય તેટલું તો હું કરૂં છું.

ચંદા–રહો હું તમને પેલી છબી બતાવું. જુઓ તો ખરાં એય કન્યા-તો સારી લાગે છે? તમારી નાતમાંય રૂપતો છે?

ચંદા દિવાનખાનામાં જઇ છબી લઇ આવી અને ગુલાબને આપી. ગુલાબ તે જોઇ કેટલીક વાર સુધી કંઈ બોલી નહિ. જોઇને પાછી આપ-તાં તેણે કહ્યું કે–હોવે! હોય કન્યાઓ તો બે ત્રણ એવી સારી છે. આ તો જેને ને તેને વરના સાંસા પડયા છે એટલે આમ કરવું પડે છે? શું કરીએ. સઉને સારા ભણેલા ગણેલા વર જોઇએ?

ચંદા બોલી કે–તમે કેસવચંદ્રને વાત કરો.

'ના, હવે હું તેમ નહિ કરૂં. તમેજ અમને નક્કી કરી આપો.'

ચંદા–ત્યારે ગુલાબ બેન! એમ કરો. હમણાં થોડા દિવસ તમારે જ-વાનું રહેવાદો અને આમને તો હું અહીં રાખીશ. હું કે તમે કોઇ પણ વાત કરીએ તેના કરતાં એ બે જણ વચ્ચેજ વાતચિત અને અનુરાગ થવા દોની. તમારાં નણંદ એક બે વાર મારે ઘેર આવ્યાં છે. અને મારાથી શું કરવા શરમાય છે? કેસુભાઇને પરણશે તો પછી મારી શરમ ક્યાં ર-હેશે, માટે તમે જરા બનાવી ઠનાવીને બબ્બે ઘડી અહીં મોકલતાં રહોની. હું એમની શરમ ભાગી નાંખીશ અને એમના વચ્ચે અનુરાગ થયો તો પછી 'મિયાં બીબી રાજી તો કયા કરેંગે મિયાં કાજી!' એવું થશે, મા-ટે આ વાતનો ખરો રસ્તો કાઢવો હોય તો આ જ છે.

ગુલાબ–પણ તેમ કરતાં કોઇના જાણવામાં આવે તો?

આમાં શું જાણવામાં આવવાનું છે? તમે કયાં મારે ત્યાં નથી આવતાં.

ઠીક છે. એમ કરીએ.

ના, તમારી સાસુ બાસુને કંઇ કહેતાં નહિ. હું ને તમેજ જાણીએ. તમે ગજરાને અહીં મોકલજો ને પછી હું એમને એક બીજાનાં બનાવી મુકીશ. મને પ્રસંગ કાઢતાં અને વાત કરતાં બધુંય આવડે છે.

ગુલાબ–એની તો મને ખાત્રીજ છે.

ચંદા—ત્યારે તમે કે તમારાં સાસુ બીજી કંઇ ચિંતા કરશોમાં. આ તે સારામાં સારી છે અને આપણે કોઇને કંઇજ કહેવુંજ પડશેજ નહિ. પ્રીતિ પ્રાપ્તિનો માર્ગ કરશે. સમજ્યાંને ગુલાબ બેન ! આપણે દલાલ થવાનું શું કારણ છે ? એમની મનોવૃત્તિઓનેજ એમનાં મન એક કરવા દો. પછી કેસવચંદ્રના પિતાનું કે કોઇનું કંઇ ચાલશે નહિ.

ગુલાબ—તમારી વાત બરોબર છે પરંતુ તેનો ઘાટ તમે સારો ઉતારજો. ગજરાબાને અને એને ખાનગી મુલાકાત થવા દેશોમાં એમાંથી કંઇનું કંઇ થઇ જાય તો આપણે બનીએ !

ચંદા—કેસવચંદ્રને એવા ના ધારતાં ? એ ઘણો સાવધાન માણસ છે. અમે ઘણા દિવસ સાથે રહેલાં છીએ અને મને એમના સ્વભાવની ખરેખરી ખબર છે.

'ઠીક છે. એમ કરીએ.' ગુલાબને આ વાત ગમી અને તે પછી કેટલીક વાતો કરી અઢી વાગે ગુલાબવહુ ગજરાને સાંજે મોકલવાનું વચન આપી ગઇ અને ચંદા કેસવચંદ્ર જાગ્યો એટલે બીજી વાતચિતમાં પડી.

ઘણા દિવસ સુધી જેને માટે મનોરથ કર્યા હતા તે વર રામચંદ્રના ઘરનાંને દુર્લભ લાગ્યો અને એ દિવસ કેસવચંદ્ર પણ રસિકલાલને ઘેર રહેવાથી ત્યાં ગયો નહિ એટલે વધારે સંશય ઉત્પન્ન થયો. રામચંદ્રની ડોશીને ઘણી શંકા પડી અને તેણે બીજા કોઇ કારણને આગળ ન કરતાં પોતાના સહેજ ઉતરતા કુલને મનમાં આણી કેસવચંદ્રના બાપની 'ના' ઉપર અનેક જાતના વિચાર કરવા માંડયા. તેને એમજ લાગ્યું કે, ગુજરાત તરફના બ્રાહ્મણો કુળને માટે ઘણું અભિમાન રાખે છે અને કેસવચંદ્રનો બાપ પણ ઘરડો છે એટલે તેના મનમાં કુળાભિમાન હશે. જાની જેવા કુળવાન કુટુંબની કન્યા આવતી હોય તો આપણી કન્યાને માટે ના પાડે એ દેખીતુંજ છે એમ તેના મનમાં ખાત્રી થવા લાગી અને જેમ જેમ વિચાર કરતી ગઇ તેમ તેમ એજ વાત તેને વધારે અને વધારે સાચી લાગતી ગઇ. કેસવચંદ્રના બાપના મનમાં આ વાત નહોતી. કેસવચંદ્ર મોટો થયેલો અને ભણેલો હોવાથી તેણે તો સહજ લખ્યું હતું પરંતુ ડોશીના મનમાં ઉપરના વિચારોથી તેનું લખતું 'તલવારના ઘા' જેવું સાફ ના પાડનારૂં સમજાયું. ડોશી તેના મને કલ્પેલા પરિણામથી દિલગીર થઇ પ-

રંતુ તેનો ઉપાય તેને સુઝયો નહિ. તે મનમાં ને મનમાં મુંઝાવા લાગી. રામચંદ્ર અને જેકોરના ઉપર તેને ક્રોધ આવવા માંડયો કે, ' આ લોકોએ એને મોટી કરી અને હજી સુધી વર જોયો નહિ ત્યારે આ વખત આવ્યોની ! હવે કેસવચંદ્ર ના કહે તો છોકરીને આંખો મીચીને કુવામાં નાંખવી પડશેને? આગળથી આપણા ગજા પ્રમાણેનું વેશવાળ કરી મુક્યું હોત અને વરની પાછળ ચાર પૈસા બગાડયા હોત તો કંઇ સંકડામણ આવત ? રામચંદ્ર એમ કરીને બેશી રહ્યો કે, જ્યારે વખત આવશે ત્યારે સઉ થઇ રહેશે અને વળી એતો એમ પણ કહેતો કે-વિધિ છે તે કન્યાને અનુરૂપ ભર્તા સહાય આપે છે. વિશ્વાસે બેશી રહ્યાનાં ફળ હવે કેવાં આવે છે તે આપણે જોઇએ છીએ. જેકોર વહુનું મુખ ઉતરી ગયું છે અને તે કંઇ બોલતી નથી તેથી મને ઘણી અસર થાય છે. આનેજ દિકરીને માટે લાગણી થાય છે. ખરેખર જેકોરને એમ થાય તેવોજ વખત આવી લાગ્યો છે. છોકરી મોટું બેરૂં થયું છે અને હવે કંઇ રાખી મુકાય તેમ છે. હરિ ઇચ્છા શું થશે ? મારો ઇષ્ટ દેવ મને મનમાં વિશ્વાસ આપે છે પછી તો જે થાય તે ખરૂં.'

રામચંદ્રની વૃદ્ધ માતાના મનમાં જ્યારે પૌત્રીને માટે આ પ્રમાણે સંતાપે ઘર ઘાલ્યું હતું ત્યારે જેકોર શેઠાણીને કેવું થતું હશે તેનો વાચકેજ વિચાર કરી લેવો. રામચંદ્રે કેસવચંદ્રના બાપનો કાગળ વાંચી સંભળાવ્યા પછી તેનું મન બેશી ગયું હતું, તેની મનોવૃત્તિઓ ઉશ્કેરાઇ જતી હતી અને વખતો વખત તેને ગજરીના ઉપર જાણે ક્રોધ આવતો હતો. ભણી ગણી અને સુધારામાં પડેલી હોય તેવી દિકરીને વરની ખોટ પડવી એ આપણા મનને ઓછું સંતાપ જનક નથી ? ' એ મુઇ કેટકેટલા રોગમાંથી બચી છે ? એને માટે વર નહોતો ત્યારે ઇશ્વરે એને ઉછેરી શું કરવા ?' આ પ્રમાણે તે પોતાના મનમાં ક્રોધ કરી મન બાળતી હતી ત્યારે રામચંદ્ર અને ચંદુલાલ પણ કંઇ વિચાર ન કરતાં શાંત થઇ ગયા હતા. ઘરનાં મોટા વિચારમાં પડી ગયાં હતાં તેથી ગજરીના મનઉપર પણ અસર થઇ હતી. તેણે જ્યારે કાગળની નાસીપાસ કરનારી હકીકત જાણી ત્યારે તેના મનમાં વિચાર આવવા માંડ્યો કે, ' હું ભણી, અને પર કન્યાને ન બોલાવાય અને ન અડકાય તેમ અડક્યા અને મર્યાદાને અતિક્રમણ કરી એ જેમ ન વર્તવું જોઇએ તેમ વર્ત્યા તેમ છતાં શું તેમને મારે માટે ક-

ઇ નહિ લાગતું હોય ? પુરૂષ જાત કઠોર અને નઠોર મનની હોય છે એમ કહેવાય છે તે ખરૂં હશે કે શું ? મને એમણે કેમ કંઈ કહ્યું નહિ ? શા માટે તેમણે મારો હાથ તેમના હાથમાં લીધો અને મને સ્પર્શ કર્યો. હવે એ મને ન પરણે તો મારા એક ભવમાં બે ભવ થાય ? મારે શું માનવું. પુરૂષો જાર પ્રકૃતિને વશ થઇ સર્વની સાથે પ્રેમ લે છે. ભ્રમરનું રૂપ તેમને અપાય છે તેમ જારીવૃત્તિથી એ મને અડક્યા એમજ કહેવાય ને ? ના એમ બનેજ કેમ ? હું બીજાને પરણનાર નથી ? સતીનું સત્ય ક્યાં આગળ છે ? મારે ને એમને કંઇ નથી થયું પણ એમણે મને હાથ ઝાલી ખેંચી ત્યારે મને એમના અંગનો સ્પર્શ થયો એમણે પ્રીતિદાનમાં ચુંબન કર્યું એ શું ઓછું છે ? એમના વગર બીજાને પરણું તો આ દેહ તેને માત્ર અપવિત્ર થયેલો ન કહેવાય ? કેસવચંદ્ર ! કેસવચંદ્ર ? તમે ગમે તે વૃત્તિથી મને અડક્યા હો પરંતું ખાત્રી રાખજો કે હું તમારા સિવાય બીજાનો હાથ પકડી હવે નરકને માર્ગે જનારી નથી ? હું કુંવારી રહીશ, તમારા નામનો જપ કરતાં આ જીવનને કુંવારૂં ગાળીશ પણ જે દેહને તમે સ્પર્શ કર્યો છે તે દેહને અપવિત્ર કરી આર્યદેશની સ્ત્રીઓના અભિમાનરૂપ સતીત્વને લાંચ્છન લગાડીશ નહિ. તમારે જોઇએ તે વિચાર કરજો. તમે મારા નહિ હો એમ માનવાનું મને કારણ નથી પરંતુ શંકામાં પડેલી વાત મને ઉદ્‌વિગ્ન રાખે છે. ગઇ કાલના એ અત્રે આવ્યા નથી તેનું પણ કંઇ કારણ ? હરિ ! હરિ ! ચિંતા એનો ઉપાય નથી. ચિંતાથી શું થાય છે ? ' આમ ગજરી એકલી બેઠી બેઠી વિચાર કરતી હતી એટલામાં ગુલાબ તેના ઓરડામાં દાખલ થઇ. ગુલાબનું મન પણ ઘરનાંની માફક મંદ પડી ગયું હતું છતાં ચંદાએ બતાવેલી યુક્તિ તેને બરોબર લક્ષમાં આવી હતી. ગજરીના મુખ ઉપરનો છાયો તે પામી ગઇ અને બોલી કે, 'ગજરાબા ! કેમ આજ અહીં જ બેશી રહ્યાં છો ! મારી મેડી તરફ જણાયાં નહિ ? ઉંઘી ગયાં હતાં કે શું ? '

' ના સહેજ, અહીં સુતી પરંતુ નિદ્રા આવી નહિ અને ભાભી ઘરરમાં ચાલતા વિચારે મને મોટા વિચારવમળમાં નાંખી દીધી છે. '

' તમારે તેનો વિચાર કરવાનો નથી પરંતુ એક બાબત જે મેં અને ચંદાગૌરીએ ધારી છે તે પ્રમાણે કરવાનું છે. ગઇ કાલે બાના કહેવાથી હું ચંદાગૌરીને મળવા ગઇ હતી તે તમે નથી જાણતાં ? '

'જાણું છું પરંતુ ત્યાંથી તમે શા સમાચાર લાવ્યાં તે મારા જાણુ-વામાં આવ્યા છે ?'

'તમે મળ્યાં નહિ એટલે મેં તમને કહ્યું નથી. એ વાત એકાંતમાં કરવા જેવી છે અને બાપાજી વગરે હોય ત્યારે કંઇ વાત થાય છે ?'

વાહ તે શી વાત છે. હવે તો આપણે એકાંતમાં છીએ ના !

'હા. જુઓ ગજરાબા ! મારો અને ચંદાગૌરીનો મત તો એ-વો છે કે ચંદાગૌરીને ઘેર જતાં આવતાં રહી તમે જ એના મનને હરણ કરી લ્યો !

'ભાભી. ગુલાબ ભાભી ! આ ગરીબ નણંદની શું કરવાને મશ્કરી-ઓ કરો છો ?'

'ના, ગજરાબા ! આ વાત ગંભીર છે ? ઘેલાં થયાં. હમણાં હસવા-નો વખત નથી. ચંદાગૌરીની સાથે તમને પિછાન થએલું છે અને તેણે તમને મદદ કરવાનું મને વચન આપ્યું છે. વળી કેસવચંદ્રને-તેમણે ત્રણ ચાર દિવસ રાખ્યા છે અને બનશે તો તે પોતે તમારી સમક્ષ એનું વ-ચન લઇ લેશે. એ ખાનદાનના ઘરની છે; અને કેસવચંદ્ર જો વચમાં હશે તો કંઇ આડું અવળુ બોલી શકાશે નહિ એટલી મને ખાત્રી છે માટે મા-રૂં એમજ માનવું છે કે હમણાં તમે ચંદાને ત્યાં જાવ. ચંદાગૌરીએ તો ગઇ કાલે જ સાંજે તમને ત્યાં મોકલવાનું મને જણાવ્યું હતું; પરંતુ મને આવતાં વાર થઇ કારણ કે હું પેલાં મોતિગૌરીને ઘેર ગઇ અને તેમણે મને ઉઠવાજ દીધી નહિ. આજ સાંજનો વખત થયો છે અને તમે એને મળવા માટે જાવ. તમારે કેમ વર્તવું તે હું શું કહું એ તો ચંદાગૌરી ત-મને સઘળું બતાવશે અને એ કહે તેમ કરજો. પરિચયથી હમેસાં માણ-સનું મન એક થાય છે અને મન એક થયું તો પછી ગમે તેમ થાય તોય તે જુદું પડતું નથી.'

ગજરી અને ગુલાબ આ પ્રમાણે વાત કરતાં હતાં એટલામાં રસિક-લાલના ઘરનો ઘાટી આવ્યો અને તેણે ગુલાબને કહ્યું કે 'ચંદાસેઠાણીએ કહાવ્યું છે કે કાલ વાત કરીને ગયાં અને ફરીને કંઇ જણાયું નહિ તેનું શું કારણ ? ગજરાબા કોણી આહે ત્યાને બોલાવે છે.'

'તું જા અને હમણાં આવશે.'

ઘાટીના ગયા પછી ગુલાબે ગજરાને કહ્યું કે, ગજરાબા ! હવે ઉઠો.

ચાલો મારી મેડીએ એટલો વાળીને જાવ. આપણા વાટીને સાથે લેતાં જજો. બા, પુછશે તો હું કહીશ. એની તમે કંઇ ચિંતા રાખશોમાં.

મંજરીએ જવાબ દીધો કે ઠીક છે, તમારી મેડીએ આવવાનું શું કારણ છે, મારી ઓરડીમાં સઉ છે તે જોઇશ. તમે તમારે જવું હોય ત્યાં જાવ.

વખત છે ને બહાર જવાનું હશે માટે જરા સારાં લુંગડાં પહેરીને જજો.

મંજરી હસી ગઇ અને નણંદ ભોજાઇ સાથેજ એક ઓરડામાંથી બહાર નીકળી જુદે જુદે ઠેકાણે ગયાં.

પ્રકરણ ૬ ઠું.

સાંજના ચાર વાગી ગયા હતા અને રસિકલાલ તથા કેસવચંદ્ર સુઇ ઉઠી મુખ ધોઇ—ચાહની કેટલી વાર છે ? એમ પુછતા હતા એટલામાં ઘાટીએ આવી ચંદાગોરીને કહ્યું કે—'હમણાં આવશે એમ કહાવ્યું છે ?' ઘાટી આટલું કહી ઉભો રહ્યો એટલે રસિકલાલે પુછ્યું કે કોના વિશે વાત કરોછો ? કોણ કોઇને બોલાવા મોકલ્યો હતો ?

હા, તમારા સીરસ્તદારનાં વહુને તેડવા મોકલ્યો હતો ?

રસિકલાલ—તમે બહુ બોલોછો ? અત્યારથી આવું બોલવું તે ઠીક નહિ, કેસવચંદ્ર એને ન પરણ્યો તો ? તમે બૈરાં લોક ઘાલમેલીયાં થઇ જાવ છો અને બહુ મનોરથ કરોછો ?

'ના કેમ પરણે ? ના પરણે તો એમની વાત એ જાણે ?'

કેસવચંદ્ર—પણ તમે તે માથે રાખ્યું છે ? એમ હોય તો મને કંઇ વાંધો નથી.

તમારો વાંધો હવે નિમે એમ નથી તો ? હું તો એને ખુશીની સાથે આગરાવહુ કરીને બોલાવી ચુકીછું. મને ગમી છે અને એનેજ પરણવું પડશે. અમદાવાદ વાળા રૂપિઆ દેખાડે એટલે તમે પારસીઓમાં થાય છે તેમ ફરી જાવ એવું થવા દેવું નથી તો ? તમારે શું વેચાવું છે ? નાણાંના ભુખ્યા છો કે પ્રેમના ?

કેસવ૦—પરંતુ આટલો ગુસ્સો શું કરવાને કરો છો ? ધીરાં બોલો. તમે વહુ કહી તે મંજુર.

રસિકલાલ—અલબત્ત, આ વાતમાં કેટલોક વિચાર કરવાનો અવકાશ હશે પરંતુ મારો પણ અભિપ્રાય પુછે તો અહીં જ કરવાની હું ભલામણ કરૂં.

પણ જુઓને ? તમે સાથે રહેલા અને બાળમિત્ર છતાં હજી એમણે તમને કંઈ પુછ્યુ છે ? વહુને તો એ પોતે માગી આવ્યા છે. હું બધુંય જાણું છું અને સમજું છું.

કેસવચંદ હસ્યો અને રસિકલાલ બોલ્યો કે, કેશા આ શું કહે છે ? મારે મોંઢે તો તેં કંઇ વાત કરી નથી ?

કેશવ૦—આપૂર્ણું છે એમાં હું શું કહું. હું કંઇ કશાવ ઉપર આવ્યો નથી. અહીં કરવું એવો મારો મત છે પરંતુ પિતાજીનો અભિપ્રાય એથી જુદો પડશે ? અમદાવાદ એમને પાસે લાગે છે અને તે તરફ એમનો સહેજ પક્ષપાત છે ?

રસિક૦—એતો ખરૂં. પરંતુ અહીં વાળી વાત ઘણી આગળ વધી છે. તારા તરફથી આ અને કન્યાના તરફથી એનાં માબાપ તથા ઓળખીતાંએ તનેજ એના વર તરીકે ગણ્યો છે. એટલે સુધી ગયેલું બધું તોડી નાંખી અમદાવાદતરફ કરવું એ મને ઠીક લાગતું નથી. કન્યા નાની છે. ગઇ કાલે પેલી છબી આવેલી છે તે ને? મારો તો મત છે કે જો તારે સુખી થવું હોય તો આ ઘરની સાથે સંબંધ બાંધજે. તારા પિતાને મારી પાસે લઇ આવજે ને? હું તેમને ખરી બાબત સમજાવીશ. વિવાહ કરવા તે કંઇ એક દિવસનું કામ નથી. એમાં શરમ રાખવી અને તે પણ વળી ક્યારે? આપણે સમજણા થયા હોઇએ ત્યાર પછી શરમ રાખીએ અને માબાપ આપણને કુવામાં નાંખતાં હોય તે સહન કરીએ એતો મારૂં મન કબૂલ કરતું નથી. નાના હોઇએ અને પરણાવ્યા હોય તેની વાત જુદી છે કારણ કે તે વખતે આપણને તેવી પરીક્ષા હોતી નથી. તું બાળક છે? શું તું સારાસારમાં સમજતો નથી ? તારા પિતા તો કહેશે કે, એક ગાંમડીઅણ કુળવાન છે અને મારે તેની સાથે તારૂં લગ્ન કરવું છે તો શું તું તે મુંગે મોંઢે હા કહીશ ? અમદાવાદવાળાંએ તને ધનનો લોભ આપ્યો છે તે તરફ ખેંચાઇ જતો નહિ. તું ભણ્યો ગણ્યો છે; તારે પૈસાને શું કરવો છે? કાલે સવારે તું નોકરી લેવા નીકળીસ તો તને ૧૦૦-૧૫૦ની જગ્યા મળશે!

કેસવ૦—રસિકભાઇ ! તેવું કંઇ નથી ? મારા પિતાથી મને પુછ્યા વગર કંઇ થાય તેમ નથી પરંતુ મારાથી તેમને કંઇ કહેવાતું નથી. અલબત્ત, હું આમાં કંઇ નિશ્ચય કરી શક્યો નથી પરંતુ મારૂં મન આના તરફ લાગેલું છે. આ ઘર ઘણું સારૂં છે. એમની રીતભાત અને હોંશથી હું

પ્રસન્ન થયો છું પણ—

'પણ—શું કેસુભાઇ! કન્યા તમને નથી ગમતી ?'

ચંદાભાભી ! મને સાંભળો, પછી તમે અભિપ્રાય આપજો. મર્યાદા મુકી મારે સગાંને કહેવું પડશે કે 'હું મુંબાઇવાળા ઘરસાથે સંબંધ જોડવા ઇચ્છું છું' એટલુંજ.

એટલું કહેતાં તમે શરમાતા હશો નહિ વારૂ. ઠીક સમજાવતાં આવડે છે ? અમદાવાદવાળાનો અનુભવ લેવો અને કન્યા જોવી ત્યારપછી આમને ઉત્તર આપવો એવું તમારા મનમાં છે અને તમે કાલે છબી જોતા હતા તે ઉપરથી હું સમજી છું. પણ ખાત્રી રાખજો કેસુભાઇ ! કે એ કન્યા ગમે તેવી હશે તોપણ આની તુલનામાં નહિ આવે અને જન્મારો બગડશે !

રસિક૦—તમે એના વતીની બહુ વકીલાત કરો છો ?

શા માટે ના કરૂં. મને એ પસંદ પડી છે. તમે બે દોસ્તદાર અને અમે બે પણ સહીઓ. કેસુભાઇ કોઇ ગામડીઉં પકડી લાવે અને તે આ ઘરમાં આવે તો કેવું દેખાય ? હું તો એને બોલાવું એ નહિ અને કાંહી બહાર જવું હોય તોય એની સાથે જઉં નહિ. આ કેવી ફેશનેબલ છે ? બોલવા ચાલવામાં જાય તેવી છે કે શું ?

કેસવ૦—ઠીક છે, ચાલો ચાહ લાવો ચાહ !

અહીં પીવી છે ? જાવ દિવાનખાનામાં બેસો ત્યાં લઇ આવું છું.

રસિકલાલ અને કેસવચંદ્ર દિવાનખાનામાં ગયા અને તેમણે એ વાત ઉપર એક બીજાના મનના ખુલાસા કરવા માંડયા. રસિકલાલે કેટલીક અગત્યની બાબતો જે પોતાના સંસારમાંથી અનુભવ ઉપર આવેલી હતી તેનાં ઉદાહરણ આપી કેસવચંદ્રને ઉત્તમ અને ભણેલી સ્ત્રી પસંદ કરવાનો આગ્રહ કર્યો એટલામાં ચંદાગૌરી ચાહના પ્યાલા લાવી અને ત્રણે જણ દિવાનખાના વચ્ચે મુકેલા ગોળ ટેબલ ઉપર ચાહ પીવાને બેઠાં. હજી તો તેમણે ચાહને મુખે પણ અડકાડી નહોતી એટલામાં ગજરા આવી પહોચી. ચાકરીને પાછો જવાનું કહેતાં, તેનો ઘાંટો સાંભળીને ચંદાગૌરી ખુરશી ઉપરથીજ મુખ ફેરવી જોતી હતી એટલામાં ગજરી દિવાનખાનના બારણા આગળ આવી અને ત્રણેને સાથે બેઠેલાં જોઇ શરમાઇ અવળી ફરી ગઈ.

સંભ્રમથી આડી ફરતી ગજરીના કાનના હિરના એરિંગને ઝબકારે મંદ હશી કેશવચંદ્રના સામું જોઇ ચંદાગૌરી ખુરશી ઉપરથી ઉભી થઇ અને બોલી કે—'આવોને તમારે સારૂજ ચાહ પીવાની વાટ જોઇ બેઠાં છીએ.'

ચંદાને પોતાની તરફ આવતી જોઇ ગજરી વધારે પાછી ફરી રસોડુ અને બીજી સુવાની ઓરડી હતી ત્યાં આગળ ઓથે જઇ ઉભી એટલે ચંદાએ પાસે જઈ કહ્યું કે—' આવો આવો, દિવાનખાનામાં આવોની ! ત્યાં કોણ છે ! '

'ના, મારાથી નહિ અવાય,' ગજરીએ શરમાતાં શરમાતાં ઉત્તર આપ્યો.

' હું જરા ફૂટી છું વધારે બોલતી લાગું તો માફ કરજો પણ હવે શરમાવાનું કંઇ કારણ નથી. કોનાથી શરમાવ છો ? અમારે ઘેર શરમનું નહિ બને ! અમારે ને કેસુભાઇને કેવું છે તે તમે જાણોછો !

પણ રસિકભાઇ બેઠા છે તેથી હું બહું શરમાઉંછું. એમને તો મેં આજેજ જોયાની !

હશે, ચાલો ચાલો. ચાહ થંડી થઇ જશે.

રસિકલાલે ચંદાગૌરીને બોલાવી અને ચંદા સમજાવી પટાવી ગજરીને દિવાનખાનામાં લઇ આવી. બે મિત્રો ટેબલઆગળ ખુરશીપર બેઠેલા હતા અને ચંદા ગજરીને લઇ સામે ગાદી તકીએ બેઠી. ચંદાએ ધાટીને ખુમ મારી એક પ્યાલો ભરી મંગાવ્યો. રસિકલાલ અને કેશવચંદ્ર ચાહ પીવા લાગ્યા અને ચંદાએ તથા ગજરીએ પણ પીવા માંડી.

દિવાનખાનામાં મૌન પ્રસર્યું. ગજરી શરમાઇ ગઇ તેનું મન અરધું અરધું થઇ જવા માંડયું. વાળીને એક હાથે ઉંચી ઝાલી રાખી આડું જોઇ ચાહ પીવા લાગી ત્યારે ચંદાની આંખો અને મુખ હાસ્યથી અને આનંદથી કેશવચંદ્ર અને ગજરીના સામે જોવા અને ખુશ થવા લાગ્યાં. રસિકલાલે ગજરીને જોઇ નહોતી, તે તેને જોઈ પ્રસન્ન થયો. તેના રૂપ તથા ગુણની તેને એક ક્ષણમાં પરીક્ષા થઇ ગઇ. કેશવચંદ્રના ભાગ્યને તે મનમાંને મનમાં ધન્યવાદ દેવા લાગ્યો અને હતું પણ તેવુંજ. ચૌદ પંદર વર્ષની કન્યા, ગૃહસ્થાઇમાં અને લાડ કોડમાં ઉછરેલી કન્યા કંઇ નહાની નહોતી. તેના અંગ ઉપરનાં ઓઢણી ચણીયોજ તેને કન્યા કહેવરાવતાં હતાં. ગજરીનું શરીર જાડું પણ નહિ તેમ પાતળું પણ નહિ એવું સાધારણ હોઇ તેને ઉંચી અને પાતળી સોનાની લાકડી જેવું લાગતી હતી. તેનું મુખ ગોળ

શણગારદાર હતું. તેના હાથ પગ તેની સ્વચ્છતા અને મનની ચંચળતા બતાવી આપતા હતા. તેના ઉપર શરમ અને સમજણની છાપ હતી. મુંબાઇનો સુધારો, મુંબાઇની કેળવણી અને મુંબાઇની ફેશન તેનામાં હતી. ગજરીનો પોશાક, તેની બેસવાની ઢબ, બોલવાની ગંભીરતા અને ચતુરાઇ કોઇ પણ કેળવાયલા વરને તેને પરણવાની ઇચ્છા કરાવે તેવાં હતાં તો પછી કેશવચંદ્ર જેવો રસિક તેના તરફ ખેંચાય તેમાં શી નવાઇ !

ચાહ પી રહ્યા પછી કેટલી વાર મૌન રહ્યું; પછી ચંદાગૌરીએ બોલવું શરૂ કર્યું. ગજરીના ઓરિંગ સંબંધી પ્રથમ કૌતુકતાથી વાત ઉપાડી ચંદાગૌરીએ તેને ઘરેણાં, લુગડાં વગરે સંબંધી પ્રશ્ન પુછ્યા અને તેણે ધીરા ગંભીર પુરૂષ વર્ગની મર્યાદા સાચવતા લજ્જાથી નમ્ર થતા ઉત્તર દીધા કર્યા. કેશવચંદ્ર અને રસિકલાલ પોતામાં વાતો કરતા પરંતુ ગજરાના બોલ તરફ ધ્યાન આપતા, મિથ્યા પુસ્તક ઉઘાડી તેમાંથી કંઇ વાંચવાનું મિશ લેતા તેમની વચ્ચે થતી વાત રસથી સાંભળતા અને ગજરીનાં વચનઉપરથી, ભાષા ઉપરથી તેની રીતભાત, વિદ્યા અને રૂપનું તોલન કરતા હતા. ચંદાગૌરી વાત લેવામાં અને માણસનું મન ઉકેલાવવામાં ચતુર હતી. ધીરે ધીરે વાતમાં લઇ તેણે ગજરીને, જે પ્રારંભમાં શરમાતાં શરમાતાં વાત કરતી હતી તેને ખુલ્લા દિલથી બોલવાની ઢબ ઉપર આણી અને પછી કહ્યું કે, 'તમે હજુએ મને, લજ્જામાં બેઠાં છો એમ વાત કરતાં ભાવે ? તમે મને તોળેલા શબ્દોમાં ઉત્તર આપો છો અને મનમાં લજવાવ છો નહિ વારૂ ? આ લોકો બેઠા છે તેમાં તમને બેસતાં અને બોલતાં નહિ ફાવતું હોય, ચાલો, આપણે પેલા ઓરડામાં જઇને બેશીએ.' ચંદાગૌરી આમ કહીને ઉઠી અને બીજા ઓરડામાં લઇ જઇ તેની સાથે વાત કરવા મંડી. વાતમાં ને વાતમાં ગજરીના મનમાંની લજ્જા તેણે કાઢી લીધી અને બહાર લગભગ પાંચ વાગવાનો વખત થયો.

દિવાનખાનામાં બેઠેલા મિત્રોએ તેમના ગયા પછી ખુલ્લા શબ્દોમાં કેટલીક વાતો કરી અને પાંચને ટકોરે તેમને વિચારમાંથી જગાડયા એટલે કેશવચંદ્ર પેલી ઓરડીમાં આવ્યો અને બોલ્યો કે, ' ચંદાભાભી ! બહુ વાતમાં પડયાં હો એમ લાગે છે ?'

કેશવચંદ્ર અંદર આવતાંજ ગજરી ખુરશીઉપરથી ઉભી થઇ ગઇ અને ચંદાગૌરી, જે એક સોફામાં સુખથી બેઠેલી હતી તે ટટાર થઇને સ્વ-

સ્થ બેસતાં બોલી-' આવો કેસુભાઇ ! તમને પરણાવવા છે એટલે મારે વાતો કરવી ના પડે ?'

ગજરી પેલાના ચંદા તરફના આગમને વધારે આગળ વધી બારી આગળ જઈ કમળ નાળ જેવા હાથ ઉપર મસ્તક ટેકાવી તથા આંખ કાન અને મનને પાછળ ફેંકતી અને મનમાં હસતી લજવાતી બારીએ ઉભી રહી. કેશવચંદ્ર ગજરી બેઠી હતી તે ખુરસી ઉપર ચંદાના સામે બેઠો એટલે ચંદાગોરીએ કહ્યું કે-'કેસુભાઇ ! તમે તે કેવા માણસ છો ? હું કહું છું, આ કહે છે, સહુ કહે છે તેને કોઇને તમે મન જ ટાઢી આપતા નથી? આ લોક તમારી શુશ્રુષા કરી કરીને વાજ આવ્યાં, પેલાં ગુલાબ બેન બિચારાં વાત કરી થાક્યાં પણ તમે કંઇ બોલતા જ નથી. આ વહુએ તમને મળ્યાં અને તમે તેમને વહુ ગમ્યાં, તમે તો મને અક્ષરે કહેતા નથી પણ મારાથી કંઇ ગુપ્ત રહે છે. હવે શું કરવાને તેમને ટટળાવો છો? આ જુવોને કેવાં થઇ ગયાં ? તે દહાડે મને મળ્યાં ત્યારે એમનું શરીર કેવું હતું. બિચારાં તમારે લીધે સુકાઇ ગયાં તમને તે દયા છે કે નહિ ? આજથી આવા દયારહિત થશો તો આગળ શું કરશો ? ગજરા ! તમે હવે શું કરવાને માટે શરમાવ છો ? આમ જુઓ આમ ! ચંદા સોફા ઉપરથી ઉભી થઇ એટલે ગજરી હસી.

કેશવચંદ્ર—' ચંદા ભાભિ ! એ વાતને વારંવાર પુછવાનું શું કારણ છે ? મારા ઉપર તમને કે એમને વિશ્વાસ નથી ? '

ગજરીને ખભે હાથ દઇ—' મને તો વિશ્વાસ છે તમારાં ' આમને વિશ્વાસ નથી અને એમના ઘરને વિશ્વાસ નથી.'

' મને તમે એમને અવિશ્વાસ કરવા જેવો ગણાવશો નહિ. જાવ આજે જ, ગુલાબ શેઠાણીને કહેવરાવો કે મારા તરફની ના નથી, જરૂર જરૂર '

ગજરીના કાનમાં આ શબ્દો સાંભળતાં અમૃત રેડાયું. તેના હૃદયમાં આનંદનો ઉભરો આવ્યો અને બીજું કંઇ ન બોલતાં તે પોતાની પાસે ઉભેલી ચંદાના પ્રતિ બોલી કે. ' હવે મને જવા દો ?'

' ગુમડું ફુટયું ને વૈદ્ય વેરી કે ? '

' એવું કંઇ બોલશો જ માં. મને હવે રજા આપો. '

' હવે રજા નહિ અપાય, કંસાર જમીને જાવ. '

' ચંદા ભાભિ ? તમે ઘણું બોલો છો ? આટલું બધું શું છે ? ' કેશવ

ચંદ્ર ખુરશી ઉપરથી ઉભો થયો અને બોલ્યો.

તમે પણ બહાર જતા નહિ, રહો. હું આવું ત્યાં સુધી અહીંજ ઉભાં રહો. ચંદાગૌરી બહાર ગઇ, રસોડાનું બારણું ઉઘાડ્યું અને ગોળ લઇ અંદર આવી. ચંદાગૌરી બહાર ગઇ અને ગોળ લઈ બે મિનિટ પહેલાં તો પાછી આવી દરમીઆન તો કેટલીવાર ગજરીની આંખો ઉંચાં થઇ થઈ કેશવચંદ્રના સામું જોયું, કેટલીવાર હૃદય હસ્યું અને કેટલીવાર તિર્યક્ દર્શન થયાં, તારામૈત્રક થયાં અને ઉભયનાં મન હસી રહ્યાં.

ચંદાએ ગોળ લઇ ઓરડામાં પેસતાં 'એ અહીં આવોની' કરી બુમ પાડી રસિકલાલને બોલાવ્યો અને તેના આવતાંની સાથે તમારા 'કેસુભાઇ મિત્રનો આ મારી તમારી સમક્ષ વિવાહ થયો તેના ગોળ ધાણા.' એમ કહી રસિકલાલના હાથમાં ગોળ ધાણા આપ્યા અને હસી.

ગજરી રસિકલાલ આવતાં બારી તરફ ફરી ગઇ અને કેશવચંદ્ર બોલ્યો કે, 'આ જુઓની, ચંદાભાભિ! ઘેલાં થયાં છે.'

'હશે, એ ઘેલી થઇ છે તેને ઘેલી કહીશું પણ હું ગોળ ધાણા ખાઉં કે?'

'હા, હા, ઠીક પુછ્યું' ચંદાગૌરી તાળી પાડી બોલી–'હું તો એ ભૂલી ગઇ હતી એમની રજા લઇને ગોળ ધાણા ખાવા જોઇએ. તમે કેસુભાઇની રજા લીધી ત્યારે હુંય કન્યાની રજા લઉની?

આનંદમાં મગ્ન થયેલી ચંદાગૌરીએ ગજરીની પાસે જઇ તેના હાથમાં ગોળ આપ્યો અને બોલી કે 'કેમ રજા છે ને, ખાઉં કે' આડી નજરે કેશવચંદ્ર અને રસિકલાલના તરફ દૃષ્ટિ ફેંકી હશીને ગજરીએ મુખ મલકાવ્યું અને સઉએ ગોળ ધાણા ખાધાં. 'જો જો, હમણાં રામચંદ્ર શેઠને ત્યાં પણ અમૃતના વરસાદ વરસાવી આવું છું' એમ કહી ચંદાગૌરી બોલી કે, 'ગજરા વહુ! ઉભાં રહો. ચાલો હું કપડાં પહેરી તમારી સાથે તમારે ઘેર આવું છું.' રસિકલાલને—'આવો મને પેલું—કબાટ ઉઘાડી આપો.' બેઉ ધણીધણીઆણી બહાર ચાલ્યાં એટલે કેશવચંદ્ર પણ પેલી ઓરડીમાં ઉભો ન રહેતાં તેમની પાછળ ચાલ્યો. ગજરી એકદમ ઓરડી તરફ ફરી ગઇ અને કેશવચંદ્રે ઓરડીના ઉંબરમાંથી નીકળતાં પાછું વાળીને જોયું અને બેઉની આંખો એક થતાં અવર્ણનીય આનંદનો ઉભરો થઇ આવી બેઉ હસ્યાં અને કેશવચંદ્ર દિવાનખાનામાં આવ્યો.

દિવાનખાનામાં આવી ચંદાગૌરીએ કપડાં પહેરવા માંડ્યાં તે દરમી-

આન ત્રણે જણ વચ્ચે ઘણી વાતો થઇ. પેલેજ વડી હોય તેમ આદેશક વાણીથી ચંદાગૌરીએ વાત કરી અને આનંદના પુરમાં ને પુરમાં બોલીકે, 'આ હું ત્યાં જાઉછું અને જેકોરને ખાત્રી આપી આવુંછું. એટલે છે પ-છી હુંછું અને તમે છો !'

'સૂર્ય પશ્ચિમમાં ઉગશે પણ ચંદાભાભીનું વચન નહિ જાય'

રસિક—'હશે, તે ખઇ છે પરંતુ આજ કંઇ વાત કરતાં નહિ.'

'શા માટે નહિ કરૂં ?'

'કરજો, કરજો અને કરજો.' કેશવચંદ્ર તેને ખુશ કરતાં બોલ્યો, 'પણ કાલે હું જવાનો છું.'

'ભલે આજ જાવની ?'

'એમ નહિ.'

'ત્યારે આમને કાલે અહીં બોલાવવાં છે ? એમ'

કેશવચંદ્ર હશીને બોલ્યો કે—'હા. કાલે આવે.'

'ઠીક છે,' એમ કહી કપડાં પહેરી ચંદાગૌરી બહાર ગઇ અને ગ-જરાને બોલાવી કહ્યું કે, 'ચાલો, ગજરાબેન કહું, કે ગજરાવહુ કહું, કે ગજરા ભાભી કહું ?''

.'તમને ગમે તે કહો' ગજરીએ પ્રસન્ન આભારભર્યા અંતઃકરણે ઉત્તર આપ્યો.

'તમે સાંભળ્યું એમણે કહ્યું કે કાલે આવજો.'

'ઠીકછે, તમારી સેવામાં હાજર થઇશ' ગજરીએ આગળ વધતાં જ-વાબ આપ્યો અને બેઉ જણ દાદર ઉતરી ચાલ્યાં. રસ્તાઉપર આવી આગળ વધતાં માથે ઓઢવાને મિશે ગજરાએ બેચાર ઉંચુ જોયું. કેશવચંદ્ર બારીએ નહોતો એટલે આગળ ચાલી પરંતુ તેનું મન પેલી મેડીમાં મુકતી ગઇ.

પ્રકરણ ૭ મું.

ચંદાગૌરીએ ખાત્રી આપ્યાથી રામચંદ્રના ઘરનાંને આશા વળી અને તેઓ તથા કન્યા શાંત પડયાં. જે દિવસે ગજરી ચંદાને મળી અને ચંદાએ જેકોર શેઠાણીને મળી વાત કહી તે રાતેજ જેકોર શેઠાણીએ રામચંદ્રને કહ્યું.

રામચંદ્રને સ્ત્રીઓના કહેવા ઉપર હજી વિશ્વાસ આવ્યો નહિ. તેના મનમાં એમ હતું કે, જાનીવાળાઓએ જ્યારે તેને મદદ નહિ તોપણ

આંગળી બતાવીને મદદ કરેલી છે ત્યારે કેસવચંદ્રના બાપથી તેઓનું મોઢું ઉઘાડાશે નહિ. સ્ત્રીઓની વાતમાં જો કે કંઇ સાર હશે અને કદાપિ કેશવચંદ્રે તેમને દાબ આપી હશે તથાપિ તેનાથી પણ બાપના ઉપરિક થવાશે નહિ. મોંઢથી જેકોર શેઠાણીને શેઠે પોતાની પ્રસન્નતા બતાવી પરંતુ તેના મનમાં થતા આવા વિચારોએ તેને વાતમાં બેધ્યાન જેવો પ્રતીત કર્યો અને પુરૂષોનાં હૃદય વાંચવામાં નૈસર્ગિક કૌશલ્ય ધરાવતી સ્ત્રી જાતથી તે ગુમ રહ્યું નહિ. રામચંદ્રનું થતી વાતનું દુર્લક્ષ જોઇ શેઠાણી હસીને બોલી કે, 'મોંઢે તમે વાત કરો છો, અને મનમાં કંઇ વિચારો છો નહિ? ગજરીના વિવાહ કરતાં બીજી કોઇ વાત તમારા મનમાં વધારે અગત્યની હોય તો બોલોની હું વળી બીજે પ્રસંગે તમને કહું'.

'તમારી વાતમાં મારૂં લક્ષ છે અને વિચાર કરૂં છું તે પણ એનોજ છે.'

'હવે તમે બીજો વિચાર કરશો નહિ. હવે તો લગનની તૈયારીઓના જ વિચાર કરજો. આવતી કાલે એ જવાનો છે પણ મેં એમ વિચાર કર્યો છે કે તેને નક્કી કહી દેવું અને માર્ગશિર્ષમાં લગન થાય.'

'ભલે, કહેજો.'

'ના તમારા મનમાં કંઇક અવિશ્વાસ છે? મારા સમ! શું હજી તમને એમ લાગે છે કે નહિ થાય?'

'મને જરા શંકા રહે છે. સ્ત્રીઓસરનું કામ તેના ઉપર કેમ લગનની તૈયારીઓ થાય? એનો બાપ ના પાડશે તો શું એ ઉપરિક થઇને કરવાનો છે? બલીવાળાઓ સાથેની જુની મોહોબત તેઓ એમને ના પાડી તોડી નાંખશે?'

'હા, તોડી નાંખશે? એ કન્યા તો હજી બાળક છે, અને આને તો હવે બડીએ ઘુંટ ભરાય છે તે જાણો છો?'

'ઠીક છે. ઇશ્વર જે કરે તે ખરૂં.' રામચંદ્ર નરમ પડતાં બોલ્યા. જેકોર સાથે નકામો વાદ કરવો તેને ઠીક લાગ્યો નહિ, અને ચંદુલાલના આવવાથી વાત બંધ થઇ. ચંદુલાલે માતપિતા પાસે આવી બીજી કેટલીક વાતો કરી ત્યારે રામચંદ્રની શંકાએ પાછું જેકોરના હૃદયમાં પણ બેસણું મેળવ્યું.

કેશવચંદ્રને જવાનો વખત થવા આવ્યો અને ગુલાબ ગજરીને લઇ ચંદ્રગૌરીને ત્યાં ગઇ ત્યાં સુધી રામચંદ્રના ઘરમાં ફરીને એ વાત નીકળી નહિ. ગુલાબ સાસુને કહી ગઇ કે અમે રાતના કેશવચંદ્રના ગયા પછી

રસિકલાલને ઘેરથી આવીશું. ઘરમાં કોઇ મ્હોતું અને જેકોરના મનમાં એક વાર કેશવચંદ્રને કંઈક વ્હાલ ભર્યાં વચન કહેવાની હોંશ હતી એટલામાં આઠેક વાગ્યાને અમલે ચંદુલાલ બહારથી આવ્યો. પુત્રને જોઈ માતાના મનમાં કેશવચંદ્રને બોલાવવાનો વિચાર સ્ફુર્યો અને તેણે કહ્યું કે-' ચંદુ ! તું કેશવચંદ્રને મળ્યો ! એ ગાડી ઉપર ગયા !'

'આ ! હું તો એ ભુલીજ ગયો. ગાડી તૈયાર છે ત્યારે હું એમને મળી આવું ? '

ચંદુલાલની આવી બાબતના જોઇ જેકોરને કેટલા વિચાર આવ્યા અને ક્ષણવારમાં તેના મનમાં કેટલીઘાર દુખું પખું થયું પછી-' જા, અને વખત હોય તો આપણી ગાડીમાં એમને અહીં લઇ આવજે. કેટલા દહાડા થયા મને તો એ મળ્યાજ નથી. '

' ચાલ જાઉં ત્યારે. ' ચંદુલાલ નીચે ઉતર્યો અને રસિકલાલને ત્યાં ગયો. રસિકના ઘરઆગળ સ્ટેશન ઉપર જવાની તૈયારી થઇ રહી હતી. વિકટોરીઆ નીચે ઉભી હતી અને ઘાટી સામાન લાવી મુકતો હતો. ચંદુલાલની ગાડી આવી અને કોચમેનને ઓળખી કેશવચંદ્રની સાથે-' આ વજો આવજો, જો જો ભુલતા ' એમ બોલતી ગુલાબ વહુ બોલી ઉઠી કે ' લ્યો, એય તમને મળવા આવ્યા દેખું ? '

' ચંદુભાઇએ તસ્દી લીધી ' એમ કહી કેસવચંદ્ર હસ્યો અને ચંદાએ દાદરે ઉતરતાં તેના કપાળમાં કંકુનો ચાંલ્લો કરી વિદાયગિરી આપી. ગજરીથી બાબીને લીધે કંઈ કહેવાયું નહિ પરંતુ તેની આંખે તેના રસ્તાનું કુશળ ઇચ્છું, હૃદયે તેના હૃદયમાં જઈ વાત કરી અને દાદર ઉતરતાં તેની આંખે કેશવચંદ્રને તેના મનમાં રહેલી વાત-કહી દીધી. તે નીચે ઉતર્યો અને સ્ત્રીઓનાં મુખ ઉપરનાં આનંદસૂર્યની સાથે જેમ સુનેરી કિરણોનો અસ્ત થાય તેમ મંદ પડી ગયો. ગજરીની આંખમાં કનિનીકાને છાઇ રહે એટલું આછું જળ ભરાયું અને ચંદાગૌરીની પાંપણો પલળી. દાદર આગળથી તેઓ રસ્તા ઉપરની બહારીએ ગયાં અને જ્યારે કેશવચંદ્ર તથા ચંદુલાલ રામચંદ્ર શેઠવાળા બ્રુમમાં બેઠા ત્યારે ચંદાથી બોલાઇ જવાયું કે, કેસુભાઇ ! સંભાળીને જજો, કાગળ લખજો.'

બ્રુમમાંથી મસ્તક બહાર કાઢી કેશવચંદ્રે ઉંચું જોયું, છ આંખોને જુદા જુદા ભાવ ભરી જોઇ અને હાથથી 'વારૂ' એમ જણાવ્યું. ગાડીઓ

અપાઇ બંધ આગળ ચાલી. એક બારોબાર ચર્નિરોડ તરફને રસ્તે ચાલી અને બીજીએ ભુલેશ્વર તરફનું વલણ લીધું ત્યાં સુધી સહુ બારીએથી જોઇ રહ્યાં.

ચંદુલાલ કેશવચંદ્રને લઇ પોતાને ઘેર આવ્યો ત્યારે જેકોર તેની વાટ જોઇ ઉભાં રહ્યાં હતાં. ગાડીમાંથી ઉતરી બેઉ જણ ઉતાવળા ઉતાવળા ઉપર આવ્યા અને આનંદથી ભરાઇ જતે મહોંડે સામાં આવતાં જેકોર શેઠાણીએ કહ્યું કે, 'કેશવચંદ્ર બે દિવસથી જણાયા નહોતા તેથી ચંદુનાં જીજી તો મોંમાં જીભ પણ ઘાલતાં નહોતાં.'

કેશવચંદ્ર હસી ગયો અને સઉ મંચ્છામાના ઓરડામાં દાખલ થયાં. કેશવચંદ્ર અંદર પેસતાં બોલ્યો કે, 'મંચ્છામા હું અત્યારે જાઉંછું.'

મંચ્છાડોશી ખુરશી ઉપરથી ઉભાં થતાં હતાં તેમને તેમ કરતાં વાર કેશવચંદ્ર સામે ઉભો રહ્યો અને મોટા જાડા 'મેગનીફાયર' ગ્લાસનાં સોનાનાં ચસ્માં આંખે ચઢાવી ડોશી તેના સામું જોઇ હસી અને બોલી કે, 'બાપુ સંભાળીને જજો, મેં તો જાણ્યું કે હું તમને જતી વખતે નહિ સાંભરૂં પણ સાંભરી ખરી. આ ઘરને તમે વિસારશો તોપણ એ તમને વિસારશે નહિ અને તમને અમારૂં ચાલશે તો આ ઘરને વિસરવા દઇશું પણ નહિ. તમને કોઇ વાત કહેવા જેવી હશે તે કહેવાયલી છે અને તેપર લક્ષ રાખજો, આ ઘરથી બાપુ તમો અને આ ઘર સુખી થાય એમ વિચાર કરજો. તમારા જેવો મારી વહુને પૂન્ય મળે અને હું નવા જોડાને આશીર્વાદ દેવા પામું એવી મને બહુ હોંશ છે.' મંચ્છાડોશીની આંખમાં આનંદનાં આંસુ આવ્યાં અને પાસે ઉભેલાં જેકોરના હૃદયમાં વાત્સલ્યનો ઉભરો આવ્યો એટલે કેશવચંદ્રે નીચા પડી મંચ્છામાને પ્રણામ કર્યા અને કહ્યું કે, 'ઘરડાંના બોલ કોઇથી ઉથ્થાપાય છે-હવે ચાલો ચંદુભાઇ.'

કેશવચંદ્ર આગળ થયો એટલે જેકોર શેઠાણીએ ચંદુની પાછળ દાદરસુધી જઇ 'કેશવચંદ્ર ! કાગળપત્ર લખજો અને મંચ્છામાએ કહ્યું તે યાદ રાખજો' કેશવચંદ્રે શરમથી સામુ જોયુ નહિ એટલે ફરીને, 'અને લ્યો આ વિદાયગીરી' તેણે સામું જોયું અને જેકોરની આંખનું અપાર વાત્સલ્ય તેના જોવામાં આવ્યું. પ્રસન્ન અંતઃકરણે તેણે એક 'ગીની' કેશવચંદ્રના હાથમાં મુકી અને બેઉ મિત્ર નીચે ઉતરી ગાડીમાં બેઠા. વખત ઘણો થઇ ગયો હતો તેથી ગાડી જોરથી ચર્નિરોડ તરફ ચાલી.

નામાંકિત વિદ્વાન અને અનુભવી

ગુર્જર સાક્ષરોની કસાયેલી

કલમથી લખાતું માસિક,

નીતિવારિધિ.

અને

સરસ્વતી.

પ્રયોજક,

અમૃતલાલ ઉત્તમરામ શેઠ,

અમદાવાદ.

વાર્ષિક લવાજમ.

રૂ. ૧—૦—૦ અગાઉથી.

(પોસ્ટેજ રૂ. ૦—૧—૦.)

ન્હાનામાં ન્હાનું અને સોંઘામાં
સોંઘું ગુજરાતમાં આજ
માસિક છે.